સરસપુરમાં છેલ્લા ૩૦ વર્ષના વતની અને સામાજિક કાર્યકર ડૉ. ઇંદુભાઈ શાહનો જન્મ કચ્છ જિલ્લાના મુંદ્રા ગામે ગર્ભશ્રીમંત નગરશેઠને ત્યાં થયો હતો. નાનપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી હોવા છતાં પ્રેમાળ કાકા ડૉ. કાંતિલાલ હાથીભાઈ શાહ તથા કાકી ચંદનાબેન કા. શાહે માતા-પિતાની ખોટ પૂરી અને તેમની છત્રછાયાએ જીવનમાં આગળ વધવાનું અને સૌને મદદરૂપ થવાનું પ્રેરકબળ પૂરું પાડ્યું.

તેમના બંને કાકા તબીબ છે અને ઇ.સ. ૧૯૩૫માં નાના કાકા ડૉ. પ્રભુભાઈ શાહ તથા કાકી જડાવબેન સાથે તેઓ અમદાવાદમાં આવી વસ્યા. તેમની પ્રેમાળ દેખરેખ નીચે તેમના બાળપણની શરૂઆત થઈ.

બાળ મંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ અમદાવાદમાં લઈ અમદાવાદને જ તેમની કાર્યભૂમિ બનાવી. ડૉ. પ્રભુકાકાના નિખાલસ અને સેવાભાવી સ્વભાવથી ઇંદુભાઈના જીવનમાં પણ સેવાભાવના મહત્ત્વની બની અને તેમણે ડૉક્ટર બનવાનો સંકલ્પ કર્યો. ગરીબ, પીડિત અને દુઃખી માનવ બંધુઓની શક્ય તેવી બધી જ રીતે સેવા કરવી એવું ઝાંખુ ઝાંખુ સ્વપ્ન તેમનાં બાળ માનસમાં આકાર લેવા માંડ્યું, જે આગળ જતાં તેમને માત્ર ડૉક્ટર તરીકે જ બનાવીને ન અટકી ગયું પણ રાજકારણમાંના તેમનાં પ્રવેશનું પણ નિમિત્ત બની ગયું.

ડૉ. ઇંદુભાઈના પિતાનું નામ પ્રીતમલાલ હાથીભાઈ શાહ અને માતાનું નામ જીવતીબેન – જે માંડવી તાલુકાના રહેવાસી હતા. મોટા કાકા ડૉ. કાંતિભાઈનું કુટુંબ હજુ પણ અમદાવાદ ખાતે વસે છે જ્યારે નાના કાકા ડૉ. પ્રભુલાલનું કુટુંબ હાલ હૈદ્રાબાદમાં વસે છે. તેમના છ પિત્રાઈ ભાઈઓ અને બે પિત્રાઈ બહેનો સૌ સાથે સંયુક્ત કુટુંબમાં ઉછેર થયો હોવાથી ઇંદુભાઈને સગા ભાઈ બહેન જેવો જ પ્રેમ મળ્યો.

સેવાભાવી સ્વભાવ અને સૌને મદદરૂપ થવાની ભાવનાથી શ્રી ઇંદુભાઈએ ડૉક્ટર થયા હોવા ઉપરાંત અન્ય સામાજિક સંસ્થા દ્વારા પણ સામાજિક કાર્ય કરવાની પ્રવૃત્તિ ચાલુ જ રાખી છે. પરંતુ સામાજિક કાર્યોમાં અનુભવે તેમને સમજાયું કે રાજકારણના પ્લેટફોર્મના અભાવે આવા કાર્યો કરવામાં ઘણી જ તકલીફ પડે છે. સમાજની અસમાનતા, જડતા દૂર કરવા માટે અને અસરકારક સામાજિક કાર્ય કરવા માટે રાજકારણનું પીઠબળ તેમને જરૂરી અને અગત્યનું લાગ્યું. જેથી રાજકારણમાં ઝંપલાવ્યું. "શરૂઆતમાં થોડો ડર પણ લાગ્યો હતો કે આ ગંદવાડમાં ક્યાં પડ્યા?" પણ કોઇએ હુરિયો ન બોલાવ્યો કે મજાક ન કરી એટલે હિંમત આવી ગઈ કે હવે વાંધો નહીં આવે. તબીબ, યુવાન રાજકારણી અને સામાજિક કાર્યકર એવા શ્રી ઇંદુભાઈ દેખાવે અત્યંત સાદા, સરળ અને રાજકારણી તરીકે ખૂબ જ વિનમ્ર રીતભાતનાં છે એમ કોઈને તેમની સાથેની થોડી વાતચીત દરમિયાન જ લાગ્યા વિના ન રહે.

તેમના રાજકારણમાં પ્રવેશ પહેલાના પણ અનેક સામાજિક કાર્યો હતા. તેઓ બાલ્કનજી બારીમાં અને રેડ ક્રોસ સોસાયટી સાથે સંકળાયેલા હતા. તે ઉપરાંત છ વર્ષ સેન્ટ જોન્સ એમ્બ્યુલન્સમાં સેવા આપી, વિમા કામદાર યોજનાના યુનિયનમાં સલાહકાર તરીકે હજુ કાર્યરત છે. સરસપુર મેડિકલ એસોસિએશન, અમદાવાદ યુવક સંઘ જેવી અનેક નાની મોટી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઇન્ડિયન કલ્ચર ઓફ સોશિયલ વેલફેરમાં ૧૯૭૨થી ઍડવાઈઝર છે.

આ સંસ્થા અમદાવાદ શહેરમાં પ્રેમ દરવાજા, અસારવા અને પાલડી વિસ્તારોમાં ત્રણ રેન બસેરા ચલાવે છે. જ્યાં સૂવાથી માંડીને રહેવા સુધીની, નહાવા ધોવાની તમામ વ્યવસ્થા માત્ર એક રૂપિયાના ટોકન ભાડાથી મળે છે. તે સિવાય શહેરમાં ચાર ઘોડિયા ઘર પણ આ સંસ્થા ચલાવે છે, જે વ્યવસાયી બહેનો માટે આશિર્વાદ સમાન નીવડ્યા છે.

સમગ્ર સરસપુર વિસ્તારની શાળાનાં વાલીઓ અને શિક્ષકોના બનેલા સરસપુર વાલી શિક્ષક સંઘના તેઓ ગઈ સાલ સુધી પ્રમુખ હતા. આ વર્ષે ઍડવાઈઝર છે. આ સંઘે અમદાવાદના અશાંતિના સમયમાં પણ આ વિસ્તારમાં શાંતિ જાળવવાના પ્રયાસો કર્યા છે. મુલાકાત દરમિયાન ડૉ. ઇંદુભાઈએ બહુ આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું કે વાલી-શિક્ષક સંઘ એ એવા પ્રકારનું સંગઠન છે કે જેના દ્વારા આ વિસ્તારની શાળાઓમાં પરીક્ષા લેવામાં તથા તેવા જ પ્રયત્નમાં સફળ થઈ શકીશું.

કોંગ્રેસ (આઈ) સાથે છેલ્લા બાર તેર વર્ષથી સંકળાયેલા શ્રી ઇંદુભાઈ આજે મ્યુનિસિપલ કોર્પોરેટર હોવા ઉપરાંત સરસપુર વોર્ડ કોંગ્રેસ (આઈ)ના મંત્રી પણ છે અને કોંગ્રેસ (આઈ)ની વિચારસરણી હેઠળના મજદૂર યુનિયન સાથે છેલ્લા ૧૩ વર્ષથી સક્રિય રીતે સંકળાયેલા છે. જેમાં તેઓ ઉપપ્રમુખ છે. હાલમાં તેઓ હેલ્થ કમિટીના સભ્ય તરીકે વી. એસ. બોર્ડ અને એલ.જી. હોસ્પિટલમાં લીગલ કમિટી (મ્યુનિ.)ના ડેપ્યુટી ચેરમેન પદે નિમાયા છે.

પોતાના જીવન ધ્યેયને સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે, લોકાભિમુખ કાર્યો કરી માનવતાનું જીવન વાસ્તવવાદી બનાવવું અને તેમને સાચી સમજ આપી કોઈ પણ ક્ષેત્ર હોય, સામાજિક, શૈક્ષણિક કે તબીબી કે વ્યવહારિક – તેમાં સામાજિક કાર્યો કરતા રહેવું અને જીવન ઉપયોગી અને પરોપકારી રીતે જીવવું. આની વિશેષ સમજ આપતા તેમના જીવનમાં ઊંડી પ્રેરણા મૂકી ગયેલ એક પ્રસંગને સમજાવ્યો. 'હું સ્કૂલમાં ભણતો હતો ત્યારની વાત છે. આ (સરસ્વતી હાઈસ્કૂલ - સરસપુર) અમારી સ્કૂલમાં તે વખતે જુદી જુદી પ્રવૃત્તિના જુદા જુદા વિભાગો હતા. દા.ત. રમતગમત, શાળા, વિજ્ઞાન શાળા, સાંસ્કૃતિક શાળા વગેરે શાળાઓ હતી. તે બધા જે તે શાળાઓના જુદા જુદા મંત્રીઓ વિદ્યાર્થીઓમાંથી જ ચૂંટાતા હતા. આ વખતે હું વિજ્ઞાન શાળાનો મંત્રી હતો. અમારી શાળામાં તે વખતે પણ લોકશાહીનું શિક્ષણ આપવા માટે અમારા આચાર્ય ડૉ. રઘુભાઈ નાયક ચૂંટણી પદ્ધતિથી શાળાની ચૂંટણી દર વર્ષે યોજતા હતા.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૧ ઉપર)**

# સવાલ અમારો...
# જવાબ તમારો.....

મણકો 33

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*
*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. આઈ.ટી. તથા વસ્તીપત્રક સમિતિના કન્વીનર તરીકે ________ ની અને સહ કન્વીનર તરીકે ________ ની નિમણુંક કરવામાં આવી હતી.
(શ્રી હિરેન કુંવરજી શાહ, શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા, શ્રી વિશાલ મહેન્દ્ર ચમનલાલ શાહ, શ્રી વિશાલ મહેન્દ્ર વિશનજી શાહ, શ્રી મનીષ આણંદજી વીરા)

૨. શ્રી ખીમજી દેવજી છેડાએ ________ નું દાન કર્યું હતું. (અંગદાન, કિડની દાન, ચક્ષુદાન)

૩. દ્રૌપદીએ ________થી આશિર્વાદ લીધા. (ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર)

૪. ૧૯૭૮ના શ્રી કચ્છી જૈન સમાજ સમારંભમાં વિશિષ્ટ વિદ્યાર્થી તરીકે ________ ને રૌપ્ય ચંદ્રક એનાયત કરવામાં આવેલ હતો. (ચેતન ધરોડ, અતુલ ધરોડ, ચૌલાબેન કુરૂવા)

૫. હેતલબેન રેવારે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં ________ના કોર્સમાં પ્રવેશ લીધો.
(ફિઝીયોથેરાપિસ્ટ, બ્યુટી થેરાપિસ્ટ, નર્સિંગ કોર્સ)

૬. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ ________ નામના વિજ્ઞાનીએ કરેલી.
(થોમસ આલ્વા એડિસન, રૂડોલ્ફ ડીઝલ, ડૉ. જગદીશચંદ્ર બોઝ)

૭. કચ્છ ________ પંખી જેવું છે. (ચાતક, યાયાવર, ફિનિક્સ)

૮. 'પંજાબ કેસરી' તરીકે જાણીતા જૈનાચાર્યનું જન્મ સ્થળ ________ છે. (વડોદરા, અમદાવાદ, સુરત)

૧૦. છાતીમાં દુઃખાવા વખતે આ ગોળી ________ ઉપયોગી થાય.
(ECOSPRIN, DISPRIN, COLORIN)

## • ડિસેમ્બર-૨૦૨૫ના અંકના મણકા–૩૨ ના સવાલોના સાચા જવાબો •

૧. સમાજની સેવાકીય પ્રવૃત્તિનો સપ્ટેમ્બર મહિનામાં કુલ **૩૬,૩૯૯** વ્યક્તિઓએ લાભ લીધો હતો અને છેલ્લા ૧૨ મહિનામાં કુલ **૪,૧૦,૧૨૨** વ્યક્તિઓએ લાભ લીધો હતો.

૨. સમાજના સ્વામિવાત્સલ્ય કાર્યક્રમના દિવસે કેન્સર નિદાન ટેસ્ટ માટે **૧૪૦** રજિસ્ટ્રેશન થયા હતા.

૩. શૂન્યતામાં **પાનખર** ફરતી રહી, પાંદડીઓ **આભ**થી ખરતી રહી;
ને પવનનું **વસ્ત્ર** ભીનું થઈ ગયું, ચાંદનીની **આંખ** નીસરતી રહી.

૪. ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને માઇગ્રેશન કન્સલ્ટીંગ સંસ્થામાં સમાજની બે બહેનો છે : **સીમા શાહ** અને **બીના શાહ.**

૫. રોગની રસીનો શોધક **મોરીસ હિલમેન** હતો.

૬. ગતિની દિશા માટે **સઢ** જવાબદાર હોય છે.

૭. પાણીનું એક ટીપું સરોવરમાં પડે તો તેની કોઈ ઓળખ રહેતી નથી પરંતુ તે કમળના પાન ઉપર પડે તો **મોતીની** જેમ ચમકી ઉઠે છે.

૮. કલકત્તાનું કલાત્મક મંદિર શ્રી રાયબહાદુર બદ્રીદાસજીએ **માતા**ની પ્રેરણાથી નિર્માણ કરાવેલ.

૯. ૧૦ ઓક્ટોબર દિવસનું નામ **માનસિક સ્વાસ્થ્ય દિવસ** છે.

૧૦. જ્યાં પ્રેમ, સેવા **કરુણા**નો દીવો પ્રગટે છે, ત્યાં જ સાચી દિવાળી ઉજવાય છે.

***મણકા-૩૨ (મંગલ મંદિર ડિસેમ્બર-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. કવિતા વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૨. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૩. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૪. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૫. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૬. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૭. રીદ્ધિ આશિષ પારેખ – બોપલ, અમદાવાદ
૮. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૯. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૧૦. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૧૧. હેતા કેતન દલાલ – સિંધુ ભવન રોડ, અમદાવાદ
૧૨. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૩. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. વિપુલ રમણિકલાલ ગોસર – પાલડી, અમદાવાદ
૧૫. દમયંતીબેન દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૧૬. ફાલ્ગુની ડી શાહ – નવરંગપુરા, અમદાવાદ
૧૭. હસમુખ શાહ – અડાલજ
૧૮. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૯. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૨૦. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૧. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૨. શાનવી ડી. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૩. કંચનબેન નરેન્દ્રભાઈ સંઘવી – નવા વાસણા, અમદાવાદ
૨૪. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૫. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૬. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૨૭. ધર્મેશ એ. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૮. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૨૯. નિશિત ગિરીશ શાહ – અમદાવાદ
૩૦. અમરીષ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૩૧. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૩૨. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૩૩. નીલમ એચ. સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૩૪. માનસી મંથન – રાણીપ, અમદાવાદ
૩૫. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૬. પીયૂષ હરિલાલ મોરબીયા – પાલડી, અમદાવાદ
૩૭. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩૮. મુકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રા મહેન્દ્ર શાહ | – પ્રહલાદ નગર, અમદાવાદ | મો. ૯૪૨૬૮ ૬૭૮૦૯ |
| ૨. | નવનીત ત્રિકમલાલ પટેલ | – બોપલ, અમદાવાદ | મો. ૯૮૨૪૧ ૫૯૨૨૧ |
| ૩. | મીનાક્ષી રજનીકાંત પારેખ | – પાલડી, અમદાવાદ | મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૪. | રમણિકલાલ કુંવરજી ગોસર | – પાલડી, અમદાવાદ | મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૫. | રોનકબેન આઈ. શેખ | – કાલુપુર, અમદાવાદ | મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ ***નોંધ :*** *(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઈન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઈન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)

★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

*ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)*

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*

*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક આભાર પત્ર

અમે અત્યંત હર્ષ અને કૃતજ્ઞતાભાવ સાથે આપણી સંસ્થા દ્વારા આયોજિત 'સક્ષમ' કાર્યક્રમો માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસ, વ્યક્તિત્વ નિર્માણ અને જીવનકૌશલ્યો વિકસાવવાની દિશામાં અદ્વિતીય અને અત્યંત પ્રભાવશાળી સાબિત થયા છે.

'સક્ષમ' કાર્યક્રમમાં નિયમિત અને સક્રિય સહભાગીતા દ્વારા અમને જીવનની મુળભૂત આવશ્યક્તાઓ, મૂલ્યો અને કૌશલ્યો વિશે અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. આ કાર્યક્રમો દ્વારા અમે નીચે મુજબના મહત્ત્વપૂર્ણ પાસાઓ શીખ્યા છીએ.

★ **જીવનશૈલી :** સંતુલિત અને સકારાત્મક જીવન કેવી રીતે જીવવું, દૈનિક દિનચર્યામાં શિસ્ત અને નિયમિતતા કેવી રીતે જાળવવી, સમય વ્યવસ્થાપન કેવી રીતે કરવું તથા જીવનમાં પ્રાથમિકતાઓ કેવી રીતે નક્કી કરવી તે વિસે વ્યાપક સમજ મળી છે.

★ **અભ્યાસ પદ્ધતિ :** અસરકારક અને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કેવી રીતે કરવો, એકાગ્રતા કેવી રીતે વધારવી, યાદશક્તિ સુધારવાની તકનિકો, પરીક્ષાની તૈયારી માટેની યોગ્ય વ્યૂહરચના અને શૈક્ષણિક ધ્યેયો પ્રાપ્ત કરવાના માર્ગો સમજવા મળ્યા છે.

★ **સ્વાસ્થ્ય સંભાળ :** શારીરિક સ્વાસ્થ્ય કેવી રીતે જાળવવું, સંતુલિત આહારનું મહત્ત્વ, યોગ અને વ્યાયામની જરૂરિયાત તથા સકારાત્મક માનસિકતા કેવી રીતે વિકસાવવી તે અંગે ઉપયોગી માર્ગદર્શન મળ્યું છે.

★ **ભવિષ્ય આયોજન :** ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્ય માટે કેવી રીતે લક્ષ્યો નક્કી કરવા, કારકિર્દીની યોગ્ય દિશા કેવી રીતે પસંદ કરવી, નાણાંકીય સાક્ષરતાનું મહત્ત્વ તથા સતત શિક્ષણ અને વ્યક્તિગત વિકાસ પ્રત્યેની જવાબદારી સમજવા મળી છે.

આપણી સંસ્થાનું નિઃસ્વાર્થ, સમર્પિત અને સેવાભાવી કાર્ય અમને અત્યંત પ્રભાવિત કરે છે. સમાજના બાળકોને યોગ્ય માર્ગદર્શન અને કૌશલ્યો પ્રદાન કરી તેમને સક્ષમ નાગરિક બનાવવાનો આપણો પ્રયાસ અનુકરણીય છે. અમને મળેલું સર્વાંગી માર્ગદર્શન, જ્ઞાન અને અમૂલ્ય અનુભવો બદલ અમે આપના હૃદયથી આભારી છીએ.


આપની સમગ્ર ટીમ, શિક્ષકો, માર્ગદર્શકો અને સંસ્થાના સર્વ સભ્યોનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આશા છે કે આવા ઉત્કૃષ્ટ કાર્યક્રમો ભવિષ્યમાં પણ સતત ચાલુ રહેશે અને વધુને વધુ બાળકો આનો લાભ મેળવી શકશે.

સાદર અને કૃતજ્ઞતાપૂર્વક...

***– માન્યતા એમ. શાહ, ચાર્મિ એમ. શાહ***

# અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

## હેમાંગી રાઠોડ : હિંમત અને પરિવર્તનની સફરની કહાની



હેમાંગી રાઠોડ. ૨૧ વર્ષીય પત્ની તથા માતા, સાહસ અને સંકલ્પનો જીવતો દાખલો છે. પરિવારની આર્થિક તંગી વચ્ચે, તેમને ૧૮ વર્ષની નાની ઉંમરે લગ્ન કરવા પડ્યા. જેના કારણે તેમના સપનાઓ અધૂરા રહી ગયા. હેમાંગી પોતાના પતિ, સંતાન અને સાસરીયાઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે. તેમના પતિ એક શો રૂમમાં હેલ્પર તરીકે કામ કરે છે અને દર મહિને રૂા. ૨૫,૦૦૦/- કમાય છે, જે પરિવારમાં વધતી જરૂરિયાતો માટે પૂરતું નહોતું.

લગ્ન અને સમય પહેલાં જવાબદારીઓના કારણે હેમાંગી આગળ ભણતર ન મેળવી શકી. નાની ઉંમરની હેમાંગી ઘરની બહાર પગલા ભરવામાં વારંવાર ભય અને સંકોચ અનુભવતી પણ તેમનું જીવન ત્યારે બદલાયું જ્યારે તેમણે અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં બ્યુટી થેરાપિસ્ટનો કોર્સ શરૂ કર્યો. આ તાલીમને કારણે તેમને માત્ર વ્યવસાયીક જ્ઞાન નહીં પણ તેમનો આત્મવિશ્વાસ પણ વધ્યો. પ્રથમ વખત હેમાંગીએ અનુભવ્યું કે તેઓ પોતાની એક અલગ ઓળખ ઊભી કરી રહી છે.

હાલમાં હેમાંગી વધારે આત્મવિશ્વાસ સાથે જીવે છે. મહેનતથી પોતાના અને તેમના સંતાનના સપનાઓને પૂર્ણ કરવાના પ્રયત્ન કરે છે. એટલું જ નહીં, હવે તેમના સાસુ-સસરા, પતિ અને ઘરના બીજા સભ્યો તેમના અને તેમના કામ પર ગર્વ લે છે. અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે હેમાંગી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને ગર્વભેર કહે છે, “હવે મને લાગે છે કે ઘરની ચાર દીવાલોથી બહાર પણ મેં મારી ઓળખ બનાવી છે.”

ગીતા મંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયીક બંને પાસાંઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે. વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

*અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ.*

*હોમ કેર / એટેન્ડન્ટનો / ઘરે બ્યુટી પાર્લર સંપર્ક કરવા માટે : ૭૮૬૨૮ ૪૩૦૯૨*

*એક મંદિરમાં લખેલું સુંદર વાક્ય : તમે બીજાઓ માટે ક્યારેક કંઈક માંગીને તો જુઓ, તમારે પોતાના માટે કંઈ માંગવાની જરૂરત જ નહીં પડે.*


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# સફળતાના શિખરે : લેખાંક-૨

હિરેન કે. શાહ

## સમાજની દીકરી : સંગીતા વિશાલ ગડા

દરેક મહિલામાં એક કલાકાર રહેલો હોય છે. પણ જરૂર એવી છે કે આ કળા બહાર લાવવાની હોય છે. પોતાનામાં રહેલી કળાને પોતાની મહેનત અને હોંશિયારીથી સાર્થક કરવા તત્પર રહેનાર મહિલાઓમાંની એક મહિલા આપણા સમાજની એક દીકરી **સંગીતા વિશાલ ગડા** છે કે જેઓએ કલા ક્ષેત્રે ગુજરાત, મુંબઇ, મધ્યપ્રદેશ અને ભારતભરમાં ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કરેલ છે.



**સંગીતા વિશાલ ગડા**

તેઓનો જન્મ વર્ષ ૧૯૮૦માં અમદાવાદ મુકામે થયેલ છે. સંગીતા ગડાને નાનપણથી જ પોતાના પરિવાર દ્વારા કલાને આગળ વધારવાનું પ્રોત્સાહન મળેલ છે. નાનપણથી જ ઇન્ટર સ્કૂલ, ઇન્ટર કોલેજમાં ચિત્રની કોઈપણ હરીફાઈ હોય તો સંગીતાને અચૂક તેમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન મળતું અને સંગીતા તેમાં વિજયી પણ બનતી. ૧૬ વર્ષની ઉંમરે પિતા શ્રી મણિલાલ નાનજી ગાલા (કચ્છમાં ગામ-દેવપુર)નું અવસાન થયું. સંગીતાના માતુશ્રી મણિબેનની મમતાની ભાવના તેમની આ કારકિર્દીના કલા ક્ષેત્રે નવું પગરણ કરવા પગદંડી બન્યા. કુટુંબમાં પોતે ચોથા નંબરની દીકરી. એમ પાંચ બહેનો અને એક ભાઈએ પોતાની જવાબદારીઓ સ્વીકારી અને ભણતરની સાથે વ્યવસાયિક રીતે પણ આગળ વધ્યા.

કાગળ કે કેન્વાસ ઉપર ઉતરેલું ચિત્ર, એ માત્ર એક ચિત્ર નથી પણ એ કલાકારની આત્માનો અવાજ હોય છે. એક કલાકારની સફર હંમેશાં રોમાંચક, સંઘર્ષ અને પ્રેરણાથી ભરેલી હોય છે. અડચણોને અવસરોમાં પલટાવવાનું બીડું ઝડપીને પ્રાથમિક, માધ્યમિક, કોમર્સ અને છેવટે કલાક્ષેત્રે આગળ વધવાની ઝંખનાથી સંગીતાએ ફાઇન આર્ટસ (કોમર્શિયલ આર્ટ)માં અમદાવાદથી પદવી મેળવી. પછી તો કલા ક્ષેત્રે અનેક શિખરો સર કરીને સંગીતા સાચી કલા સાધક બની. વર્ષોથી મનમાં ગાંઠ વાળી છે કે આ ક્ષેત્રમાં સંઘર્ષ તો છે જ પરંતુ હું કંઇ કરીને બતાવીશ! આ વિચારને જીવનમાં સાર્થક કરવા પ્રથમ તબક્કે – અનેક પ્રવાસો કર્યા અને સાથે ઘણા ચિત્રો પણ બનાવ્યા. જેમાં અમદાવાદની પોળો, ચાંપાનેર, સાપુતારા, અમદાવાદના વારસા સમાન ઘણા સ્થાપત્યો, જૈન સ્થાપત્યોની સાથે પ્રકૃતિને પણ તેમણે પોતાના ચિત્રોમાં આગવી શૈલીથી કંડારી. બાદમાં મુંબઈની આર્ટ સોસાયટી ઓફ ઇન્ડિયા અને ગુજરાતની કલા પ્રતિષ્ઠાન જેવી સંસ્થાઓ સાથે જોડાઈ કલાકારો વચ્ચે રહી, ધગશથી કામને વધુ વેગ આપ્યો.

વોટર કલર જેવા અઘરા માધ્યમની સાથે વૈવિધ્યપૂર્ણ કાર્ય કરવાની સુઝ સંગીતાના ચિત્રોમાં બખૂબી વખણાઈ છે. છાયા પ્રકાશ તથા રંગોનો તાલમેલ, રંગોની પસંદગી, ચોકસાઈપૂર્વકનો અભ્યાસ, પેપર પર ત્રિપરંપરિમાણી રચનાઓ જોનારની દૃષ્ટિને ત્યાં જ અટકી જવા મજબૂર કરી નાંખે છે. શેરીઓ, દરિયાના મોજા, ઐતિહાસિક સ્મારકો, વ્યક્તિ ચિત્રો તથા મોરના ટહુકારને તેમણે કેનવાસ પર અસંખ્યવાર ઊતાર્યા છે. કુદરતી સ્થળે જ્યાં પણ જવાનું થાય ત્યારે ચિત્ર બનાવવાની તક હાથમાંથી ન જાય તે માટે ખાસ એક નાની કીટ તે હંમેશાં સાથે રાખતાં.

પાલડી ખાતે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન થવાનું હતું ત્યારે પોતાની કળાના ૧૫ જેટલા પેઇન્ટિંગ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાને ભેટ સ્વરૂપે આપ્યા ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીઓએ તેને ખૂબ વધાવીને સન્માન પણ કર્યું.

વર્ષ ૨૦૦૬માં પ્રથમ વ્યક્તિગત પ્રદર્શનને કલા રસિકોએ ખૂબ વધાવ્યું. પ્રદર્શનોમાં વડીલો શ્રી હીરજીભાઈ પાસુભાઇ શાહ અને શ્રી અશોકભાઇ મહેતા અચૂક જતાં અને સંગીતાને હંમેશાં આ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહન પણ આપતા. ત્યારબાદ સંગીતાએ ઘણા બધા પ્રદર્શનો કર્યા, નવા નવા પ્રયોગો સાથે ગુજરાતમાં તથા ભારતભરમાં પોતાના વ્યક્તિગત પ્રદર્શનો અને સાથે ગ્રુપ-શો પણ કર્યા અને કલા પ્રત્યેની પોતાની સજાગતાને કારણે અત્યાર સુધી ૧૨થી વધુ વ્યક્તિગત પ્રદર્શનો કર્યા છે. સાથે ઘણા બધા સામૂહિક પ્રદર્શનો પણ કર્યા છે

સંગીતા, કલા ક્ષેત્રે એક પછી એક પગથિયાં ચડતા રહ્યા. વર્ષ ૨૦૦૯માં વિશાલ વસનજી મેઘજી ગડા (બાડા) સાથે

મુંબઈમાં સ્થાયી થયા. પતિ વિશાલ સાથે સાસુ-સસરા પણ કલાનું મહત્ત્વ સમજ્યા ને સંગીતાને ઘરમાં આવેલી વહુને વહુ ન ગણતાં દીકરીનો દરજ્જો આપીને કલામાં આગળ વધવામાં હંમેશાં સહભાગી રહ્યા.



વર્ષ ૨૦૧૨થી ફરી એકવાર સંગીતા અમદાવાદમાં સહપરિવાર સ્થાયી થયા. આ સમય દરમિયાનમાં પણ કલાની સફર ચાલુ રહી અને વર્ષ ૨૦૧૩માં દીકરી જીશાનો જન્મ થયો. આ સમયે પણ પહેલેથી જ પ્રદર્શનની તારીખો નક્કી હોવાથી દીકરી સાત મહિનાની થઈ ત્યારે ગોવા ખાતે વ્યક્તિગત પ્રદર્શન પણ કર્યું અને સાથે દીકરીને લઈને હવે નાના નાના આઉટડોર પણ કર્યા અને કલાને જીવંત રાખી. દીકરી અને માતા પેઇન્ટીંગના વર્કશોપમાં સાથે જ જવા લાગ્યા અને પ્રદર્શનો પણ થતા રહ્યા. બાદમાં વર્ષ ૨૦૧૮માં પરિવાર મુંબઈ સ્થિત થયો છે. આમ હવે સંગીતા અમદાવાદ અને મુંબઈ ખાતે – બંને જગ્યાએ કાર્યરત છે.

સંગીતાએ ઘણા બધા ઍવોર્ડ્સ પણ લીધા છે. જેમાં યુનેસ્કો દ્વારા સતત ત્રણ વખત ગોલ્ડ મેડલ, ગુજરાત પુરૂષાર્થ ઍવોર્ડ, શેઠ જી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ ઍવોર્ડ, પાંચમું પુરૂષાર્થ ગુજરાત ગૌરવ ઍવોર્ડ, ગુજરાત કલા પ્રતિષ્ઠાન ઍવોર્ડ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી ઍવોર્ડ તથા તાજેતરમાં જ ફીન્ટેક્સનો મધ્યપ્રદેશનો ઍવોર્ડ મોખરે છે.

સ્પેશિયલ ઍચિવમેન્ટની રીતે જોઈએ તો વર્ષ ૨૦૦૮માં કાંકરિયા કાર્નિવલના પ્રથમ ઉદ્દ્ઘાટન પ્રસંગે ૧૫૦૦ મીટરની રંગોળીનો કોન્સેપ્ટ તેમણે રજૂ કર્યો હતો, સાથે વર્ષ ૨૦૧૭માં વડનગરના પેઇન્ટિંગની એક સિરીઝનું પેઇન્ટિંગ અત્યારે દિલ્હીની પીએમઓ ઓફિસમાં પ્રદર્શિત છે. સાથે-સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સંસ્થા માટે ગુજરાતના સીએમ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પોટ્રેટ શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રોગ્રામ માટે સંગીતાએ ભેટ સ્વરૂપે બનાવ્યું હતું. સંગીતાના મુંબઈ જહાંગીર આર્ટ ગેલેરી ખાતેના વ્યક્તિગત પ્રદર્શને સમાજમાં એક ઊંડી છાપ છોડી છે. જેમાં સંગીતાએ પોતાના જ અમદાવાદ ખાતેના ઘરમાં આવતાં મોર ઉપરના કલાત્મક પેઇન્ટિંગ્સને ત્યાં રજૂ કર્યા હતાં.

સંગીતા ઘણી બધી જગ્યાએ કામ કરવા માટે ભારતભરમાં રેસિડેન્સીના પ્રોગ્રામમાં પણ જાય છે. જેમાં ભાવનગર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ભોપાલ, ઉત્તર પ્રદેશ તથા ગુજરાતના ઘણા બધા કાર્યક્રમોમાં પણ તે જોડાયા છે. ઘણી બધી જગ્યાઓમાં આર્ટ ટીચર તથા આર્ટ તજજ્ઞ તરીકેની ભૂમિકા પણ નિભાવે છે. યુથ ફેસ્ટીવલમાં તજજ્ઞ તરીકે જોડાય છે. આમ સંગીતા પોતાની કલાયાત્રાને આગળ ધપાવી રહ્યા છે.

સંગીતા કહે છે કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો એનું માપદંડ ખાલી પુરુષાર્થ જ છે. પુરુષાર્થ ન હોય તો સિદ્ધિ પણ ન મળે.

તેમના કહેવા પ્રમાણે કલાના ક્ષેત્રમાં સમાજ ઘણીવાર કળાને માત્ર એક શોખ તરીકે જુએ છે. પણ કલાકાર માટે તો તે જીવન જ છે. પોતાની કળાને ઓળખ અપાવવા માટે લોકોની ટીકાઓ સહન કરવી અને આર્થિક પડાકારો સહન કરવા એ બધું કલાકારની કસોટી જ કરે છે! હા, જે આ તબક્કે હાર નથી માનતો તે જ સાચો કલાકાર, સાચો સર્જક બને છે. કલાકાર એ છે, જે વર્ષોના રિયાઝ અને પ્રેક્ટિસ પછી પોતાની કલ્પનાઓને ભેગી કરીને એક દુનિયા રચે છે. અને આ તબક્કે જ કલાકારને પોતાની આગવી ઓળખ મળે છે. એક કલાની સફરનો ક્યારેય અંત આવતો નથી. કલાકાર આજીવન વિદ્યાર્થી રહે છે. દુનિયાને સુંદર રીતે જોવી અને બીજાને તે દૃષ્ટિ બતાવવી એ જ કલાકારનો સાચો ધર્મ છે.

કારકિર્દીની આ યાત્રામાં એક આર્ટિસ્ટ તરીકે સંગીતા ગડા પોતાને ધન્ય માને છે.

*શ્રીમતી સંગીતા વિશાલ ગડા*
***સરનામું :*** ૪, અવંતી બંગલોઝ, બિલેશ્વર મહાદેવ રોડ, બંધન પાર્ટી પ્લોટની સામે, જોધપુર ગામ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. • **મો. ૯૮૨૧૨ ૭૦૫૦૦**

## કચ્છી હાઈકુ

ધરા ધોબેતી
કૂકર્મ પાપજી ને
માડુ ધ્રેજેતો!

દરિયો ઓટ
તોફાનથી માડુ ધ્રેજે
નેરે ધોનિયા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*

આપણા ડૉક્ટર્સને પહેચાનો

## આપણા ડૉક્ટર્સને પહેચાનો

# મણકો - ૧૮ : ડૉ. જયશ્રીબેન ગણાત્રા

અશોક મહેતા

'મંગલ મંદિર'ની "આપણા ડૉક્ટર્સને પહેચાનો"ની કૉલમના મણકા નં.-૧૮માં આજે આપણે વાત કરીશું ડૉ. જયશ્રીબેન મયુર ગણાત્રાની કે જેઓ એક ડર્મેટોલોજિસ્ટ (સ્કીન સ્પેશિયાલિસ્ટ) ડૉક્ટર છે અને તેઓ છેલ્લા ત્રણ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં સેવા આપી રહ્યા છે.



**ડૉ. જયશ્રીબેન ગણાત્રા**
**M.D. (Skin)**

ડૉ. જયશ્રીબેન ગણાત્રાની જીવન યાત્રાની અન્ય કોઈ વાત આપણે કરીએ એ પહેલા એ હકીકત ધ્યાન પર લેવી ખૂબ જરૂરી છે કે તેઓએ તેમની જિંદગીભરની અત્યાર સુધીની મેડિકલ ક્ષેત્રની ૩૬ (૩૩ વર્ષ સરકારી અને ૩ વર્ષ નિવૃત્તિ પછીના) વર્ષની કાર્યવાહીમાં અંદાજિત ૫ થી ૬ લાખ દર્દીઓની ચકાસણી કરી, તેઓને તંદુરસ્ત જીવન જીવવામાં પૂરેપૂરી સહાય કરી છે. આ ભગીરથ સેવાકાર્ય બદલ આપણે ડૉ. જયશ્રીબેનને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા જ રહેશે.

તેઓશ્રી ભાવનગર જિલ્લાના બરવાળા તાલુકાના થેલાસા ગામના મૂળ વતની છે અને જ્ઞાતિએ લોહાણા સમાજના પરિવારના સભ્ય છે.

તેઓશ્રીનો જન્મ અમદાવાદમાં તા. ૨૩-૩-૧૯૬૦ના રોજ થયેલ હતો. તેઓશ્રીનું પ્રાથમિક ૧ થી ૬ ધોરણ સુધીનો અભ્યાસ ભાવનગર ખાતે અને ૭થી ૮ ધોરણનો અભ્યાસ નડિયાદ ખાતે થયેલ હતો. ત્યારબાદ તેઓ અમદાવાદ આવ્યા અને ૯થી ૧૦ ધોરણ અંકુર હાઈસ્કૂલ ખાતે અને ૧૧થી ૧૨ ધોરણ ગુજરાત લૉ સોસાયટીમાં રહીને ઉત્તીર્ણ કરેલ હતા. આ શાળાકીય અભ્યાસમાં તેમની વિશિષ્ટતા એ હતી કે તેમણે દરેક પરીક્ષામાં ૭૫ ટકા અથવા તો તેનાથી ઉપરની કક્ષાના માર્કસ મેળવેલ હતા.

ત્યારબાદ તેઓએ બી.જે. મેડિકલ કોલેજ - અમદાવાદમાંથી M.B.B.S. અને ESIS બાપુનગર જનરલ હોસ્પિટલમાં રહી M.D. (Skin) ની પદવી પ્રાપ્ત કરેલ હતી. GPSC Class-1 ડર્મેટોલોજિસ્ટની પરીક્ષા ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમાંકે રહી ઉત્તીર્ણ કરેલ હતી.

તેઓશ્રીના લોહાણા સમાજે તેમણે મેળવેલ ઉચ્ચ પદવી માટે તેમને ગોલ્ડ મેડલથી નવાજયા હતા.

સવિશેષમાં તેઓશ્રી જણાવે છે કે મારા માતા-પિતાની પ્રબળ ઈચ્છા અને મહેનતના કારણે હું ડૉક્ટર બની શકી. આ રીતે તેઓ ડૉક્ટર બની શક્યા તેનો સંપૂર્ણ યશ તેઓ તેમના માતા-પિતાને આપે છે.

***હવે આપણે તેઓશ્રીની ડૉક્ટર તરીકેની સેવાકીય કારકિર્દી તરફ દૃષ્ટિપાત કરીએ તો તે નીચે મુજબ રહેવા પામેલ છે.***

★ તેઓશ્રીએ સૌપ્રથમ સરકારી નોકરી સ્વિકારી વર્ષ ૧૯૮૯થી ૧૯૯૩ દરમિયાન ડિસ્ટ્રીક્ટ ટી.બી. હોસ્પિટલ - નવસારીમાં સેવા આપી કે જેની સાથે સાથે તેઓએ નેશનલ ટી.બી. પ્રોગ્રામની તાલીમ પણ મેળવી.

★ ત્યારબાદ તેઓશ્રીએ વર્ષ ૧૯૯૩થી ૧૯૯૯ સુધી ડિસ્ટ્રીક્ટ લેપ્રસી હોસ્પિટલ - નવસારી ખાતે પોતાની સેવાકીય ફરજ બજાવી.

★ વર્ષ ૨૦૦૦થી વર્ષ ૨૦૧૦ સુધી નવસારી સિવિલ હોસ્પિટલમાં વર્ગ-૧ ડર્મેટોલોજિસ્ટ તરીકે સેવા આપી.

★ વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૪ સુધી 'ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી' - મેઘાણીનગર, અમદાવાદ ખાતે ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી.

★ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૧ના નિવૃત્તિ સમય સુધી રૂક્ષ્મણી ગવર્નમેન્ટ હોસ્પિટલ - ખોખરા, મણિનગર, અમદાવાદમાં વર્ગ-૧ ડર્મેટોલોજિસ્ટ તરીકે સેવા આપી.

★ તેઓશ્રી આ તબક્કે જણાવે છે કે તેઓને તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન સરકારી વિવિધ તાલીમ મેળવવાનો તેમજ અન્યોને આપવાનો લાભ મળ્યો કે જેમાં નેશનલ ટીબી પ્રોગ્રામ, નેશનલ લેપ્રોસી પ્રોગ્રામ, HIV and AIDS કન્ટ્રોલ પ્રોગ્રામ વગેરેનો સમાવેશ થાય છે.

***નિવૃત્તિના સમય પછી પણ તેઓશ્રી પ્રવૃત્તિમય જીવન ગુજારે છે કે જેની વિગત નીચે મુજબ છે :***

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર.

૨. જીવરાજ મહેતા હોસ્પિટલ - વાસણા.

૩. અર્બન હેલ્થ સેન્ટર – જોધપુર, ન્યુ આંબાવાડી તથા ઘુમા, બોપલ.

અહીંથી તેઓએ સામાન્ય જનતાની સેવા કરવાનું ચાલુ રાખેલ છે તથા એવી પ્રબળ ઈચ્છા ધરાવે છે કે તેઓ તેમને નામથી નહીં પણ તેમના કાર્યથી તેમને ઓળખે.

હાલે તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં દરરોજ સાંજના ૪.૦૦થી ૫.૩૦ દરમિયાન સ્કીનના ડૉક્ટર તરીકેની પોતાની સેવા આપે છે અને દરરોજ ૧૨થી ૧૫ પેશન્ટને તેમની સેવાનો લાભ આપે છે.

તેઓશ્રી અઠવાડિયામાં ત્રણ દિવસ જીવરાજ મહેતા હોસ્પિટલ - વાસણા અને ત્રણ દિવસ અર્બન હેલ્થ સેન્ટર - જોધપુર, ન્યુ આંબાવાડી તથા ઘુમા - બોપલ અર્બન હેલ્થ સેન્ટરમાં સવારના ભાગે સેવા આપે છે. અહીં દરેક સ્થળે દરરોજના ૧૫થી ૨૦ દર્દીઓને તેમની સેવાનો લાભ મળી રહે છે.

તેઓશ્રી વિશેષમાં જણાવે છે કે તેઓએ તેમની રેસિડેન્સી દરમિયાન તથા સરકારી નોકરી દરમિયાન દરરોજના ૧૦૦થી ૧૨૫ દર્દીઓની સેવા કરેલ છે.

તેઓશ્રીએ કોટરાઈઝેશન, બાયોપ્સી, ઈન્ટ્રાલીશનલ થેરાપી, પંચ ટેસ્ટ, એલર્જી ટેસ્ટ વગેરે સાથે પણ દર્દીઓની સેવા કરેલ છે.

તેઓશ્રી જણાવે છે કે તેમની ડૉક્ટર તરીકેની કામગીરી ઉપરાંત તેમને વાંચન તથા કૂકિંગનો પણ સવિશેષ શોખ છે. ‘રસોઈ શો’માં તેઓશ્રીએ અવાર નવાર ભાગ લીધેલ છે.

તેઓના પરિવાર વિશે વાત કરીએ તો તેમના પતિ ડૉ. મયુર ગણાત્રા ઓર્થોપેડિક સર્જન (ગોલ્ડ મેડાલિસ્ટ) છે અને તેઓશ્રી નિધિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ - નવરંગપુરા, અમદાવાદ ખાતે ફુલ ટાઈમ સેવા આપી રહ્યા છે. ડૉ. જયશ્રીબેન જણાવે છે કે તેમના પતિ ડૉ. મયુર ગણાત્રાના સાથ-સહકાર અને માર્ગદર્શન વગર તેઓ તેમના જીવનમાં આટલા આગળ વધી શક્યા ન હોત.

તેમની દીકરી મિલોની દલાલ B.E. (Elect.), M.Tech., Ph.D. છે અને અમદાવાદ ઈન્ડસ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત રહેવા પામેલ છે.

તેમના જમાઈ ડૉ. નિશાંત દલાલ M.D. (Pharmacology) છે અને તેઓ ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ કંપનીમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકેનો ઉચ્ચ હોદ્દો ધરાવે છે. ડૉ. નિશાંત દલાલ, અમદાવાદના ખ્યાતનામ ફિઝીશિયન ડૉ. પીનાકિનભાઈ દલાલના પુત્ર છે.

તેમનો નાનો દીકરો તીર્થ B.Tech. (Civil), M.Tech. (Structure) થઈ પેરિસ (ફ્રાંસ)ની ESCP યુનિવર્સિટીમાંથી MBA in International Business Management ની ડિગ્રી પ્રાપ્ત કરી હાલ પેરિસમાંની એક વિખ્યાત કંપનીના ક્લાઈમેટ ચેન્જ વિભાગમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કાર્યરત રહેવા પામેલ છે.

આ રીતે ડૉ. જયશ્રીબેનનો સંપૂર્ણ પરિવાર ખૂબ જ ઉચ્ચ ધોરણનો એજ્યુકેટેડ પરિવાર છે અને આ પરિવારની દરેક વ્યક્તિ પોતાના સ્થાને રહી ખૂબ જ ઉચ્ચ દરજ્જાના કાર્યો કરે છે.

ડૉ. જયશ્રીબેન હાલે ૬૫ વર્ષની ઉંમરે પણ માત્ર અને માત્ર સેવાકીય ભાવનાથી અમદાવાદના વિવિધ ત્રણ સ્થળેથી પોતાની સેવાનો લાભ આપી રહ્યા છે.

આપણે તેમને તથા તેમના પરિવારના ખૂબ ખૂબ અભિનંદન આપી શુભેચ્છા પાઠવીએ. ■

## ‘અતિશ્રદ્ધા’ છે ‘અવળચંડી’ ‘વેવલાપણા’ના વાવેતર કરે...

યુરોપે અટપટા યંત્રો શોધી ફીટ કર્યા ફેક્ટરીમાં,
આપણે સિદ્ધિયંત્રો બનાવી, ફીટ કર્યા ફોટામાં.

પશ્ચિમે ઉપગ્રહ બનાવી ગોઠવી દીધા અંતરીક્ષમાં,
આપણે ગ્રહોના નંગ બનાવી મઢી દીધા અંગુઠીમાં.

જાપાન વિજાણું યંત્રો થકી સમૃદ્ધ બન્યું જગમાં,
આપણે વૈભવલક્ષ્મીના વ્રતો કરી ગરીબી રાખી ઘરમાં.

અમેરિકા વૈજ્ઞાનિક અભિગમથી બળવાન બન્યો વિશ્વમાં,
આપણે ધાર્મિક કર્મકાંડો થકી કંગાળ બન્યા દેશમાં.

પશ્ચિમે પરિશ્રમ થકી સ્વર્ગ ઉતાર્યું આ લોકમાં,
આપણે પૂજાપાઠ-ભક્તિ કરી, સ્વર્ગ રાખ્યું પરલોકમાં.

ઍડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબૂદ કર્યા જગમાં,
આપણે શીતળાના મંદિર બાંધી, મૂર્ખ ઠર્યા આખા જગમાં.

પર્યાવરણ પ્રદૂષણથી જ્યારે જગત આખુ છે ચિંતામાં,
આપણે વૃક્ષો જંગલો કાપી લાકડા ખડક્યા ચિતામાં.

વાસ્તુશાસ્ત્રનો દંભ ને વળગાડ, લોકોને પીડે આ દેશમાં,
ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં; ઠગનારા ઘણા છે આ દેશમાં.

સાયન્ટીફિકલ બ્લડ ચેક કરી, એન્ગેજમેન્ટ કરે પશ્ચિમમાં,
સંતાનોને ફસાવી જન્મ કુંડળીમાં, લગ્ન કુંડાળા થાય આ દેશમાં.

લસણ-ડુંગળી-બટાકા ખાવાથી પાપ લાગે આ દેશમાં,
આખી ને આખી બેંક ખાવા છતાં, પાપ ન લાગે આ દેશમાં.

*ઝલક ડી. સંઘવી - અમદાવાદ*
*મો. ૮૮૪૯૮ ૬૦૬૩૦*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૩-૧૨-૨૦૨૫**

- સર્જન ડૉ. તપન શાહની બે Sebaceour cysts ની પ્રોસીજર કરવામાં આવી. ENT વિભાગમાં ડૉ. તેજલ શાહની કાન સાંધવાની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ સર્જરી વિભાગમાં સવારે ૧૦.૩૦થી ૧૨ અને સાંજે ૩.૩૦ થી ૫.૦૦ માં ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવ્યો. જેનો કુલ ૧૭ દર્દીઓએ લાભ લીધેલ હતો. તે પછી જો ઑપરેશન કરાવવાનું થાય તો રાહત દરે કરી આપવાનું નક્કી થયેલ હતું.

**તા. ૧૨-૧૨-૨૦૨૫**

- લેબોરેટરીમાં આર.ઓ. પ્લાન્ટમાં TDS વધારે આવતા હોવાથી રીપોર્ટમાં તકલીફ ન રહે એ માટે નવું રેઝીન બદલવામાં આવ્યું.

**તા. ૧૫-૧૨-૨૦૨૫**

- ફિઝીયોથેરાપી વિભાગની અંદર એક દરવાજો હોવાથી ભોંયરામાં ઈમરજન્સી વખતે બહાર નીકળવામાં તકલીફ ન પડે એ માટે બીજો ઈમરજન્સી દરવાજો લગાવવામાં આવ્યો.

**તા. ૨૦-૧૨-૨૦૨૫**

- આજરોજ સર્જીકલ ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવેલ. તેમાં ૧૯ દર્દીઓએ લાભ લીધેલ હતો.

**તા. ૨૧-૧૨-૨૦૫**

- સ્ટોરકિપરશ્રી પાસેથી એપોઇન્ટમેન્ટ્સ વગેરે લખવા નવા વર્ષની ડાયરીઓ મંગાવવામાં આવી.

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૨-૧૨-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે કચ્છી વિશ્રામ ગૃહ ખાતે ભવન તેમજ રૂમ તથા કેન્ટીનની મુલાકાત લીધેલ હતી.

**તા. ૩-૧૨-૨૦૨૫**

- રજનીભાઈ પારેખ, કે.ડી. શાહ તેમજ ગિરીશભાઈ પોલડિયાએ ભવનની તેમજ ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

**તા. ૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ ભવનની મુલાકાત લીધેલ હતી.

**તા. ૭-૧૨-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે ભવનની મુલાકાત લીધી હતી. સાફ-સફાઈની ચકાસણી કરેલ હતી.

**તા. ૧૩-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડાયાલિસિસ સેન્ટરમાં ઑડિટ આવેલ. તે ડૉ. દિલીપ રામાવત, કમલેશભાઈ શાહ, એમ.ડી. ડૉક્ટરે તેમજ કૃષ્ણકાંત મોદી તથા જાવેદભાઈએ ઑડિટના યોગ્ય ડોક્યુમેન્ટ પૂરા પાડેલ હતા.

**તા. ૧૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કેતન શાહે કેન્ટીનના આર.ઓ.ના રીપેરીંગનો ઓર્ડર આપેલ હતો.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૨૪-૧૧-૨૦૨૫**

- આજ રોજ નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ ખાતે MD INDIA તરફથી ઈન્સ્પેક્શન થયેલ હતું.
- ડૉ. કપીલ ભાટીયા દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૨૬-૧૧-૨૦૨૫**

- આજ રોજ નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ ખાતે MD INDIA તરફથી ઈન્સ્પેક્શન થયેલ હતું.

**તા. ૧૫-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મૌલી વોરા (ન્યુરોફિઝીશિયન) દ્વારા બોપલ મેડિકલ સેન્ટર ખાતે દર શનિવારે સવારે ૧૧ થી ૧૨ વાગે OPD શરૂ કરવામાં આવેલ હતી.

**તા. ૨૯-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા. ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ત્રણ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ ડૉ. હિતેન્દ્રભાઈને નવેમ્બર-૨૦૨૫ મહિનાનો મંથલી ડેટા આપેલ હતો. જેમાં ૭૫૯૪ દર્દીઓએ મેડિકલ સેન્ટર ખાતે સારવાર લીધેલ હતી. ૩૧૨ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટર ખાતે સારવાર લીધેલ હતી.

**તા. ૨-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કપીલ ભાટિયા દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૫-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહને ડાયાલિસિસના RO ના મેઈન્ટેનન્સ અંગે જાણ કરેલ હતી અને જરૂરી ક્વોટેશન આપેલ હતા.

**તા. ૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૧૧-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ત્રણ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧૩-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. જુબીન શાહ દ્વારા એક Cautery (Skin Procedure) થયેલ હતી. ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Lipoma ની પ્રોસીજર થયેલ હતી. ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૧૫-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. રીધ્ધિએ ડૉ. ઝલક હંસાલીયા (BPT) સાથે વાત કરીને ફિઝીયોથેરાપી વિભાગમાં સાંજે ૪ થી ૭માં OPD શરૂ કરાવેલ હતી. જેની જાણ ડૉ. હિતેન્દ્ર શાહને કરેલ હતી.

**તા. ૧૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કપીલ ભાટિયા દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું. ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ત્રણ ઑપરેશન થયેલ હતા.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨-૧૨-૨૦૨૫**

- આજ રોજ PNDT ડિપાર્ટમેન્ટ - લાલ દરવાજા ખાતે એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરાવવામાં આવેલ.
- તા. ૪-૧૨-૨૦૨૫થી તા. ૬-૧૨-૨૦૨૫ સુધીમાં કુલ ૧૭ કંપનીના નવેમ્બર-૨૦૨૫ના પેશન્ટના બીલો આપવાનું કામ પૂરું કરવામાં આવેલ છે.

**તા. ૬-૧૨-૨૦૨૫**

- આજ રોજ શ્રી સિધ્ધિ વિનાયક વેજ ફૂડ પ્રા.લિ. કંપનીની મુલાકાત લેવામાં આવી. કંપનીમાં કુલ ૬૩ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ ચાંગોદર સેન્ટરના મેડિકલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું. કંપનીના HR શ્રી મનોજભાઈ મારફતે ચાંગોદર સેન્ટરમાં સળંગ ત્રીજા વર્ષે પણ કંપનીએ તેમના કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ કરાવવામાં આવ્યું તે બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર યુનિટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

**તા. ૮-૧૨-૨૦૨૫**

- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપની ગામ રજોડાના કુલ ૧૫ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ ચાંગોદર સેન્ટર ઉપર કરવામાં આવેલ છે.

**તા. ૯-૧૨-૨૦૨૫ થી તા. ૧૫-૧૨-૦૨૫**

- આજ રોજ શ્રી સિધ્ધિ વિનાયક વેજ ફૂડ પ્રા.લિ. કંપનીના કુલ ૬૩ કર્મચારીઓની મેડિકલ ફિટનેસની ફાઈલ કંપનીમાં આપીને કામ પૂરું કરવામાં આવેલ છે.
- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીના ૨૧ કર્મચારીઓની મેડિકલ ફિટનેસ ફાઈલ આપેલ છે.
- તા. ૮-૧૨-૨૦૨૫થી તા. ૧૫-૧૨-૨૦૨૫ સુધીમાં એમનીલ ફાર્માસ્યુટીકલ કંપની (રજોડા)ના કુલ ૪૯ કર્મચારીઓએ સેન્ટર ઉપર આવીને મેડિકલ ફિટનેસ કરાવ્યું.

**તા. ૧૫-૧૨-૨૦૨૫**

- આજ રોજ સેનોલેટ લાઈફકેર પ્રા.લિ. ચાચરવાડી વાસણા કંપનીમાંથી ૩ કર્મચારીઓનું સેન્ટર ઉપર મેડિકલ ફિટનેસ કરવામાં આવેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૨૯-૧૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. એમણે જશોદાનગર સેન્ટર પર ડિસેમ્બર મહિનાના છેલ્લા અઠવાડિયામાં નિઃશુલ્ક કેમ્પ રાખવાની સૂચના આપી. આ કેમ્પમાં તમામ ડૉક્ટર્સના કન્સલ્ટેશન ફ્રી રહેશે.

**તા. ૩-૧૨-૨૦૨૫**

- આજથી સેન્ટર પર ઇ.એન.ટી. ઓ.પી.ડી.માં ડૉ. દીર્ઘ શાહે ઓ.પી.ડી. શરૂ કરી. ડૉ. દીર્ઘ શાહ મંગળ-બુધ-ગુરૂ-શનિ સવારે ૯.૦૦થી ૧૦.૩૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૧૧-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઓપરેશન કરવામાં આવ્યા.

**તા. ૧૨-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. સેન્ટરમાં જરૂરિયાત મુજબ Opthalmologist અને Radiologist ડૉક્ટર્સની 'ગુજરાત સમાચાર'માં જાહેરાત આપવા માટે સૂચના આપી.

**તા. ૧૫-૧૨-૨૦૨૫**

- આજ રોજ ફાયર અધિકારીની સૂચના મુજબ ફાયર પેનલની જગ્યા બદલવાની કામગીરી થઈ.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયા. ■

*માત્ર પોતાની ખોજ કરવી જરૂરી છે,*
*બાકી તો બધું ગૂગલ પર મળી રહે છે.*

## જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતી

**(અનુસંધાન : પાના નં.– ૩૬ ઉપરથી ચાલુ)**

આમ પરસેવા કે પેશાબના રૂપમાં તે બહાર નીકળી જાય છે.

શરીરમાં થતી કોઈપણ રાસાયણિક પ્રક્રિયામાં પાણીનો ઉપયોગ નથી. પરંતુ જુદા જુદા દ્રવ્યોના વહન કરવામાં તે જરૂરી છે. પાણી ૧૦૦ સેન્ટીગ્રેડ ગરમી સુધી પ્રવાહી રહેતો સાદો પદાર્થ છે. તે મોટાભાગના ખાદ્ય પદાર્થોને પોતાનામાં ઓગાળી શકે છે. એટલે શરીરમાં ખૂબ જ ઉપયોગી છે. શરીરને લચીલું રાખવા માટે તેમજ શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખવા માટે પણ પાણી જરૂરી છે.

### મગજ જુદી જુદી વસ્તુઓને કેવી રીતે યાદ રાખે છે?

આપણું મગજ શરીરનું સંચાલન કરવા ઉપરાંત જાતજાતના વિષયોનું જ્ઞાન, લોકોની ઓળખ, જુદી જુદી ઘટનાઓની યાદ અને ભવિષ્યના વિચારો પણ કરે છે. જરૂર પડે ત્યારે જૂની વાતોને પણ તે યાદ કરી શકે છે. નાનકડા મગજમાં આ બધા કાર્યો કરવા માટે વિવિધ વિભાગો અને કેન્દ્રો હોય છે. મગજ આ બધા કામ કઈ રીતે કરી શકે છે તેનો પૂરો તાગ હજુ સુધી વિજ્ઞાનીઓ પણ મેળવી શક્યા નથી.

વિજ્ઞાનીઓએ મગજના ઘણા અભ્યાસ અને સંશોધનો કર્યા છે. મગજમાં અબજો જ્ઞાનકોષો હોય છે. આ બધા કોષો એકબીજા સાથે જોડાઈને મોટી જાળ બનાવે છે. જ્ઞાનકોષો એકબીજા સાથે ટ્રેન્ડા ઇટ નામના મણકાથી જોડાયેલા હોય છે. આ બધું જોવા માટે માઇક્રોસ્કોપ જોઈએ. મગજના આંતરિક ભાગમાં યાદ કેન્દ્ર હોય છે. તેના જ્ઞાનકોષોમાં માહિતી હોય છે. જરૂર પડે ત્યારે આ કોષો આ માહિતીને કરોડરજ્જુ દ્વારા અવયવોને પહોંચાડે છે. કાન, નાક, આંખ અને ચામડી પોતે સાંભળેલું, જોયેલું, સુંઘેલું અને સ્પર્શેલું યાદ કરી શકે છે. તેમાં નવી માહિતી સંઘરી શકે છે. મગજમાં ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની યાદોને સંઘરવા માટે જુદા જુદા વિભાગો હોય છે. વાંચેલું, ભણેલું, અનુભવેલું લાંબા ગાળાના યાદ કેન્દ્રોમાં સચવાય છે.

### બાયો ડીઝલ શું છે? તે શેમાંથી બને?

પેટ્રોલ અને ડીઝલ વાહનો માટેના મુખ્ય બળતણ છે. જો કે બંનેના એન્જિનમાં થોડો ફરક હોય છે. ડીઝલ ક્રુડ ઓઇલમાંથી બને છે. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ રૂડોલ્ફ ડીઝલ નામના વિજ્ઞાનીએ કરેલી. ડીઝલનો હેતુ વનસ્પતિ તેલ વડે ચાલતા એન્જિન બનાવવાનો હતો. તેણે સીંગતેલ વડે ચાલતું એન્જિન બનાવેલું. શરૂઆતમાં સીંગતેલ વડે જ એન્જિન ચાલતું. પરંતુ ડીઝલે ક્રુડમાંથી ડીઝલ મેળવવાની રીત શોધી, એન્જિનમાં ડીઝલનો વપરાશ શરૂ કર્યો. ડીઝલમાં અશુદ્ધિનું પ્રમાણ વધુ હોય છે પરંતુ પેટ્રોલ કરતા પ્રમાણમાં સસ્તું હોય છે. પેટ્રોલ અને ડીઝલ બળે ત્યારે પ્રદૂષિત વાયુઓ પેદા થાય છે અને પર્યાવરણને નુકસાન કરે છે. એટલે વિજ્ઞાનીઓ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલના સ્થાને ઓછું પ્રદૂષણ કરે તેવા બળતણની શોધ કરે છે.

વનસ્પતિના તેલ ડીઝલને સ્થાને વપરાય તેને બાયો ડીઝલ કહે છે. બાયો એટલે સજીવને લગતું. વનસ્પતિ સજીવ છે. તેના તેલ બળે ત્યારે ઓછું પ્રદૂષણ કરે છે. સૂર્યમુખી, સોયાબીન, કપાસીયા વગેરેના તેલમાંથી બાયો ડીઝલ બને છે. બાયો ડીઝલમાં વધુ પ્રમાણ ડીઝલનું હોય છે. વનસ્પતિ તેલનું પ્રમાણ ૧૫થી ૨૦ ટકા જ હોય છે. પ્રદૂષણ ઓછું કરવા માટેનો આ સારો વિકલ્પ ગણાય છે. ■

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## પૃથ્વીનો ઉત્તર છેડો – આર્કટિક સર્કલ

પૃથ્વીના ઉત્તર ધ્રુવ પ્રદેશમાં આર્કટિક સમુદ્ર, કેનેડા, રશિયા, નોર્વે, ગ્રીનલેન્ડ, ફિનલેન્ડ અને સ્વિડન સહિતના દેશોનો કેટલોક વિસ્તાર આવેલો છે. લગભગ ૫૪ લાખ ચોરસ માઈલનો આ વિસ્તાર અજાયબ ભૂગોળ ધરાવે છે. ઉત્તર દિશાના આકાશમાં બે નક્ષત્રો ગ્રેટ બેર અને લીટલ બેરના નામ ઉપરથી તેનું નામ આર્કટિક પડ્યું છે. ગ્રીક ભાષામાં તેનો અર્થ બેટ કે રીંછની નજીક એવો થાય છે. આ વિસ્તારમાં હંમેશાં બરફ છવાયેલો રહે છે. સૌથી નીચું તાપમાન માઈનસ ૬૮ ડિગ્રી નોંધાયેલ છે. આ વિસ્તારની કેટલીક વિશેષતાઓ જાણવા જેવી છે :

- પૃથ્વી પરના તાજા પાણીનો દસ ટકા ભાગ ઉત્તર ધ્રુવમાં બરફ સ્વરૂપે સચવાયેલો છે.
- હિમ જેવા દરિયાઈ વિસ્તારમાં પોલાર બેર, વ્હેલ, સીલ જેવી જીવસૃષ્ટિ વસે છે.
- આ વિસ્તાર માછલી, કુદરતી ગેસ અને કેટલાક ખનીજોથી સમૃદ્ધ છે.
- આ વિસ્તારની ગ્રે વ્હેલ ૧૨,૫૦૦ માઈલનો પ્રવાસ કરી દર વર્ષે કેનેડા જાય છે અને પાછી આવે છે.
- ધ્રુવીય પ્રદેશોમાં લગભગ ૪૦ લાખની માનવ વસ્તી પણ રહે છે.

## મોટી નદીઓના મૂળમાં રહેલી વિરાટ હિમનદીઓ

વિશ્વની મોટી નદીઓ ઊંચા અને બરફીલા પહાડોમાંથી નીકળે છે. નદીના મૂળમાં શિલા સ્વરૂપે બરફ હોય છે. તેને હિમશિલા કે ગ્લેશિયર કહે છે. વિરાટ હિમશિલાઓમાં લાખો લીટર પાણી હોય છે. પરંતુ તે ધીમે ધીમે પીગળીને નદી સ્વરૂપે પહાડ પરથી વહીને જમીન પર ઉતરી સાગર તરફ વહે છે. પર્વત ઉપરથી ઉતરતી હિમશિલા બરફ સ્વરૂપે જ સરકીને નીચે ઉતરે છે.

પૃથ્વી ઉપરના શુદ્ધ પાણીનો ૯૯ ટકા હિસ્સો વિવિધ ગ્લેશિયરોમાં સંગ્રહાયેલો છે. ગ્લેશિયર હિમાલય, એન્ડીઝ અને મેક્સિકો, આફ્રિકાના પર્વતો પર હોય છે.

વિજ્ઞાનીઓએ ગ્લેશિયરના વિવિધ પ્રકાર પાડ્યા છે. ઢોળાવ પરની ગ્લેશિયરને સર્કી, ખીણમાં ઉતરતી ગ્લેશિયરને વેલી ગ્લેશિયર અને આલ્પ્સ પર્વતોની ગ્લેશિયરને માઉન્ટન ગ્લેશિયર કહે છે. ૫૦,૦૦૦ ચો.કિ.મી.થી વધુ જગ્યા રોકતી ગ્લેશિયરને આઈસ શીટ્સ કે કોન્ટીનેન્ટલ ગ્લેશિયર કહે છે. બંને ધ્રુવ પ્રદેશમાં આ ગ્લેશિયર હોય છે. ગ્લેશિયર તૈયાર થતાં સેંકડો વર્ષ લાગ્યા છે. વજન વધે ત્યારે તે વહીને નીચે ઉતરે છે. ગ્લેશિયર નીચે ઉતરવાની શરૂઆત ધીમી હોય છે. વર્ષે ૧૫૦થી ૧૬૦ ફૂટ ખસે છે. જેમ જેમ નીચે ઉતરે તેમ તેની ઝડપ વધે છે. ગ્લેશિયરના ખસવાથી બરફમાં તોફાન સર્જાય છે. પહાડોને કોતરી અને ભેખડોને તોડી ફોડી નાંખે છે. અલાસ્કા હિમ નદીઓનો દેશ છે.

આપણે ભારતમાં ગંગા, યમુના, સતલજ, બ્રહ્મપુત્રા જેવી નદીઓના મૂળમાં પણ ગ્લેશિયર છે, જે હિમાલયન ગ્લેશિયર છે.

## ગ્રીન એનર્જી એટલે શું?

વાહનો, કારખાનાના મશીનો અને રસાયણ ઉદ્યોગોમાં કોઈ ને કોઈ શક્તિનો ઉપયોગ થાય છે. વાહનોમાં પેટ્રોલ કે ગેસથી શક્તિ પેદા થાય. વીજળી પેદા કરવામાં કોલસો કે અમુક ઈંધણ બાળવા પડે. શક્તિ માટે ગરમી જોઈએ અને કોઈ વસ્તુ સળગે ત્યારે જ ગરમી મળે. વસ્તુ બળે ત્યારે કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય વાયુ પેદા થાય. આ વાયુઓ ઓઝોન સ્તરને નુકસાન કરે. પૃથ્વી પરનું તાપમાન વધારે. આવા વાયુઓને પ્રદૂષણ કહે છે.

વિજ્ઞાનીઓ શક્તિ પેદા કરતી વખતે પ્રદૂષણ ન થાય તેવા બળતણની શોધ કરે છે. સોલાર પાવર, પવન ચક્કી, દરિયાના મોજા, ગતિ શક્તિ અને કેટલીક વનસ્પતિઓમાંથી બાયોફ્યુઅલ મેળવવાના પ્રયત્નો થાય છે. આ બધા સ્રોતોને ગ્રીન એનર્જી કહે છે અને તે પ્રદૂષણ કરતી નથી.

## આપણા પીધેલા પાણીનું શરીરમાં શું થાય છે?


ભોજન બાદ આપણે પાણી પીએ છીએ. દિવસમાં ઘણી વખત આપણે પાણી પીએ છીએ. આમ, આપણે ખોરાક કરતાં વધુ પાણી શરીરમાં નાંખીએ છીએ. આ પાણીનું શરીરમાં શું કામ છે? આ સવાલ જરૂર ઉઠતો હશે. ખોરાક આપણને પોષક દ્રવ્યો પૂરા પાડે છે.

આ બધા દ્રવ્યોને શરીરના જુદા જુદા અવયવોને પહોંચાડવા માટે પાણીની જરૂર પડે છે. પેટમાં ગયેલું પાણી ખોરાક સાથે ભળીને તેને અર્ધપ્રવાહી બનાવે છે અને પાચનતંત્રમાં આગળ ધકેલે છે. લોહીને પ્રવાહી સ્વરૂપમાં રાખવા પણ પાણીની જરૂર પડે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૫ ઉપર)

## NanoNine® શબ્દ રમત-૨૨૬

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. દયા ઉપજાવે એવી આજીજી (૪)
૫. શામિલગીરી, જોડાણ (૫)
૮. પગલું, ડગલું (૩)
૯. વીજળી, દામણી (૩)
૧૧. ઘુમ્મટ જેવું બાંધકામ (અં) (૨)
૧૨. ધામધૂમ, ભારે તૈયારી (૪)
૧૩. વ્રજ જેવી કઠણ કાયાવાળું (૪)
૧૫. _______ હોય તો માળવે જવાય (૨)
૧૬. ઢોરને પાણી પીવાનો કુંડ (૩)
૧૮. ચનોઠી, જરાક (૩)
૧૯. મમ્મીની બહેન (૨)
૨૦. પૈસા રાખવાનું પર્સ (૩)
૨૩. ઊનું, ઉષ્ણ (૩)
૨૪. માછલું, મેઘધનુષ્ય, મત્સ્યાવતાર (૨)
૨૫. સરખામણી, બરાબરી (૩)
૨૭. તાસક, પીરીયડ (૨)
૨૮. જમવા રહેવાની સગવડ આપતું સ્થાન (૨)
૨૯. રજ્ઞાદેને તેડવા જવારા કરવા, જાગ્યા, જાગવું તે (૨)
૩૦. કપડા ભરવાની પેટી (અં) (૨)
૩૨. બંદૂકની ગોળી (૩)
૩૪. વિમાનને દોડવાનો રસ્તો (૩)
૩૬. કૌરવો પાંડવો વચ્ચેનું યુદ્ધ (૫)
૩૮. પાંદડું, પર્ણ (૨)
૩૯. દૌલત, પૈસો (૨)
૪૦. સહેલાઈથી મળે એવું (૩)
૪૧. ફિચર ફિલ્મમાં સૌ પ્રથમ પ્લેબેક સિંગર (૭)
૪૬. વિષ્ણુ પત્ની, લક્ષ્મી, સુંદરી (૩)
૪૭. સક્કર ટેટી, શકરટેટી (૫)

### ઊભી ચાવીઓ

૧. ચીંથરાની મોટી કાકડી સળગાવવા માટે (૩)
૨. ચરણ ચૂમવા તે, દંડવત પ્રણામ (૫)
૩. ફળનું ઝુમખું (૨)
૪. યજ્ઞઉપયોગી લાકડું (૩)
૬. સભા, મિજલસ, પરિષદ (૪)
૭. ગીતની રચના કરનાર (૪)
૯. પાલવ, સાડીનો લટકતો છેડો (૩)
૧૦. ઊંટવૈદ (૫)
૧૨. ઠંડીમાં ધુમાડા જેવું દેખાતું વાતાવરણ (૩)
૧૩. મોટું પૂજ્ય (૨)
૧૪. અનાથાશ્રમ (૫)
૧૭. પ્રતિક્ષા, રાહ, રસ્તો (૨)
૧૯. ખૂબ પૈસાદાર, મોટો વેપારી (૫)
૨૦. નાજુકવેલ, ઈરાન દેશ (૩)
૨૧. સૌથી મોટો જિલ્લો (૨)
૨૨. વગર, સિવાય (૨)
૨૩. સૂઝ, સમજણ, જ્ઞાન (૪)
૨૪. સબળું, શક્તિશાળી, સજ્જડ (૪)
૨૬. લગની, આસક્તિ (૩)
૨૯. બરણી, જુવાર (૨)
૩૧. સ્વર્ગની એક અપ્સરા (૨)
૩૩. ટપાલ નાંખવાની પેટી (૫)
૩૫. વેધશાળા, ગ્રહોની ગતિ નીરખવાનું સ્થળ (૪)
૩૭. રક્ષણ, રાખડી (૨)
૩૯. આકાશ (૨)
૪૧. વહેમ, શંકા (૨)
૪૨. નાના છોકરાનું ખાવાનું (૨)
૪૩. ઘડો, દેગડો (૨)
૪૪. મસો, બહાનું, પુષ્કળ (૨)
૪૫. પુરુષ, નારીથી વિરુધ્ધ (૨)

***નોંધ :*** *"શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

*ચિતા અને ચિંતા – આ બે શબ્દમાં માત્ર એક બિંદુનો ફેર છે પરંતુ ચિતા એ નિર્જીવ શરીરને જલાવે છે જ્યારે ચિંતા, જીવિતને જલાવે છે.*

## NanoNine® શબ્દ રમત-૨૨૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રો | જી | રો | ટી | | પિ | ક | નિ | ક | | સા | પ |
| કા | વ | ડ | | બ | ના | ર | સ | | ન | ર | |
| ણ | | | ખો | રા | ક | | ર | ખ | ડ | પ | ટ્ટી |
| | શો | હ | ર | ત | | વે | ણી | | ત | | |
| બા | ધા | | ડું | | ગો | દ | | ઘ | ર | વા | સ |
| | શો | ર | | પુ | | ના | ગ | ર | | | મ |
| મ | ધ | | સ્વ | રા | જ | | જ | જ | મા | ન | |
| હં | | શ | | ત | ડ | કો | | મા | ન | પા | ન |
| ત | ન | બ | દ | ન | | ચ | ટા | ઈ | | સ | ભા |
| | રો | ન | | | બ | બા | લ | | સ | | વ |
| ઉ | ત્ત | મ | | વે | રા | ન | | જ | મા | વ | વું |
| દ | મ | | સા | લ | સ | | ક | ર | જ | | |

*નવેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૩. હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ
૪. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૫. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૬. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૭. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – મુંબઈ
૮. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૯. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૦. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૧. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૨. ચેતના પ્રફુલચંદ્ર વોરા – અમદાવાદ
૧૩. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૪. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૫. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૧૬. પ્રવીણ જેતશીભાઈ દંડ – અમદાવાદ
૧૭. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૧૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૯. નવલ શિવજી નીસર – સુરત
૨૦. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૧. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં બે વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**વિજેતા** : (૧) ચેતના પ્રફુલચંદ્ર વોરા – અમદાવાદ
(૨) પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ

## ક્ષમા વીરસ્ય ભૂષણમ્

*પરિવારના સભ્યો સાથે પ્રેમથી રહો*
*કોઈના પર વ્હેમ કે અવિશ્વાસ ન કરો.*
*કોઈની ભૂલ જતી કરો, કોઈનું દિલ ન દુભાવો.*
*અપશબ્દ કે કટુશબ્દ - વચનનો પ્રયોગ ન કરો.*
*અવિશ્વાસ વધે એવું વર્તન ન કરો.*
*રજનું ગજ ન કરો, અર્થનો અનર્થ ન કરો.*
*વ્યવહારમાં મિત્રો કરતાં પરિવારના સભ્યોને વધુ મહત્ત્વ આપો.*
*ઘરની કોઈપણ વાતની ચર્ચા ઘર બહાર કોઈને ન કરો કારણકે ખરી જરૂરિયાતના સમયે બીજું કોઈ નહીં પણ પરિવારના સભ્યો જ કામ આવશે.*
*શાંતિ અને સંતોષથી રહો, ક્ષમા કરો.*

***– આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી***

***પ્રેષક : તરૂબેન એન. શાહ - અમદાવાદ***

## એક સમય પછી માણસ બધું છોડી દે

એક લિમિટ પછી માણસ બધું જ છોડી દે,
કોઈનાથી રીસાવવું, કોઈને મનાવવું,
કોઇને ફરિયાદ કરવી કે પછી
કોઈ સાથે દલીલ કરવી,
એ વખતે આપણું મન એવું થઈ જતું હોય કે
કોઈ વાત કરે તોય શું અને કોઈ વાત ન કરે તોય શું?
કારણકે ક્યાંક મનના એકાદ ખૂણે આપણે
જાણી ગયા હોઈએ છીએ કે
આ દુનિયા બસ દેખાડો જ કરી શકે છે,
બાકી અંદરથી તો દરેક માણસ બહુ મતલબી છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*સમડીની ઉડવાની ઝડપ જોઈને*
*ચકલી ક્યારે પણ ડિપ્રેશનમાં આવતી નથી.*

## NanoNine™ *Sudoku*

**નવેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૨ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. હેમલતા હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૨. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૬. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૭. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૮. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૯. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૧૦. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ

*નોંધ : સુડોકુ ક્રમાંક-૧૧૮૨ના "ડી"માં પ્રિન્ટીંગ ભૂલ હતી.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૧૮૪**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 4 | | | | | 1 | 5 |
| | | | 1 | 2 | | 7 | 9 | |
| 3 | | 9 | | 5 | 7 | | 4 | 2 |
| 4 | | 1 | | | 5 | | 2 | 9 |
| 5 | | 6 | 9 | 8 | 2 | 1 | | 4 |
| | 9 | | 4 | | | | | 6 |
| 9 | 4 | | | 7 | | 2 | | 1 |
| | 2 | 7 | | 4 | 1 | | | |
| 1 | 5 | | | | | 4 | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | 5 | | 1 | 8 |
| 1 | 5 | 6 | | | 4 | 9 | | |
| | | | | 9 | 3 | | 5 | |
| 4 | | 3 | 5 | 7 | | 8 | 9 | |
| | 8 | | 3 | | 9 | | 2 | |
| | 9 | 1 | | 4 | 2 | 5 | | 3 |
| | 3 | 4 | 9 | 5 | | 1 | | |
| | 6 | | | | | 3 | 8 | 9 |
| 9 | 1 | | 6 | | 8 | | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 6 | 1 | | 9 | | 3 |
| | 6 | 8 | 9 | | 3 | | 1 | |
| | 1 | | | 8 | | 2 | | 5 |
| 4 | | 1 | 2 | 6 | | | | 9 |
| | | 2 | 5 | | 9 | 1 | | |
| | | 9 | | 4 | 1 | 8 | | 2 |
| 7 | | | | 3 | | | 9 | 8 |
| | 3 | | 7 | | 6 | | 2 | |
| 1 | | 6 | 8 | | 2 | 4 | 3 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 1 | | | | 3 | 6 |
| 9 | 1 | | 3 | 8 | | 4 | | 2 |
| 2 | | 7 | 9 | | 4 | | 5 | |
| | | 3 | 4 | 1 | | 2 | | 7 |
| 6 | | 1 | | 9 | 8 | 3 | | 5 |
| | 7 | 8 | | 3 | 2 | 6 | | |
| | 5 | | 6 | | 9 | | 1 | 3 |
| 1 | | 4 | | | 3 | | | 9 |
| 3 | 6 | | | 7 | 1 | 5 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૮૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 5 | 6 | 2 | 8 | 7 | 4 | 1 |
| 4 | 1 | 6 | 9 | 7 | 5 | 3 | 8 | 2 |
| 2 | 8 | 7 | 4 | 3 | 1 | 5 | 6 | 9 |
| 7 | 2 | 1 | 8 | 6 | 3 | 4 | 9 | 5 |
| 8 | 9 | 4 | 2 | 5 | 7 | 6 | 1 | 3 |
| 5 | 6 | 3 | 1 | 4 | 9 | 8 | 2 | 7 |
| 1 | 7 | 9 | 3 | 8 | 4 | 2 | 5 | 6 |
| 6 | 5 | 8 | 7 | 1 | 2 | 9 | 3 | 4 |
| 3 | 4 | 2 | 5 | 9 | 6 | 1 | 7 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 7 | 5 | 2 | 4 | 8 | 1 | 6 |
| 2 | 8 | 6 | 1 | 3 | 7 | 5 | 4 | 9 |
| 4 | 1 | 5 | 8 | 9 | 6 | 2 | 3 | 7 |
| 7 | 4 | 3 | 9 | 1 | 5 | 6 | 8 | 2 |
| 9 | 2 | 1 | 6 | 7 | 8 | 3 | 5 | 4 |
| 5 | 6 | 8 | 2 | 4 | 3 | 9 | 7 | 1 |
| 1 | 3 | 2 | 4 | 8 | 9 | 7 | 6 | 5 |
| 8 | 5 | 4 | 7 | 6 | 2 | 1 | 9 | 3 |
| 6 | 7 | 9 | 3 | 5 | 1 | 4 | 2 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 1 | 2 | 8 | 3 | 7 | 5 | 9 |
| 3 | 9 | 8 | 7 | 5 | 1 | 2 | 4 | 6 |
| 7 | 2 | 5 | 4 | 9 | 6 | 1 | 3 | 8 |
| 9 | 6 | 7 | 5 | 2 | 8 | 4 | 1 | 3 |
| 5 | 1 | 4 | 9 | 3 | 7 | 6 | 8 | 2 |
| 2 | 8 | 3 | 1 | 6 | 4 | 5 | 9 | 7 |
| 1 | 3 | 9 | 6 | 4 | 2 | 8 | 7 | 5 |
| 4 | 5 | 6 | 8 | 7 | 9 | 3 | 2 | 1 |
| 8 | 7 | 2 | 3 | 1 | 5 | 9 | 6 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | 3 | 2 | 4 | 1 | 8 | 5 | 7 |
| 5 | 4 | 1 | 8 | 7 | 6 | 3 | 2 | 9 |
| 8 | 7 | 2 | 9 | 5 | 3 | 4 | 6 | 1 |
| 6 | 8 | 4 | 5 | 1 | | 7 | 9 | 3 |
| 7 | 2 | 9 | 3 | 8 | 4 | 6 | 1 | 5 |
| 3 | 1 | 5 | 7 | 6 | 9 | 2 | 8 | 4 |
| 4 | 5 | 6 | 1 | 2 | 7 | 9 | 3 | 8 |
| 2 | 9 | 8 | 4 | 3 | 5 | 1 | 7 | 6 |
| 1 | 3 | 7 | 6 | 9 | 8 | 5 | 4 | 2 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

*To,*
***Shri Pramukh Sir,***

If words can convey my feelings, I have to say only that No Private / Corporate Hospital or any such Trust Office can affer all service with great efficiency & dedicated all full staff & wonderful administrative function.

Thanks.

***Manish Munshi***
***M. 99747 67575***

★

## સારવારમાં રાહત અંગે

*જય જિનેન્દ્ર, પ્રણામ.*

મેં તા. ૨૮-૮-૨૦૨૫ના રોજ મારી કમરનું સી.ટી. સ્કેન કરાવ્યું. જેમાં કમર - કરોડરજ્જુની ઘણી નસો મણકાની નીચે દબાઈ ગઈ છે તેવો રીપોર્ટ આવ્યો.

મને પગમાં ખાલી ચડતી હતી. ચાલવામાં તકલીફ પડતી હતી. ચક્કર આવતા હતા. બંને પગના થાપામાં દુ:ખાવો (સાઈટીકા) થતો હતો. આ કારણસર મેં ઉપરોક્ત રીપોર્ટ કરાવ્યો હતો.

પછી આ રીપોર્ટ મેં મારા સંબંધી ડૉ. હાર્દિક સંઘવી (ન્યુરો સર્જન - સિવિલ હોસ્પિટલ)ને બતાવ્યો. તેમના જણાવ્યા મુજબ હાલત થોડી ગંભીર જણાવી. ઑપરેશન કરીને નસો છૂટી કરવી પડશે તેવું તેમણે મને જણાવ્યું. તેમના અભિપ્રાયની અમે પરિવારમાં ચર્ચા કરી. મારી ૮૦ વર્ષની ઉંમરે કરોડરજ્જુનું ઑપરેશન કરાવવું હિતાવહ નથી તેવું નક્કી થયું. તેમ છતાં આ ઉંમરની આવી તકલીફમાં રાહત લેવી જરૂરી છે. જે દવાથી મટશે નહીં તેવી ડૉક્ટરી સલાહ મળી. અમે થોડા મુંઝાયા.

એવામાં એક કુદરતી વિચાર આવ્યો. દેશી / આયુર્વેદિક ઉપચાર ઉપર જવાનો વિચાર કર્યો. કોઈની સલાહથી અમે ભુલાભાઈ પાર્ક ઉપર ચાલતા શ્રી કષ્ટભંજન નેચર ક્યોર સેન્ટરની મુલાકાત લીધી. એક મહિના સુધી આ સેન્ટરની દવા તથા ટ્રીટમેન્ટ લીધી પણ ધાર્યું પરિણામ આવ્યું નહીં. આપણા સમાજની મેડિકલ પ્રવૃત્તિમાં સંશોધન કરતાં આપણે ત્યાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ભોંયરામાં ચાલતા આયુર્વેદિક વિભાગના ડૉક્ટરને મળવાની, તેમની ટ્રીટમેન્ટ લેવાની અમને સલાહ મળી. તા. ૨૮-૧૦-૨૦૨૫ના રોજ આયુર્વેદિક ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. ગાર્ગીબેન વસાવડાનો સંપર્ક કર્યો. તેમને રીપોર્ટ બતાવ્યા. તેમણે નિદાન કર્યું. તેમણે અભિપ્રાય આપ્યો કે ખૂબ જ લાંબા સમય સુધી ટ્રીટમેન્ટ લેવી પડશે. અમારી તૈયારી પણ હતી અને સમજણ પણ હતી કે આયુર્વેદમાં લાંબુ ચાલશે કારણકે અમારે ઑપરેશન કરાવવું નહોતું.

તા. ૧૨-૧૧-૨૦૨૫થી ટ્રીટમેન્ટ ચાલુ કરી. આ અંગેની દવા મેડિકલ (આપણા સ્ટોર)માંથી મળી આવી અને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે દેશી તેલ - દવા તથા અન્ય દેશી વસ્તુઓના પ્રયોગ મારી કમર - પગ ઉપર કરવામાં આવ્યા. ધીરે ધીરે ફાયદો જણાતો ગયો. ખાલી ઓછી થઈ... પગના દુ:ખાવા મટતા ગયા. હું લાકડીના ટેકાથી ભવન ઉપર આવતો હતો. હવે લાકડી છૂટી ગઈ... મને શરૂઆતથી અત્યારના તબક્કા સુધી ઘણી રાહત જણાઈ છે. સાવ આરામ નથી થયો... દર્દ મટ્યું નથી પણ ઘણો મોટો ફાયદો જણાયો છે. સ્ફુર્તિ અને શક્તિ પણ વધી છે. આ બાબત જણાવવા આ પત્ર લખ્યો છે.

મારી ટ્રીટમેન્ટ દરમિયાન ડૉક્ટરનું નિદાન, કામ કરવાની ભૂમિકા, દર્દ ઉપર જ સીધી દૃષ્ટિએ આ પરિણામ મને મળ્યું છે એવું અમારું માનવું છે. છેલ્લે તા. ૨૪-૧૧-૨૦૨૫ સુધી ટ્રીટમેન્ટ નિયમિત ચાલુ છે. હમણાં દવા ચાલુ છે પણ ટ્રીટમેન્ટ બંધ છે. મારી ગંભીર પરીસ્થિતિની બીમારીમાં આપણા મેડિકલ સેન્ટર, ડૉક્ટરશ્રી તથા તેમની નીચેના સ્ટાફનો મને સુંદર સાથ-સહકાર મળ્યો છે. તેથી મને સારી રાહત મળી છે. જે સાચી પરીસ્થિતિ - હકીકત જણાવવા આ પત્ર લખ્યો છે.

સહકાર માટે આભાર... પ્રવૃત્તિ માટે અભિનંદન - ધન્યવાદ. ડૉક્ટરશ્રી તથા સ્ટાફનો આભાર.

આપણા સેન્ટરની ટ્રીટમેન્ટથી સંપૂર્ણ આરામ નથી પણ ઑપરેશનથી બચ્યાનો આનંદ છે. આજે રોજિંદી આવશ્યક ક્રિયાઓ આસાનીથી કરી શકું છું – ધન્યવાદ.

***પ્રભુલાલ કે. સંઘવી - અમદાવાદ***
***મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦***

### તન્કા

મન વિના ને
પરાણે કરવા પડે
જીવનમાં કાર્ય
સુખ, દુઃખ અધ્યાય જો
જીવન મહીં.

જીવનમાં મજા
નહીં ને, કરવું પડે
પરાણે કામ હવે
સુખ, દુઃખ જીવનમાં
દેખાય હવે.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ***

# પ્રતિભાવ

ડિસેમ્બર-૨૦૨૫ 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર નાતાલ પર્વ નિમિત્તે મેરી ક્રિસમસના ચિત્ર સાથે આત્મનિર્ભરતા તરફ આગળ વધતા નવા વર્ષના સ્વાગતની તૈયારી કરીએ – જેવો મહત્ત્વનો સંદેશો દર્શાવેલ છે. સરકાર દ્વારા પણ તાજેતરમાં સ્વદેશી ચળવળ ચાલી રહી છે, જે દર્શાવે છે કે દેશના વિકાસમાં આત્મનિર્ભરતા કેટલી મહત્ત્વની છે. સમાજની તા. ૨-૧૧-૨૦૨૫ના રોજ યોજાયેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ – જેમાં વિવિધ ૨૫ સમિતિઓનું પુનઃગઠન થયાની જાણકારી મળી. દરેક સમિતિનું કાર્યક્ષેત્ર વૈવિધ્યતાસભર છે. ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ ૨૯૦૩૧ વ્યક્તિઓ હતી જે નોંધપાત્ર છે. સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી 'સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર'ની પ્રવૃત્તિ તથા કાર્યપદ્ધતિ ઘણી જ વૈજ્ઞાનિક તથા મનોવૈજ્ઞાનિક ઢબે આપવામાં આવતી હોવાથી તેના અસરકારક પરિણામ મળે છે. ધ્રુવ મોમાયાએ પોતાના અનુભવમાં આ બાબતનો ઉલ્લેખ કરેલ છે કે તેઓ કઈ રીતે એક કંપનીમાં જનરલ મેનેજર સુધી પહોંચી શક્યા. આ ઉપરાંત અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સંસ્થાના સહયોગ / માર્ગદર્શનથી હેતલ રેવારની ગાથા અન્યને પણ પ્રેરણા આપે તેવી છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૈનિક ડાયરી સમાજની સંસ્થાઓની સક્રિયતા, અહીં ફરજ બજાવતા કર્મચારીઓની કાર્યદક્ષતા, સંસ્થા દ્વારા પૂરું પાડવામાં આવતું માર્ગદર્શન, નિરીક્ષણ જેવી બાબતો ઉત્સાહ પૂરો પાડે છે. જે ઉમદા તથા નોંધનીય બાબત છે. અમરીષ સંઘવી દ્વારા 'જીવનની વિશેષતા'માં 'પાસબુક' અને 'શ્વાસબુક' બંને ખાલી થાય ત્યારે ભરવી પડે છે પાસબુકને રકમથી અને શ્વાસબુકને સત્કર્મથી... જેવી માર્મિક બાબતો દ્વારા જીવનની ફિલોસોફી પર પ્રકાશ પાડેલ છે. જ્ઞાન-વિજ્ઞાન વૈજ્ઞાનિક માહિતીમાં 'બાયોડીઝલ શું છે? તે શેમાંથી બને?', રણની રેતીની લહેરોનું વિજ્ઞાન જેનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તો જેસલમેરના રણમાં કરી શકાય. ફ્લ્યુરોસન્ટ રંગોની કમાલ, મધમાખી તથા ભારતીય રેલવેનું અવનવું જેવી હકીકતો બાળકો, યુવાનો તથા વડીલો સર્વેને વિસ્મયકારક માહિતી મળે છે. આ રસપ્રદ લેખમાળા છે. 'આંજો કાગર' વિભાગમાં સ્મિતાબેનનો પત્ર જેમાં તેમનાં પિતાના જન્મ શતાબ્દીની ઉજવણીનો અહેવાલ એક માત્ર પારિવારિક અહેવાલ જ નથી પણ કુટુંબની પેઢીઓ એકબીજાને ઓળખે તેવો શુભ આશય રહેલો છે. અત્યારની ભાગદોડ વચ્ચે આ પ્રકારનો અહેવાલ આવે ત્યારે આપણી પારંપરિક, સાંસ્કૃતિક વિરાસત હજી જીવંત છે તેવું લાગે છે. 'કચ્છડો લીલોછમ્મ' બાબતે ગુજરાત સમાચારનો અહેવાલ દરેક કચ્છીઓને ગૌરવ થાય તેવો છે. કુદરત પણ હમણાં કચ્છ પર મહેરબાન હોય તેમ સતત સારું ચોમાસું, ભરેલા જળાશયો, નદી-નાળા થકી કચ્છે લીલું તોરણ પહેર્યું હોય તેવું દીપી ઉઠે છે. જગદીશચંદ્ર છાયાએ વૃદ્ધાશ્રમોની સકારાત્મક અને નકારાત્મક બંને બાબતોની સમીક્ષા એક સામાજિક સમસ્યા તરીકે છણાવટ કરી છે. પંજાબ કેસરી તરીકે જાણીતા જૈનાચાર્યના જીવન સફરની કથા વાંચવાયોગ્ય છે. તેમાં પણ તેમના જન્મ સ્થળ વડોદરામાં ગુરૂ મંદિર બન્યું તે આનંદની બાબત છે. શ્રી કામ્પિલ્યપુર તીર્થ અને શ્રી બનારસ તીર્થની લેખમાળા માહિતીપ્રદ છે. ડૉ. તપન શાહનો પિત્તાશય તથા પથરી લેખ પ્રશ્નોત્તરી સ્વરૂપે હોવાથી વાંચવો તથા લોકોના મૂંઝવતા પ્રશ્નોના પ્રત્યુત્તર હોવાથી તેમાં રહેલ શંકાઓનું નિરાકરણ થાય છે. ભાવનગરનાં કૃષ્ણકુમાર સિંહજીએ સરદાર પટેલને જ્યારે પોતાનું ૧૮૦૦ ગામો સાથેનું રજવાડું દેશ માટે અર્પણ કર્યું તે સમયની ઘટના મહારાજા તથા મહારાણી બંને માટે માન અને ગૌરવ થાય તેવી છે. 'પાણી તારા કેટલા નામ'માં પાણીના વિવિધ સ્વરૂપોની સુંદર - રોચક માહિતી હળવી શૈલીમાં દર્શાવી છે. તંત્રી મંડળની અથાગ મહેનતથી લોક જીવનનાં અનેકવિધ રંગબેરંગી પાસા, સમાજની પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ, સુંદર માર્મિક સુવાક્યો 'મંગલ મંદિર'ને વધુ તેજોમય બનાવે છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

## હળીમળીને પ્રેમથી જીવી લો...

ગુમાવેલા રૂપિયા કમાવી શકાય, ડૂબેલા વહાણ બીજા લાવી શકાય, ધરાશાયી થયેલું મકાન નવું બનાવી શકાય. પણ...

જો માણસ એકવાર ધરતી પરથી ચાલ્યો જાય તો એ પાછો ક્યારેય મેળવી ન શકાય. એની એક ઝલક પણ કોઈ દી જોઈ ન શકાય.

'આ ખૂબ જ કડવી સચ્ચાઈ છે.'

માટે જ્યાં સુધી તમારા સ્વજનો હયાત છે ત્યાં સુધી એમની સાથે હળીમળીને પ્રેમથી જીવી લો...

અંતર બાળીને જીવવા કરતાં ખુશી ખુશી આનંદથી જીવી લો...

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# અન્ય સંસ્થાના સમાચાર

## અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સંસ્થામાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓને માટે પ્રો. એમ. જી. શાહ ઉચ્ચ શિક્ષણ લોન સ્કોલરશિપ સ્કીમ

આજે અમદાવાદમાં ઘણી બધી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. આ ક્ષેત્રે ૧૯૩૫થી કાર્યરત અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનું યોગદાન વિશેષ રૂપે ઐતિહાસિક રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી ગણેશ વાસુદેવ માવલંકર, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ અમૃતલાલ હરગોવનદાસ અને આનંદશંકર ધ્રુવની દૂરંદેશી અને સહિયારા પ્રયત્નોથી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી.

સ્વતંત્રતાની લડત દરમિયાન આ બધાને એવો વિચાર આવેલ કે ભારત દેશ જ્યારે આઝાદ થાય ત્યારે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એન્જિનિયરીંગ, ફાર્મસી, કોમર્સ, આર્ટસ, સાયન્સ અને ટીચર્સ ટ્રેનિંગ જેવા વિવિધ અભ્યાસક્રમોની સવલત સૌને મળી રહે તે હેતુથી તેમણે ઘણી બધી કોલેજોની સ્થાપના કરી જેમકે એલ.ડી. એન્જિનિયરીંગ, એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસી, એલ. ડી. આર્ટસ કોલેજ, એચ. એલ. કોમર્સ કોલેજ, એમ.જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ અને એ. જી. ટીચર્સ જેવી ગ્રાન્ટેડ કોલેજો આ સોસાયટી દ્વારા સ્થાપવામાં આવી હતી. આ બધી કોલેજો આજે પણ શિક્ષણ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ અને ભવ્ય ભૂતકાળ દ્વારા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી બની રહેલ છે.

વર્ષ ૨૦૦૦ પછી ખાનગી કોલેજોની મંજૂરી મળતા આ સોસાયટી દ્વારા નવા અભ્યાસક્રમો દાખલ કરવામાં આવ્યા અને ઉત્તરો ઉત્તર ગુણવત્તાસભર શિક્ષણની સવલતો ઉભી થતી ગઈ. આ ક્ષેત્રે આ સોસાયટી દ્વારા સ્થાપિત અમદાવાદ યુનિવર્સિટી અને સેપ્ટ યુનિવર્સિટીએ છેલ્લા ઘણા વર્ષોથી ખૂબ નામના મેળવી છે.

આ સંસ્થાઓમાં પરદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી સાથે ટક્કર લઈ શકે તેવી શિક્ષણ પદ્ધતિ અને સમય સાથે સુસંગત અભ્યાસક્રમો દ્વારા દેશ અને દુનિયાભરમાંથી શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યા છે. ખાનગીકરણની એક અસર એ ઊભી થઈ છે કે સ્વનિર્ભર હોવાથી અને કોઈપણ પ્રકારની સરકારી સહાય ન મળવાને કારણે આ સંસ્થાઓમાં ફીનું ધોરણ ખૂબ ઊંચું હોય છે અને આ કારણે ક્યારેક તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક પરિસ્થિતિના કારણે આવી સંસ્થાઓમાં પ્રવેશ લેતા અચકાય છે.

જોકે આ બાબતે એજ્યુકેશન સોસાયટીની વિશેષતા એ રહી છે તેમની બધી જ સંસ્થાઓમાં પ્રવેશ ફક્ત અને ફક્ત મેરીટના ધોરણે મળે છે. અહીં કોઈપણ પ્રકારનો મેનેજમેન્ટ ક્વોટા રાખવામાં આવ્યો નથી કે નથી કોઈ પણ જાતની ડોનેશન સીટ. એથી આગળ વધીને ત્રણથી ચાર ગણી ફી લઈને પ્રવેશ આપી શકાય તેવો એન.આર.આઈ. ક્વોટા પણ રદ કરી નાખવામાં આવેલ છે.

સાથે સાથે આર્થિક સંકડામણ અનુભવતા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉદાર અને પરિવારની આવક આધારિત શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જે અન્વયે વિદ્યાર્થીઓને ૨૫% થી લઈને ૧૦૦% સુધીની ફી માં રાહત આપવામાં આવે છે.

આનંદની વાત એ છે કે સંસ્થાની સાથે સાથે તેમના પ્રયત્નોને બળ આપે તેવી રીતે કોર્પોરેટ હાઉસ તથા વ્યક્તિગત દાનવીરો દ્વારા સમયાંતરે ઉદાર સખાવત મળતી રહે છે.

હમણાં જ થોડા સમય પહેલાં વડોદરા રહેતા નિવૃત્ત પ્રોફેસર શ્રી મનસુખભાઈ જી. શાહ દ્વારા સોસાયટીને રૂપિયા ૫૦ લાખનું માતબર ડોનેશન આપવામાં આવ્યું છે. ૯૩ વર્ષની પાકટ વયે પણ સક્રિય શ્રી મનસુખભાઈ શાહ શિક્ષણ, આરોગ્ય, જીવદયા અને વૈયાવચ્ચ ક્ષેત્રે ઉદાર દિલે સહાય કરી રહ્યા છે. પોતે ખૂબ જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં કોઈ દાતાની સહાયથી તે સમયની પ્રતિષ્ઠિત એચ. એલ. કોલેજમાંથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી શક્યા હતા એ એમણે હંમેશાં દિલમાં કોતરી રાખેલ છે. એની ઋણ મુક્તિ સ્વરૂપે અને એમને ખૂબ જ સહાયક એવા એચ. એલ. કોમર્સ કોલેજ - અમદાવાદના પ્રતિભાશાળી પ્રિન્સિપાલ સ્વ. ડો. એસ. વી. દેસાઈ સાહેબને સતત યાદ કરીને આવી મોટી રકમ સોસાયટીને કાયમી ભંડોળ સ્વરૂપે દાન કરી છે.

આ સખાવત થકી પ્રોફેસર એમ. જી. શાહ ઉચ્ચ શિક્ષણ સ્કોલરશિપ સ્કીમ બની છે. આ યોજના હેઠળ જૈન વિદ્યાર્થી ભાઈ બહેનો જેઓએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સંસ્થાઓમાંથી ગ્રેજ્યુએશન પૂરું કર્યું છે તેમને આઈ.આઈ.એમ., આઈ. આઈ. ટી., એન.આઈ.ડી. જેવી રાષ્ટ્રીય સ્તરે કાર્યરત અને નામાંકિત સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજે લોન આપવામાં આવશે. આ રકમ જે તે વિદ્યાર્થીએ અભ્યાસ પૂર્ણ થયા પછી અનુકૂળતા મુજબ નક્કી કરેલ હપ્તામાં પરત ચૂકવવાની રહેશે. આ પરત ચૂકવણીનો મુખ્ય ઉદ્દેશ એ છે કે એ રકમમાંથી પોતાની જેમ અન્ય વિદ્યાર્થીઓ પણ આર્થિક સંકડામણ ના અનુભવે અને પરિવાર ઉપર કોઈ નાણાંકીય જવાબદારી ન રાખતા ઉચ્ચ શિક્ષણ મેળવી શકે.

જે વિદ્યાર્થી ભાઈ બહેનોને આ યોજનાની જાણકારી જોઈતી હોય અથવા લાભ લેવો હોય તેમણે નીચે આપેલ ઈમેલ એડ્રેસ ઉપર કોન્ટેક્ટ કરવો.

***E-mail : info@aesahd.edu.in***

# કચ્છમાં મુંદ્રા શહેરની ભૂખી નદી નવસર્જન અભિયાન

મયૂર દેઢિયા

*તારીખ ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ના ગાંધીધામ ખાતે કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગ્લોબલ કચ્છ અને 'કચ્છમિત્ર'ના સથવારે એક ખૂબ જ સરસ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ લેખ તેની માહિતી માટેનો છે.*

## ભૂખી નદી નવસર્જન અભિયાનનો વિચારબીજ કઈ રીતે આવ્યો?

ગ્લોબલ કચ્છ અને કચ્છમિત્ર સાથે મળીને કચ્છને નંદનવન બનાવવા માટે ઘણી પ્રવૃત્તિઓ છેલ્લા કેટલાક વર્ષોથી કરે છે. આ ઉપક્રમે વર્ષ ૨૦૨૪ માં સૌ પ્રથમ વખત કેન્દ્રીય જળ મંત્રી શ્રી સી. આર. પાટીલને કચ્છ ગામ ભારાપર ધુફી ખાતે આમંત્રિત કરેલા. ત્યારે તેમના તરફથી એક સજેશન આવ્યું કે કચ્છની નદીઓને જો પાછી જીવંત કરાય તો પાણીની સમસ્યાનો ઘણો ઉકેલ આપણને મળી શકે. ગ્લોબલ કચ્છની ટીમે આ પડકાર ઝીલી લીધો અને તેના ટેકનિકલ પાસા વિચારી એક આખો અહેવાલ તૈયાર કર્યો. ત્યારબાદ સૌ પ્રથમ નદી તરીકે ગ્લોબલ કચ્છની ટીમે ભૂખી નદી ઉપર ખૂબ ડિટેલમાં રીપોર્ટ તૈયાર કર્યો. આ રીપોર્ટના ઘણા બધા પાસાઓની રજૂઆત જળ મંત્રાલયને કરવામાં આવી. ત્યારબાદ તેને અમલમાં લાવવા માટેની તૈયારી માટે વિશાળ ફંડ જોઈતું હતું. ગ્લોબલ કચ્છની ટીમે આ માટે કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેનશ્રી સાથે વાત કરી અને પહેલી જ મીટિંગમાં એમણે રૂપિયા ૨૦ કરોડનો સીએસઆર આપવાનું એલાન કર્યું. કંડલા પોર્ટ ટ્રસ્ટની ટીમના સભ્યો તેમજ ગ્લોબલ કચ્છ અને કચ્છમિત્રની ટીમના મેમ્બરો સાથે એક ડીપી પ્લાન તૈયાર કરવામાં આવ્યો. તે જ પ્લાન પ્રમાણે તારીખ ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ના શ્રી સી. આર. પાટીલના હસ્તે આ યોજનાનું ખાતમુહૂર્ત કરાયું.

## ભૂખી નદી ઉપર આ યોજના શું છે?

ભૂખી નદી કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકામાંથી પસાર થતી ૩૨ કિલોમીટરની લગભગ સૂકાઈ ગયેલી નદી છે. વર્ષો પહેલા અહીં નદીનો પટ હર્યો ભર્યો હતો. પરંતુ કાલાંતરે આ સૂકાઈ ગઈ. આ યોજના અંતર્ગત આ ૩૨ કિલોમીટરની નદીને જરૂરત પ્રમાણે ઊંડી કરી સાફ કરવામાં આવે અને તેમાં રહેલી માટી અને બીજા વિઘ્નો સાફ કરી નદીનું વહેણ પાછુ ચાલુ કરી શકાય.

આ યોજના પ્રમાણે હવે નદીમાં ૩ નવા ચેકડેમ બનશે અને આઠ જૂના ડેમોની મરામત થશે. એક મોટું તળાવ બનશે કે જે નદીનો ઓવરફલો સંગ્રહ કરી શકે. નદીના પટમાં ૧૦ એવા રીચાર્જ બોરવેલ બનશે કે જેથી કરી નદીની આજુબાજુમાં ભૂગર્ભમાં રહેલા પાણીના સ્તર ૧૫ મીટર સુધી વધશે. નદીની બંને બાજુ જે રેટ નીકળશે તેને વ્યવસ્થિત રીતે પાડો બનાવી અને તેમાં લગભગ પચાસ હજારથી વધુ વૃક્ષો વવાશે. નદીના પટને સાફ કરી અને તેમાંથી ગાંડો બાવળ કાઢી નાખવામાં આવશે. જેથી કરી તેનું પ્રાકૃતિક વહેણ પાછું ચાલુ થઈ જાય. મુંદ્રા શહેરની બાજુમાં અમદાવાદ જેવું રીવરફ્રન્ટ બનાવવામાં આવશે.

આ યોજનાથી ૧૧ ગામોને સીધો ફાયદો થશે જે ગામોના નામ છે : વાંકી, પત્રી, નાના કાંડાગરા, લાખાપર, વિરાણીયા, ટોડા, માંગરા, પ્રાગપર, મોટા કપાયા, ભોરારા અને મુંદ્રા શહેર. આ ઉપરાંત બીજા ૧૪ ગામોને આડકતરો ફાયદો થશે. જે ગામોના નામ છે : મોટી ભુજપુર, કારા ગોગા, બરાયા, સમાગોગા, પ્રતાપર, નાના કપાયા, બારોઈ, ગુંદાલા, સાડાઉ, રતડિયા, કાચરીયા, ટપ્પર, કન્જરા અને મોટા વાડા. આમ લગભગ ૨૫ ગામોને ખૂબ સારી રીતે ફાયદો થશે.

પાણીની સાથે સાથે આ ગામોમાં પર્યટન વિકાસ અને ખેતીવાડી જેવી પ્રવૃત્તિને વેગ મળશે.

## આ કાર્યક્રમની ફળશ્રુતિ

આ કાર્યક્રમના આયોજન અને રજૂઆતથી ઘણા લોકોને કચ્છ માટે ખૂબ મોટી આશા જાગેલ છે. આ કાર્યક્રમને અંતે કચ્છી જૈન સમાજના ઉદાર દાનવીર એન્કરવાલા પરિવાર તરફથી શ્રી સંજયભાઈ શાહે રૂપિયા ૫૦ કરોડની બીજી ૭ નદીઓ માટે લોકફાળા માટેની જાહેરાત કરી. તેમજ એક સદગૃહસ્થ તરફથી રૂપિયા ૨૦ કરોડ આજ રીતના બીજી નદીઓના વિકાસ માટે આપ્યા. ગાંધીધામના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ રૂા. ૨ કરોડ પાણી અને બોરવેલ માટે થનારા કાર્ય માટે જાહેર કર્યા. જી.એમ.ડી.સી. તરફથી રૂપિયા ૧.૪૧ કરોડ લખપત ખાતે ત્રણ તળાવ બનાવવા માટે આપ્યા. સિંચાઈ વિભાગ તરફથી નાગમતી નદીને કાયાકલ્પ કરવા માટે રૂપિયા ૮.૧૬ કરોડ ગ્લોબલ કચ્છ સાથે એમ.ઓ.યુ.ની જાહેરાત કરવામાં આવી. તેમજ કંકાવટી નદી ખાતે ચેકડેમના સમારકામ માટે રૂપિયા ૧.૨૧ કરોડ ગામ ખરૂઆના શ્રીમતી કાજલબેન મહેન્દ્ર શાહે આપ્યા

આમ આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. કચ્છના બધા જ ધારાસભ્યો શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી અનિરૂદ્ધભાઈ દવે, શ્રી કેશવ પટેલ, શ્રીમતી માલતીબેન મહેશ્વરી, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, સાંસદ સભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્ય આ કાર્યક્રમમાં શ્રી સી. આર. પાટીલ સાથે ઉપસ્થિત રહેલ હતા. કચ્છ મિત્ર તરફથી તેમના મેનેજિંગ ડાયરેક્ટર તેમજ ગ્લોબલ કચ્છના પ્રેસિડેન્ટ શ્રી હાર્દિકભાઈ મામણિયા અને ગ્લોબલ કચ્છના ટ્રસ્ટીઓ ઉપસ્થિત હતા.

### ભૂખી નદીનો કાયાકલ્પ : શું થશે લાભ?

- નદીના પટના ૩૨ કિ.મી. વિસ્તારમાં આવતા ૧૧ પ્રત્યક્ષ અને ૧૪ પરોક્ષ ગામમાં પાણીની ઉપલબ્ધતા વધશે.
- ભૂગર્ભજળ ૧૫ મીટર સુધી ઊંચા આવશે.
- પાણીની સંગ્રહ ક્ષમતા ૧.૫૦ મિલિ. ઘન લીટર (MCL) થશે.
- સિંચાઈ વધશે : ૯૪૦૦૦ હેક્ટર (પ્રત્યક્ષ) અને ૯૮૦૦ હેક્ટર (પરોક્ષ). જેનાથી ખેતીની આવક ૨૦ ટકા સુધી ઊંચી જશે.
- ૫૦,૦૦૦થી વધુ માનવ દિવસ અને કાયમી નોકરીઓનાં સર્જન સાથે રોજગાર વધશે.
- સ્વચ્છ પાણીને લીધે ૩૦થી ૩૫ ટકા પાણીજન્ય રોગો ઘટશે.
- આજીવિકા અને પાણીની ઉપલબ્ધતામાં સુધારા સાથે ૨૫થી ૩૦ ટકા સુધી મોસમી સ્થળાંતર ઘટશે.
- સામુદાયિક સશક્તિકરણ : નદીની સંભાળ માટે યુવાનો અને મહિલાઓને સામેલ કરાતાં ૧૧ ગામમાં BRMC ની રચના.
- આયુષ્યમાં બે વર્ષથી વધુનો અપેક્ષિત વધારો.
- ભૂખી નદી સાથે જોડાયેલા સ્થાનિક મેળાઓ, ધાર્મિક પરંપરાઓ અને સાંસ્કૃતિક ગૌરવ પુનર્જીવિત થતાં સાંસ્કૃતિક અને ભાવનાત્મક જોડાણનું પુનરુત્થાન.
- રમતના મેદાનો અને એલ.ઈ.ડી. લાઈટીંગ સાથેના ૧૧ રીવરફ્રન્ટ પાર્ક વિકસશે. જેથી ઈકો ટુરિઝમ અને સ્થાનિક ઉદ્યોગ સાહસિકતાને બળ.
- કુલ લગભગ ૫૦,૦૦૦થી વધુ વૃક્ષના ઉછેર સાથે ૭.૩૦ હેક્ટર વિસ્તારમાં હરિયાળી છવાઈ જશે.

## પિતા દામજીભાઈ એન્કરવાલાનો વારસો આગળ ધપાવવાનું ગૌરવ


અતુલભાઈ એન્કરવાલા સંજયભાઈ એન્કરવાલા

ભૂખી નદી નવસર્જન યોજનાના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જળસંવર્ધન અને નદીઓના પુનરોદ્ધાર માટે સરકારી યોજનામાં જનભાગીદારી તરીકે રૂા. ૫૦ કરોડના માતબર અનુદાનની દામજીભાઈ એન્કરનાલા પરિવાર વતી જાહેરાત કરનારા તેમના પુત્રો સંજયભાઈ અને અતુલભાઈ એન્કરવાલાએ લાગણીભરી પ્રતિક્રિયામાં કહ્યું કે, આ પહેલ સાથે તેઓ તેમના પિતા દામજીભાઈનાં કાર્યોને આગળ વધારી રહ્યા છે.

આજના દિવસે અમારા પિતાશ્રી દામજીભાઈ એન્કરવાલા યાદ આવે એ સ્વાભાવિક છે. આપ સૌ જાણો છો કે, વોટરમેન ઑફ કચ્છ તરીકે જાણીતા દામજીભાઈએ આખું જીવન પાણીદાર કચ્છ, લીલાછમ કચ્છની કલ્પના કરી અને એ માટે ઝઝુમતા રહ્યા. પિતાશ્રીનો એ વારસો હવે અમે આગળ લઈ જવા માંગીએ છીએ. કચ્છની ધરતીમાં પાણી ઉતરે, નદીઓમાં પાણી વહેતું રહે એ સપનું હવે સાકાર થવા જઈ રહ્યું છે, એનું એન્કરવાલા પરિવારને ગૌરવ છે.

અમારા પિતા દામજીભાઈએ જીવનમાં સારા કામો કર્યા અને અમે પણ એ જ રસ્તે આગળ વધીને કચ્છને મદદરૂપ બનવા હંમેશાં તૈયાર છીએ, એમ સંજયભાઈ અને અતુલભાઈએ ઉમેર્યું હતું.

*(**નોંધ :** કચ્છમાં ભૂખી નદી તથા અન્ય ૭ નદીઓના પ્રોજેક્ટને હાથ પર લેવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા તેનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' ગ્લોબલ કચ્છ, કચ્છ મિત્ર, કંડલા પોર્ટ ટ્રસ્ટ તથા એન્કર પરિવાર સહિત દરેક દાતાશ્રીઓને તેમજ દરેક સહભાગીને એક ઉમદા કાર્ય કાજે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને દરેક પ્રત્યે પોતાના આભારની લાગણી વ્યક્ત કરે છે.)*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૯૨

### શ્રી ચિત્તોડગઢ તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન)



ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા પરાક્રમી વીરોની ભૂમિ તરીકે ચિત્તોડગઢ ઇતિહાસમાં અમર નામના ધરાવે છે. આ ગઢનું નિર્માણ મૌર્યવંશી રાજવી ચિત્રાંગદેએ કર્યું હતું. વિક્રમની આઠમી સદીમાં બાપા રાવળે ચિત્તોડગઢ પર પોતાનું રાજ્ય સ્થાપ્યું. મહારાણી પદમિનીનું જૌહર, મહારાણા પ્રતાપની વીરતા, મીરાંબાઈની ભક્તિ અને દાનવીર ભામાશાની ઉદાર ભાવનાઓથી આ ભૂમિ હંમેશાં ઇતિહાસનું ઉજ્જવળ પૃષ્ઠ બની રહી છે. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ અહીં રહીને વિપુલ સાહિત્યસર્જન કર્યું. સાત માળવાળો જૈન કીર્તિસ્તંભ જૈનોની સમૃદ્ધિનું પ્રતીક છે. એક સમયે આ સ્થળે અનેક ભવ્ય જિન મંદિરો હતા, પરંતુ સમયના પ્રવાહમાં આજે માત્ર પાંચ જ જિન મંદિરો રહ્યાં છે. શ્રી મહાવીર સ્વામીનું ગુંબજવાળું મંદિર, શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર, સતવીર દેવરીના નામથી પ્રસિદ્ધ આદિશ્વરનું મંદિર અને શ્રી શાંતિનાથ તથા શ્રી પાર્શ્વપ્રભુનું મંદિર મળે છે. સતવીર દેવરી મંદિર બાવન જિનાલયથી સુશોભિત છે. એમાં મૂળનાયક ભગવાન આદિશ્વરની પ્રતિમા અતિ પ્રાચીન અને ભવ્ય છે. આમાં ત્રણ મંદિરનો જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૮ માગશર સુદ બીજના દિવસે આ. શ્રી વિજયનીતિસૂરિજીના સુહસ્તે થયો. અહીંની મૂર્તિઓ પર વિ.સં. ૧૪૬૯, ૧૫૦૫, ૧૫૧૩ અને ૧૫૩૬નો લેખ કોતરાયેલો છે. શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર વિ.સં. ૧૨૩૨માં બન્યું હતું. એ ખંડિત થતાં મહારાણા કુંભના ખજાનચી વેલાએ વિ.સં. ૧૫૦૫માં એનો જીર્ણોધ્ધાર કરીને પ્રતિષ્ઠા કરી હતી.

## તીર્થ દર્શન-૯૩

### શ્રી ઉદયપુર તીર્થ (ભાવિ તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામી)



મહારાણા ઉદયસિંહના નામ પર વસેલી આ સુંદર નગરી મેવાડની રાજધાની છે. યાત્રાળુઓ અને પ્રવાસીઓ માટે આ એક આકર્ષક નગર છે. આ નગરી અનેક મંદિરો અને રાજમહેલોથી સુશોભિત છે. ભગવાન મહાવીરના પરમ ઉપાસક અને શાસન પ્રભાવક મહારાજા શ્રેણિકનો જીવ ભાવિ ચોવીસીમાં પ્રથમ તીર્થંકર બનવાનો છે. એનું નામ હશે પદ્મનાભ. આ જિન મંદિરમાં ભાવિ તીર્થંકર શ્રી પદ્મનાભની પ્રતિમા બિરાજમાન છે જે અત્યંત ભવ્ય છે.

ઉદયપુરમાં અન્ય જૈન દેરાસરો છે. એમાં ૧૦૮ પાર્શ્વનાથમાંના શ્રી ચંદા પાર્શ્વનાથ અને શ્રી સમીના પાર્શ્વનાથના દેરાસરો છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## માણસનો સ્વભાવ

પ્રાર્થના કરતી વખતે વ્યક્તિ સમજે છે કે ભગવાન સાંભળી રહ્યા છે. ટીકા કરતી વખતે, તે ભૂલી જાય છે.

પુણ્ય કરતી વખતે વ્યક્તિ સમજે છે કે ભગવાન જોઈ રહ્યા છે. પાપ કરતી વખતે, આ ભૂલી જાય છે.

દાન કરતી વખતે સમજે છે કે ભગવાન દરેક વ્યક્તિમાં છે. ચોરી કરતી વખતે, તે ભૂલી જાય છે.

પ્રેમ કરતી વખતે સમજે છે કે આખું વિશ્વ ભગવાન દ્વારા બનાવવામાં આવ્યું છે. નફરત કરતી વખતે, ભૂલી જાય છે.

***અને છતાં પણ માણસ પોતાને બુદ્ધિમાન સમજે છે.***

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# ભૂકંપ ગોઝારો : અનુભવ અનોખા!

જગદીશચંદ્ર છાયા

૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીનો ગોઝારો ભૂકંપ કચ્છીઓ કદી ભૂલી નહીં શકે. કચ્છનો ઈતિહાસ-ભૂગોળ જાણે કે બે ભાગમાં વહેંચાઈ ગયા – ભૂકંપ પહેલાનું કચ્છ અને પછીનું કચ્છ!

ભૂકંપ દરેકને વ્યક્તિગત અનુભવનું અવિસ્મરણીય ભાથું આપી ગયો છે. અમને અનેરો અનુભવ થયો હતો.

એ દિને પ્રજાસત્તાક દિન હોઈ, મારી શાળામાં ધ્વજ વંદનની તૈયારી ચાલતી હતી ને ભયાનક ભૂકંપ આવ્યો. ધરતીમાતા હોડીની જેમ ડોલવા લાગી અનેક સુપરસોનીક વિમાનો પસાર થતાં હોય એવો ઘરઘરાટીભર્યો અવાજ. ધૂળની ડમરીઓ ઉડી. અમારા માટે પણ આવો અનોખો અનુભવ નવો હતો. શાળાના બાળકો એકદમ ગભરાઈ ગયાં, રડવા લાગ્યાં. એ આફત સમયે અમારામાં એમને મા-બાપ દેખાયાં હોય તેમ અમને ભેટી પડ્યાં!! અફડાતફડીમાં કેટલાંક બાળકો પડી ગયાં. અમારી હાલત પણ એવી જ હતી. છતાં અમારું કામ કપરો સમય સાચવવાનું હતું. અમને પણ અમારા પરિવારની ચિંતા હતી પણ બાળકોને રેઢાં મૂકીને જવાનું મન ચોખ્ખી 'ના' પાડતું હતું. એમાંય મારી તો આચાર્યની જવાબદારી! સ્ટાફને મુક્ત કર્યા પછી પણ હું બાળકોના ઘેરા વચ્ચે બેસી રહ્યો ને મનમાં છૂપી ચિંતા, ભયને દબાવીને ધરપત આપવા મથતો રહ્યો. જો કે વાલીઓ પોતાના કામ ધંધા છોડીને શાળામાં આવી ગયાં ને પોતાનાં વહાલસોયાં સંતાનોને સહીસલામત જોઈ ભાવવિભોર બની ગયાં!

આ અણધારી વિકટ પરિસ્થિતિમાં ધ્વજવંદન માટે કોઈ મહેમાન આવી શક્યા નહીં. એટલે છેવટે મેં જાતે ધ્વજવંદન કર્યું. પછી ઘર તરફ જતા રસ્તામાં જે દૃશ્યો જોયા એ હૃદયને હલબલાવી ગયાં. એનું વર્ણન કરવાની મારામાં ક્ષમતા નથી.

ઘરે પહોંચીને જોયું તો સલામતી હતી. સૌ ભયભીત ખરા પણ સલામત રીતે એકબીજાના સહારે ચોકમાં એકત્ર થઇ ગયાં હતાં. રેડિયો પરથી પણ સૌ પ્રથમ અમારી કૉલોની વિષે આ મુજબ ભૂકંપ સમાચાર પ્રસારિત થયા, "ઉમેદનગર કોલોની સહી સલામત છે!" આ ઘટનાની ઈતિહાસમાં નોંધ લેવાશે.

બીજો સંયોગ એવો રચાયો કે ઓફિસમાં ભૂકંપ અંગેનો સૌથી પહેલો અહેવાલ મેં આપ્યો કે, "અમારી શાળા અને તમામ બાળકો સહીસલામત છે."

### શાળા એટલે પાદરનું તીર્થ

ભૂકંપ સમયે અમારી ભુજ શાળા નં.-૨૦ સલામત રહેતાં, આ સરસ્વતીધામ એ વખતે સાર્વજનિક દવાખાનું, સામૂહિક રસોડું (અન્નપૂર્ણાધામ), કોઠાર અને અનેક લોકો માટે આશીર્વાદરૂપ આશ્રયસ્થાન બની ગઇ હતી. જાણે 'પાદરનું તીર્થ!' ભૂકંપગ્રસ્તો માટે રાહત હેતુ આવેલી ખાદ્ય સામગ્રીનો સ્ટોક શાળામાં રાખવા દેવા મેં તરત નિર્ણય લઈ, શાળા ખોલી દીધી હતી. કારણ કે ભૂકંપ કે એવી કોઈ પણ આફતો વખતે ઓફિસની મંજૂરી લીધા વિના શાળાના ઓરડા જનતાની સુવિધા હેતુ ખોલી આપવાની આચાર્યશ્રીઓને કાયમી સુચના આપવામાં આવી હોય છે. એટલે હું નિશ્ચિત હતો.

જો કે અમે એ વખતે પંજાબથી આવેલા શીખબંધુઓ દ્વારા ચાલતાં લંગર પ્રસાદનો લાભ લેતા. શાળામાં સંગ્રહિત સ્ટોક એ વિસ્તારના અગ્રણીઓ ઉપરાંત મારા હસ્તક પણ હોવા છતાં શાળામાંથી એકપણ વસ્તુનો ઘર માટે ઉપયોગ કર્યો ન હતો એનો આજે પરમ સંતોષ સાથે આનંદ માણી શકું છું.

### વેકેશનમાં શાળા ચાલુ..

૨૦૦૧ના ગોઝારા ભૂકંપ પછી બાળકો હળવાશ અનુભવે, એમનું માનસિક સ્વાસ્થ્ય જળવાય એ માટે જેમને અનુકૂળ હોય એમને વેકેશનમાં પણ સ્વેચ્છાએ શાળાઓ ચાલુ રાખવાની સુચના હતી. અમારા ઘરથી શાળા દૂર હોવા છતાં, મેં એકલાએ આખું વેકેશન શાળા ચાલુ રાખી હતી એનો મને પરમ સંતોષ છે. ભયાનક ભૂકંપે મારી શાળા, ઘર અને મારા પરિવારને સલામત રાખતાં શાળા ચાલુ રાખવી એ મારી ફરજ સમજ્યો હતો. એ વખતે શાળામાં ભણતાં ન હોય એવાં બાળકોને પણ શાળામાં આવવાની છૂટ હતી. એમના માટે મનગમતી પ્રવૃત્તિઓ કરાવવા સાથે અવનવી રમતો રમાડવાનો આનંદ અનેરો હતો પણ વિશેષ આનંદ તો બાળકોના કિલ્લોલ કરતા હસતા ચહેરા જોઈને થતો. શિક્ષકને સદા સક્રિય રહેવું ગમે. એ આળસુ હોઈ જ ન શકે. સાચો શિક્ષક વાસ્તવમાં આજીવન વિદ્યાર્થી જ હોય છે.

### પોતાનાં ઘરમાં બન્યા પારકા!

ભૂકંપના અમારા અનેરા અનુભવની આ વાત તો વળી સાવ અનોખી જ છે.

એ દિવસોમાં કોલોનીમાં મુંબઈથી લગ્નની જાન ન્યુ ઉમેદનગર કોલોનીમાં આવી હતી. અમારા માટે એ સાવ અજાણ્યા લોકો. એમાં વૃદ્ધાવસ્થાવાળાં વડીલો પણ હતાં. કાતિલ

ઠંડી હતી. ચોકમાં કેટલાક ટેન્ટ બંધાઈ જતા લોકો એમાં રહેવા લાગ્યા હતાં પણ જાનૈયા વડીલો આ અચાનક બદલાયેલી પરિસ્થિતિમાં ગભરાટ અનુભવતા હતા. અમારું ઘર ચોકમાં છે.

અમારે લગ્ન પ્રસંગે મસ્કા જવાનું હતું. મુંબઈવાસી જાનૈયાઓને એ વાતની જાણ થતાં જ અમને વિનંતી કરી કે, "તમે બહારગામ જાઓ છો તો ઘર ખુલ્લા રાખી જાઓ તો જાનૈયા વડીલોને ઘરમાં હૂંફ અને રાહત મળશે. સાથે એમની લેટ્રીન-બાથરૂમ, ઠંડીથી રક્ષણ જેવી સગવડ સચવાશે." અને અમે એમના માટે ઘર ખુલ્લાં રાખ્યા. અને વિશેષમાં, જરૂર પડે તો સેવા હેતુ ઉપયોગ કરવા એક મિત્રને અમારી કારની ચાવી પણ આપી દીધી.

કમાલ ત્યારે થઈ જ્યારે લગ્ન પ્રસંગ પતાવીને અમે ઘરે પાછાં આવ્યાં. અમારા ઘરમાં પ્રવેશતાંની સાથે જ એમાં રહેતા એ 'અજાણ્યા લોકો'એ અમને રોકીને પૂછ્યું, "ભાઈ, કોનું કામ છે?!"

ઓહો! આ તો પોતાનાં જ ઘરમાં અમે પારકા બન્યા હતા!

ભારતનો ભૂકંપ નકશો હવે સત્તાવાર રીતે બદલાઈ ગયો છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા જાહેર કરાયેલા નવા Earthquake Design Code IS-1893 (2025) મુજબ દેશને હવે પાંચ ઝોન – ઝોન II, III, IV, V અને નવા સૌથી ખતરનાક ઝોન VIમાં વહેંચવામાં આવ્યો છે. નવા વૈજ્ઞાનિક PSHA (Probabilistic Seismic Hazard Assessment) આધારિત આ મેપ બતાવે છે કે હવે ભારતનો અંદાજે ૬૧% જમીન વિસ્તાર મધ્યમથી લઈને ખૂબ ઊંચા જોખમ સુધીના ભૂકંપ ઝોનમાં આવે છે અને આશરે ૭૫% જનસંખ્યા ભૂકંપ સંવેદનશીલ વિસ્તારમાં વસે છે.

### સાવધાન કચ્છ

હાલમાં સમાચાર પ્રસિદ્ધ થયા છે એ અત્રે અક્ષરશઃ રજૂ કરું છું.

નવા ઝોનિંગમાં સૌથી મોટો ફેરફાર એ છે કે સમગ્ર હિમાલય પ્રદેશને પહેલી વાર અલગ 'ઝોન VI'માં મૂકાયો છે, જ્યાં અત્યંત તીવ્ર ભૂકંપની સંભાવના માનવામાં આવે છે. તાજેતરના મીડિયા ખાસ કરીને ભુજ અને રણ વિસ્તાર રિપોર્ટ્સ અને નકશાની રજૂઆત મુજબ ગુજરાતનું કચ્છ પણ હાઈએસ્ટ જોખમ ધરાવતા ઝોનમાં દર્શાવવામાં આવ્યો છે, એટલે કે આપણે પહેલાથી જ જાણીતા ઊંચા જોખમવાળા પ્રદેશમાંથી હવે દેશના ટૉપ કેટેગરી સીસ્મિક જોખમ વિસ્તારમાં આવી ગયા છીએ.

કચ્છ માટે તેનો અર્થ માત્ર એટલો નથી કે "અહીં ભૂકંપ આવે છે" પણ હવે પ્લાનિંગ અને બાંધકામમાં ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈન ફરજિયાત ઝડપથી કડક થવાની જરૂર છે. રહેણાંક મકાન હોય કે ઉદ્યોગ, પોર્ટ, હાઈવે, બ્રિજ, સ્કુલ-હોસ્પિટલ જેવી લાઈફલાઈન ઈમારતો, બધામાં નવી BIS ગાઈડલાઈન મુજબ મજબૂત સ્ટ્રક્ચરલ ડિઝાઈન, સારી ક્વોલિટી મટીરિયલ અને લોકલ માટી - ફોલ્ટ લાઈનનો અભ્યાસ સ્ટાન્ડર્ડ બનશે.

૨૦૦૧ના ભુજ ભૂકંપની યાદ હજુ તાજી છે. નવો નકશો કચ્છને સાવચેત અને જવાબદાર બનવા માટેનો એલાર્મ છે – જેથી આવતા વર્ષોમાં વિકાસ પણ થાય અને લોકોની સલામતી પણ પહેલી પ્રાથમિકતા બની રહે.

ગાફેલિયત ભયંકર સાબિત થઈ શકે છે. તેથી હવે સતર્કતાને આપણો જીવનમંત્ર બનાવીએ. ■

---

## વિશ્વ બ્રેઇલ દિવસ

(અનુસંધાન : પાના નં. – ૫૫ ઉપરથી ચાલુ)

કરવામાં આવ્યો હતો. આ બિંદુઓને ૬-૬ની ૨ પંક્તિઓમાં રાખવામાં આવ્યા હતા. જોકે, 'નાઈટ રાઈટિંગ' લિપિમાં વિરામ ચિહ્ન, સંખ્યાઓ અને કોઈ પ્રકારના ગાણિતિક ચિહ્ન ન હતા. 'નાઈટ રાઈટિંગ' લિપિની જાણકારી મળ્યા બાદ લુઈ બ્રેઈલ પ્રજ્ઞાચક્ષુઓ માટે ખાસ લિપિ બનાવવાની યોજના પર કામ કરવા લાગ્યા. લુઈએ બ્રેઈલ લિપિમાં ૧૨ની જગ્યાએ ફક્ત ૬ બિંદુઓનો ઉપયોગ કરીને ૬૪ અક્ષર અને ચિહ્ન તૈયાર કર્યા. બ્રેઈલ લિપિમાં તેમણે ગાણિતિક ચિહ્નો, વિરામ ચિહ્ન અને સંગીતના નોટેશન લખવા માટે જરૂરી ચિહ્ન પણ બનાવ્યા. આ રીતે લુઈ બ્રેઈલે ૧૮૨૫માં ફક્ત ૧૬ વર્ષની ઉંમરમાં જ પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલ લિપિનો આવિષ્કાર કરી નાખ્યો. જોકે, લુઈ બ્રેઈલ લાંબુ જીવી ન શક્યા. ૧૮૫૧માં લુઈને ટ્યુબરક્યુલોસિસ એટલે કે ટીબીની ગંભીર બીમારી થઈ અને તેમની તબિયત કથળવા લાગી. ફક્ત ૪૩ વર્ષની વયે પોતાના જન્મદિવસના ૨ દિવસ બાદ ૬ જાન્યુઆરી ૧૮૫૨ના રોજ તેમનું મૃત્યુ થયું. બ્રેઈલ લિપિના શોધક લુઈ બ્રેઈલ આજે પણ ભારતમાં પૂજવામાં આવે છે. ૨૦૦૯માં ભારત સરકારે લુઈ બ્રેઈલની ૨૦૦મી જયંતિ નિમિત્તે તેમના માનમાં એક ટપાલ ટિકિટ અને બે રૂપિયાનો સિક્કો બહાર પાડ્યો હતો. તેમની બ્રેઈલ લિપિ પ્રજ્ઞાચક્ષુઓ માટે ઘણી મદદરૂપ સાબિત થઈ અને આજે પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે.

સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

# જાણ્યા તોય અજાણ્યા કચ્છની ઓળખ કોને છે?

ભારતની પશ્ચિમે અને પાકિસ્તાનની દક્ષિણ અને પૂર્વ સરહદે આવેલું મોટું અને નાનું રણ એટલે કચ્છનું રણ. આજકાલ આ પ્રદેશ ડ્રગ્સની હેરાફેરી માટે બહુ મહત્ત્વનો પ્રદેશ છે. કચ્છના નાના-મોટા બંને રણનું ક્ષેત્રફળ ૨૭,૩૦૦ ચો.કિ.મી. છે. મોટું રણ પૂર્વ-પશ્ચિમ ૨૫૬ કિ.મી. લાંબું અને ઉત્તર-દક્ષિણ ૧૨૮ કિ.મી. પહોળું છે. તેનું ક્ષેત્રફળ ૧૮,૧૨૨ ચોરસ કિ.મી. છે. નાનું રણ ૧૨૮ કિ.મી. લાંબું અને ૧૬થી ૬૪ કિ.મી. પહોળું છે. તેનું ક્ષેત્રફળ ૫,૧૭૮ ચો.કિ.મી. છે. કચ્છના રણમાં લૂણી, બનાસ, સરસ્વતી અને રૂપેણ નદીઓ ચોમાસામાં પૂર સાથે કાદવ તાણી લાવે છે. કચ્છના રણમાં ખાસ કરીને રેતી જોવા મળતી નથી. પહેલાં આ જગ્યાએ 'ટેથીઝ'ના ભાગરૂપ સાંભર સરોવર સુધી વિસ્તરેલો સમુદ્ર હતો. ભૂકંપને કારણે સમુદ્રનું પેટાળ ઉપસી આવતાં આ ભૂમિ બની છે. એટલે આ ખારો પાટ છે. મોટા રણમાં મળી આવતી માટીનું પડ ૯૦ સે.મી. જાડું છે. નાના રણમાં કેટલીક ખેડાતી જમીન પણ છે.

રણના પગપેસારાની અસર ધીમી હોય છે. પાકના ઉતાર ઉપર પણ તેની અસર પડે છે, પણ રણના સરહદી વિસ્તારમાં બાજરીનો પાક લેવાતો હોય છે, તેથી આ અસર બહુ દેખાતી નથી. રણને આગળ વધતું અટકાવવા માટે સૂચનો કરવા સારુ ગુજરાત યુનિવર્સિટીએ નીમેલી રામનાથન સમિતિએ રણને અટકાવવા રામબાવળ અને ક્ષારનિરોધક વનસ્પતિ ઉગાડવા અંગે ભલામણ કરી હતી, કારણકે આ પ્રકારનું બાવળનું વૃક્ષ ઝડપથી ફેલાય છે અને તે જમીનનો ક્ષાર ચૂસી લઈને તેને મીઠી બનાવે છે. બન્ની સહિત કચ્છના રણના સરહદી વિસ્તારમાં આનો સફળ પ્રયોગ થયેલો છે.

જૂનથી નવેમ્બર દરમિયાન રણ જળબંબાકાર બની જાય છે. છેક ફેબ્રુઆરી સુધી તેમાં કાદવ કીચડ રહે છે. નાનું રણ મોટા રણ કરતાં વહેલું સૂકાઈ જાય છે. શિયાળામાં સાઈબીરિયામાંથી સુરખાબ પક્ષીઓ આવીને તેમના માળા બાંધે છે જે અત્યારે દેખાય છે. નાના રણમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વચ્ચેના વિસ્તારમાં ઘુડખર જોવા મળે છે. વિશ્વમાં આ એકમાત્ર સ્થળ છે જે ઘુડખરના અભયારણ્ય તરીકે જાહેર થયેલું છે. રણની કાંટાવાળી વનસ્પતિ અને સરહદી વિસ્તારમાંના ખેતરોમાંના પાક ઉપર આ પ્રાણીઓ નભે છે. નાના રણમાં સમુદ્રનું પાણી ન પ્રવેશે તે માટે બંધ, ને પૂલની ગરજ સારે તેવો પૂલ સૂરજબારી પાસે બંધાયો છે. મોટા રણના ઊંચાણવાળા ભાગ ચોમાસામાં બેટ બની જાય છે. પચ્છમ, ખડીર, ખાવડા અને બેલા રણમાં આવેલા આ પ્રકારના બેટ છે. પચ્છમમાં આવેલો કાળો ડુંગર ૪૫૮ મીટર ઊંચો છે.

ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાને કચ્છના રણની ઉત્તર સરહદના કેટલાક ભાગ ઉપર દાવો કરી આક્રમણ કર્યું હતું. પાકિસ્તાન વેસ્ટર્ન બાઉન્ડરી કેસ ટ્રીબ્યુનલના ફેબ્રુઆરી ૧૯૬૮ના ચુકાદા મુજબ રણનો ૯૦ ટકા વિસ્તાર ભારતના ભાગે આવેલો છે, જ્યારે તેનો ૧૦ ટકા હિસ્સો પાકિસ્તાનને મળેલો છે. મોટા રણ અને નાના રણમાં સિંધમાં જવાના પગરસ્તા છે. આજકાલ એ રસ્તા પર મધરાત પછી ડ્રગ્સની હેરાફેરી થાય છે. સોમનાથ ઉપર આક્રમણ કરીને મહમદ ગઝની ઈ.સ. ૧૦૨૪માં આ રસ્તે પાછા ફરતા રણમાં ફસાઈ ગયો હતો. કચ્છના રણના ભૂતળમાંથી પેટ્રોલિયમ અને ગત્સ મળવાનો સંભવ છે. ચોમાસામાં રણમાં મુસાફરી થઈ શકતી નથી. પાણી સૂકાયા પછી જમીન ખૂબ સખત બની જાય છે.

રણને નવસાધ્ય કરવાના પ્રયત્નો સરકાર તરફથી થાય છે પણ સાવ અધૂરા, ઉતાવળા અને મોસમી. કચ્છનું રણ બનાસકાંઠા અને મહેસામા જિલ્લામાં આગળ ન વધે તે માટે કાંટાળા બાવળ અને તેના જેવી વનસ્પતિ વાવીને તેને અટકાવવાનો પ્રયાસ કરાયો છે, પરંતુ હવે રણ એને ગણકાર્યા વિના આગળ ધપી રહ્યું છે. મહેસાણા કરતાંય બનાસકાંઠા પર જોખમ વધુ છે. હવે બનાસકાંઠાને રણથી બચાવવા માટે એકલી સરકાર પહોંચી વળે એમ નથી. એમાં સ્થાનિક ઉત્તર ગુજરાતી એનજીઓ જેવી સંસ્થાઓએ રસ લેવો જોઈએ.

ગુજરાતના ભૂપૃષ્ઠ સ્વરૂપે આજે જોવા મળતા ભાલ અને નળકાંઠાના પ્રદેશો તેમજ કચ્છનું રણ બે હજાર વર્ષ પૂર્વે અરબી સમુદ્રની દરિયાઈ પાંખ હેઠળ હતા. વેદાદિ સાહિત્યમાં ઉલ્લેખાયેલી અને પછીથી સૂકાઈ ગયેલી સરસ્વતી નદી અરબી સમુદ્રની આ પૂર્વીય પાંખને મળતી હતી. કોરીનાળથી ઉમરગામ સુધીનો આજનો ૧૬૦૦ કિ.મી.નો સાગરકાંઠો તે કાળે ૨૨૦૦ કિ.મી.નો હતો. કચ્છ એ વખતે બેટ સ્વરૂપે હતું. ઉત્તરે લૂણી (લવણિકા) નદીના મુખ આગળથી કચ્છના રણની કિનારી પરના બનાસકાંઠાના વાવ, મહેસાણાના સમી અને સાંતલપુર તેમજ ઝાલાવાડના દસાડા તાલુકાના વિસ્તારો તત્કાલીન દરિયાઈ પાંખ પર હતા અને ત્યાં બંદરો પણ હતા. 'સરસ્વતી પુરાણ'માં પણ અહીં સમુદ્ર હોવાનું સમર્થન મળી રહે છે. આ દરિયાઈ પાંખમાંથી સમુદ્ર સૂકાયાની દંતકથાઓ હજી આજે પણ અહીંના લોકોમાં પ્રચલિત છે.

નદીઓએ ઠાલવેલા કાંપના વિપુલ જથ્થાથી થયેલા પુરણને કારણે આ દરિયાઈ પાંખ સૂકાતી ગઈ અને આબોહવાના ફેરફારોને કારણે તે ધીમે ધીમે રણમાં ફેરવાઈ ગઈ. કવચિત થતી અતિવૃષ્ટિને કારણે લગભગ સમુદ્ર સપાટીની લગોલગ રહેલું તેનું ભૂમિતલ આજે પણ ભરાઈ જાય છે. ૧૯૨૭ની રેલ વખતે આ

પરિસ્થિતિ સર્જાયેલી અને ૧૮૬૦ના સમય અગાઉ તો આ ભાગ એટલા ઊંડા પાણી હેઠળ રહેતો કે હોડીઓ દ્વારા ધોલેરાથી વઢિયારના જળમાર્ગે કપાસની હેરફેર થતી તે બાબતની ઈતિહાસ (મુંબઈ ગેઝેટિયર) સાક્ષી પૂરે છે.

સમુદ્ર સપાટીથી ભાગ્યે જ થોડી વધુ ઊંચાઈએ અને ગુજરાતની ઉત્તર - પશ્ચિમ સરહદે આવેલો કચ્છના રણ તરીકે જાણીતો આ પ્રદેશ ભારતીય ઉપખંડમાં જોવા મળતો અજોડ, અનન્ય લાક્ષણિક ભૂમિભાગ છે. આજે જોવા મળતી રણની આ શુષ્કતા તો હજી હમણાં વીતી ચૂકેલા ભૂસ્તરીય કાળની ઘટના ગણાવી શકાય. મુખ્યત્વે પૂર્વ-પશ્ચિમ વિસ્તરેલા કેટલાક સ્તરભંગોને કારણે હોર્સ્ટ અને ગ્રેબન જેવા રચનાત્મક લક્ષણોવાળા એના ભૂપૃષ્ઠના સપાટી સ્તરો ચતુર્થ જીવયુગ (કેનોઝોઈક યુગ) દરમિયાન બનેલા છે, જેની ઉત્પત્તિ દરિયાઈ, નદીનાળજન્ય કે નદીજન્ય છે.

૧૮૧૯માં અહીં ભૂકંપથી થયેલા ભૂસંચલનની રચનાત્મક અસરને કારણે રણનો કેટલોક ઉત્તર તરફી ભાગ ઊંચકાઈ આવેલો જે પાછળથી 'અલ્લાહ બંધ' તરીકે ઓળખાતો થયો. પરિણામે રણના બે ભાગ પડી ગયા. પશ્ચિમનો વિસ્તાર મોટા રણ તરીકે અને પૂર્વનો વિસ્તાર નાના રણ તરીકે જાણીતો થયો. કચ્છના રણનું આ થાળું ખરેખર તો સિંધુગંગાના વિશાળ કાંપમય મેદાની વિસ્તારના નૈઋત્યકોણીય છેડા તરીકે લેખાવી શકાય. આજે તો તે સમુદ્ર સપાટીથી ભાગ્યે જ વધુ ઊંચાઈએ રહેતું, મુખ્યત્વે પંકભૂમિથી રચાયેલું થાળું માત્ર છે, જે વર્ષના અમુક ગાળા દરમિયાન શુષ્ક રહે છે, તો બાકીના સમયગાળા દરમિયાન પાણીથી છવાઈ જાય છે. આ જ કારણે તે પ્રાગૈતિહાસિક કાળ સુધી અરબી સમુદ્રનું પ્રવેશદ્વાર કહેવાતું હતું.

નવેમ્બરથી માર્ચ સુધીના પાછા વળતા ઈશાની મોસમી પવનોના ગાળા દરમિયાન, અગાઉના ચોમાસામાં ભરાયેલાં પાણી સૂકાઈ જવાથી, આ થાળું ક્ષારની પોપડીઓવાળો વેરાન પંકભૂમિપટ બની રહે છે. ઉનાળામાં સૂર્યની પ્રચંડ ગરમીથી તપ્ત થયેલી તેની પંકસપાટી પરની ચળકતી ક્ષારમય પોપડીઓ દૂરથી પસાર થનારાઓની આંખ આંજી દે છે, તો ક્યારેક તેનો કેટલોક ભાગ મૃગજળનો આભાસ ઊભો કરે છે. એની પ્રગાઢ, સ્મશાનવત્ ઉજ્જડતા હૃદયવિદારક બની રહે છે.

કવચિત્ પસાર થતી રહેતી ઊંટોની વણજાર કે અહીંતહીં ભટકતા રહેતાં અહીંનાં ઘુડખરનાં ટોળાં આ વેરાન વિસ્તારમાં જીવનના અસ્તિત્વનો અણસાર આપી જાય છે. આ ખારા પટમાં જડાઈ ગયેલાં જોવા મળતાં, અકાળે મૃત થયેલાં કોઈક પ્રાણીના હાડપિંજર ક સમુદ્રજળ સાથે ખેંચાઈ આવેલી અને પછીથી સૂકાઈ ગયેલી માછલીઓ તેમજ નાનીમોટી જીવાતના અવશેષો અહીંની સાર્વત્રિક ભેંકાર ઉજ્જડતા અને જીવનની કરુણતા સાથેના દૂરગામી સંબંધોની ઝાંખી કરાવે છે.

*સૌજન્ય : "ગુજરાત સમાચાર"*

## ફીટની બીમારી – એપિલેપ્સી : ભાગ-૨

**(અનુસંધાન : પાના નં. – ૬૨ ઉપરથી ચાલુ)**

**૨.૧ એબસન્સ ફીટ :** આ ફીટમાં દર્દી થોડા સમય (૧૦ સેકન્ડથી ઓછો સમય) માટે બેશુદ્ધ થાય છે. સામાન્ય રીતે આ ફીટ બાળકોમાં જોવા મળે છે. સ્નાયુઓમાં હલનચલન, હોઠ ફફડાવવા, ખોરાક ચાવવાની ક્રિયા વગેરે. આ બીમારી છે, એવું લોકોને ભાગ્યે જ ખ્યાલ આવે છે.

**૨.૨ એટોનિક ફીટ :** આ ફીટમાં સ્નાયુઓ ઓચિંતા ઢીલા થઈ જાય છે. સ્નાયુની શક્તિ શૂન્ય થઈ જાય છે. શરીરનો ભાગ નીચે પડે, હાથ નીચે પડે, હાથમાં પકડેલી વસ્તુ જમીન પર પડી જાય. આ ફીટ સામાન્ય રીતે ૧૫ સેકન્ડથી વધારે ચાલતી નથી.

**૨.૩ ટોનિક ફીટ :** આ ફીટમાં સ્નાયુઓ એકદમ ટાઈટ થઈ જાય છે, લાકડા જેવા કડક થઈ જાય છે. ગમે તેટલું જોર બહારથી અજમાવીએ, સ્નાયુઓ એ સમયે ઢીલા થતા નથી. હાથ, પગ, કમરના સ્નાયુઓ લાકડા જેવા થઈ જાય છે. સામાન્ય રીતે આ ફીટ ૨૦ સેકન્ડથી ઓછી ચાલે છે.

**૨.૪ ક્લોનિક ફીટ :** આ ફીટમાં સ્નાયુઓ ઝડપથી ટાઈટ થાય છે, તરત જ ઢીલા થાય છે (Clonus). સ્નાયુઓમાં નિયમિતપણે ઝટકા આવે છે. આ ફીટ સામાન્ય રીતે ૨ મિનિટ સુધી રહે છે.

**૨.૫ ટોનિક - ક્લોનિક ફીટ :** આ ફીટમાં સ્નાયુઓ ટાઈટ થાય છે (ટોનિક). થોડા સમયમાં સ્નાયુઓમાં ઝટકા આવે છે. ફરીથી ટાઈટ થવું તથા ઝટકા આવવાનું સાઈકલ ફરીથી થાય છે. આ ફીટ ૧ થી ૫ મિનિટ સુધી ચાલે છે. સ્નાયુઓમાં લયબધ્ધ આંચકાઓ આવે છે.

આ ફીટમાં દર્દી બેશુધ્ધ થઈ જાય છે, ઓચિંતા જમીન પર પડી જવાની શક્યતા છે. જીભ બે દાંત વચ્ચે આવી શકે છે, જીભમાં લોહી આવે છે. કપડામાં પેશાબ કે સંડાસ થઈ જાય છે. ફ્રેક્ચર થઈ શકે છે. સ્ત્રીઓમાં જો રસોઈ કરતી વખતે ફીટ આવે તો સ્ત્રી દાઝી શકે છે.

***ઉપરોક્ત વર્ગીકરણ માટે નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :***

૧. ફીટ દરમિયાન જાગૃતતા કે બેશુદ્ધપણું.

૨. સ્નાયુઓમાં થતા આંચકા/ઝટકા તથા ઢીલાપણું.

૩. ફીટની શરૂઆતથી અંત સુધીનો ફીટ કઈ રીતે આગળ વધે છે.

૪. બ્રેઈનમાં ઈલેક્ટ્રીકલ સંવેદના ક્યાંથી શરૂ થાય છે.

આ વર્ગીકરણ મહત્ત્વનું છે જેથી સારવારમાં અપાતી દવાઓ એ પ્રમાણે આપી શકાય.

*(ક્રમશઃ)*

# કચ્છનાં આગેવાનો પર લખાયેલાં ગાંધીજીના પત્રો

સંજય પી. ઠાકર

*કચ્છના ગાંધીયુગના આગેવાન કાર્યકરો પર ગાંધીજીએ લખેલાં પત્રો દસ્તાવેજી મૂલ્ય અને ઐતિહાસિક મહત્તા ધરાવે છે. સાથે બાપુના પ્રભાવક પ્રત્યાયન અને સઘન સંપર્કના દ્યોતક પણ બની રહ્યા છે! ગાંધી નિર્વાણ દિન, ૩૦મી જાન્યુઆરી નિમિત્તે મહાત્મા ગાંધીના પત્રોનું આચમન પ્રસ્તુત કર્યું છે.*


ગાંધીજીની અનેક ખૂબીઓ લાક્ષણિકતાઓ પૈકી સટીક પ્રત્યાયન અને અસરકારક સંપર્ક ગણાવી શકાય. સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન મહાત્મા ગાંધીજી કચ્છના પ્રજાકીય આગેવાનોના સંપર્કમાં હતા અને વખતોવખત માર્ગદર્શન પૂરું પાડતા હતા. ગાંધીજીએ પોતાના હસ્તાક્ષરમાં લખેલા એ પત્રો ઐતિહાસિક મહત્ત્વ અને દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. અહીં એ પત્રોની વિગત તે સમયની સ્થિતિના સંદર્ભ સાથે રજૂ કર્યા છે.

### સમસ્યાઓનો ઉકેલ કચ્છની પ્રજા જ કરી શકે

મહાત્મા ગાંધીની વર્ષ ૧૯૨૫ની કચ્છયાત્રા દરમિયાન કચ્છની પરિસ્થિતિનું અને ફરિયાદોનું લિસ્ટીંગ કરવા સૂચવેલું, તે પ્રમાણે તૈયાર કરી ‘કચ્છની સમસ્યા’ નામે પુસ્તિકા સૌરાષ્ટ્ર પ્રેસથી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણીની લખેલી અને અમૃતલાલ શેઠ થકી પ્રકાશિત બહાર પડી. માંડવી કચ્છી પ્રજાકીય પરિષદ વખતે ૨૦મી ડિસે. ૧૯૨૭ના બહાર પાડી જાહેરમાં વેંચાણી હતી. તેના સંબંધમાં ગાંધીજીએ **કાંતિપ્રસાદભાઈ** પર તા. ૧૦મી જાન્યુ. ૧૯૨૮ના પત્રમાં ‘દેશી રાજ્યોના સડાઓને સારું ઔષધો નોખા નથી, એટલે તેઓની નોખી સ્થિતિનો અભ્યાસ કરવાનો ખાસ વખત બચાવવો અઘરું લાગે છે.’ એમ પ્રથમ જણાવી, પછી છઠ્ઠી ફેબ્રુ. ૧૯૨૮ના પોસ્ટ કાર્ડમાં લખેલું કે, ‘કચ્છની સમસ્યા બાબત હું એટલું જ કહી શકું કે, તે સમસ્યાઓનો ઉકેલ ખરી રીતે તો કચ્છની પ્રજા જ કરી શકે.’ આ પત્રોની વિગતો ફોટા સહિત કાંતિપ્રસાદ અંતાણી લિખિત ‘કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ’ ગ્રંથ (૧૯૮૨)ના પૃ. ૨૮, ૧૦૦ અને ૧૦૧ ઉપર નોંધાયેલી છે.

### ...છેવટે સફળતા મળશે જ

કચ્છના અંત્યજ સેવાનાં કામોનો ત્રિમાસિક અહેવાલ ગાંધીબાપુને નિયમિત મોકલવાનું ધોરણ ગાંધીવાદી અગ્રણી કાર્યકર પ્રભુલાલભાઈ જશવંતરાય ધોળકિયાએ રાખેલું. તેઓ સરસ્વતી સદન, સદનવાડી, વાંઢાયના પણ આદ્ય નિયામક હતા. સેવાકાર્યોનાં ચાલતા કામની વાતો, સમાજના આઘાત-પ્રત્યાઘાતો અને સંઘના હરેક સભ્ય તરફથી સક્રિયપણે જે કંઈ



પ્રચારકાર્ય થતું તેની વિગતોની પણ બાપુને તેઓ જાણ કરતા. એવો પહેલો અહેવાલ વાંચીને બાપુએ પ્રેરણાદાયી કાગળ લખ્યો તે આ રહ્યો.

*‘**ભાઈ પ્રભુલાલ**, તમારો કાગળ મળ્યો. ધીરજથી ને દ્રઢતાપૂર્વક કામ કરશો તો છેવટે સફળતા મળશે જ.*

*બાપુના આશીર્વાદ તા. ૩-૩-૧૯૩૩.’*

આ પત્ર પ્રભુલાલભાઈના દોહિત્રી **આશાબેને** ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણને મોકલેલો. તેના પ્રત્યુત્તરમાં ગોપાલભાઈએ લખેલું કે, ‘ખરેખર આ એક સુંદર હાથે લખાયેલો પત્ર છે. સફળતા મળશે જ ‘તમે સફળ થશો’ કરતાં વધુ ભારપૂર્વક કહે છે. તા. ૩-૩-૩૩ ખૂબ જ ખુશનુમા તાલમેલવાળી તારીખ છે! તે સમયે તેઓ યરવડા જેલમાં હતા. તમારે તે પરિવારમાં જન્મ લેવાનો ગર્વ અનુભવવો જોઈએ.

## અનુભવે જ ઘડાઈએ છીએ

પ્રભુલાલભાઈ પરના બીજા એક પત્રમાં ગાંધીજી લખે છે :

*'**ભાઈ પ્રભુલાલ,** તમારું પત્તું મળ્યું. આપણે અનુભવે જ ઘડાઈએ છીએ. આજ બગડી એ ખાદી કાલે સુધરશે, જો પાઠ શીખીએ તો.*

*- બાપુના આશીર્વાદ.'*

પ્રભુલાલભાઈ ગાંધીજી પ્રેરીત રચનાત્મક કાર્યોમાં જોડાયેલા હતા અને તે સંબંધે તેમનો વિચારવિનિમય થતો રહેતો હતો. સેવાગ્રામ, વર્ધા (મ.પ્ર.)થી ૮મી મે, ૧૯૪૦ના લખાયેલો એક પત્ર બાપુની ત્વરિત પ્રત્યુત્તર વાળવાની ખાસિયતને ઉજાગર કરે છે. બાપુ લખે છે :

*'ભાઈ પ્રભુલાલ, તમારા કામનો હિસાબ મળ્યો હતો. ઠીક કહેવાય.*

*- બાપુના આશીર્વાદ.'*

સેવાગ્રામ, વર્ધાથી ગાંધીજીએ તા. ૨૮મી મે ૧૯૪૧ના લખેલો પોસ્ટ કાર્ડ પ્રભુલાલભાઈ સાથેના પરામર્શનું અનુસંધાન છે. તેઓ એ પત્રમાં લખે છે :

*'ભાઈ પ્રભુલાલ, મારા આશીર્વાદ તો તમારી પાસે છે જ. એથી પરિણામલક્ષી હોય તો વાપરો. છાપામાં નાખશો તો તેની પ્રેરણા શક્તિ હશે તો તેનો નાશ થયો સમજજો.*

*- બાપુના આશીર્વાદ.'*

પ્રભુલાલભાઈ પર લખાયેલા ગાંધીજીના પત્રો કચ્છ મ્યુઝિયમને નવમી ડિસે. ૧૯૯૪ના તત્કાલીન રાજ્યપાલ ડૉ. સરૂપસિંહના હસ્તે ધોળકિયા પરિવારે અર્પણ કર્યા છે. આ પત્રોની નકલ લંડન રહેતાં પ્રભુલાલભાઈના દોહિત્રી આશાબેન બૂચે ઉપલબ્ધ કરાવી છે.

## કાર્યકર્તાઓને કોઈ ન રંજાડે

'ભારત છોડો'નો નારો સૂચવનારા કચ્છી યૌવનમૂર્તિ યુસુફ મહેરઅલી મુન્દ્રા ખાતે ડિસે. ૧૯૩૮ના ભરાયેલા કચ્છી પ્રજાકીય પરિષદના છઠ્ઠા અધિવેશનના પ્રમુખ રહ્યા હતા. બિરાદર મહેરઅલીને ગાંધીજીએ રાજકોટથી ૧૮મી મે, ૧૯૩૯ના લખેલો પત્ર તવારીખી મૂલ્ય ધરાવે છે. ગાંધીજી લખે છે :

*'**ભાઈ મહેરઅલી,** આ સાથે શ્રી મહારાવને કાગળ લખ્યો છે તેની નકલ મોકલું છું. કાલે મોકલવું હતું તે એક દિવસ મોડું થયું. તમારી તબિયત બરાબર સંભાળજો.*

*- મો. ક. ગાંધી'*

મહારાવને ગાંધીજીએ પત્ર લખેલો તેમાં કચ્છી પ્રજાકીય પરિષદે સવિનયભંગ કરવાનો નિર્ણય ગાંધીજીની સલાહથી મુલતવી રહ્યો તેના વિશે જાણ કરી હતી. સવિનયભંગ મુલતવી રહ્યો હોવા છતાં કાર્યકર્તાઓને કોઈ ન રંજાડે તે જોવા અનુરોધ કર્યો હતો. આ પત્ર ભુજના ભારતીય સંસ્કૃતિદર્શન : કચ્છમાં સચવાયેલો છે અને તેના ક્યુરેટર નીતાબેન જોશીના સૌજન્યથી પ્રસ્તુત કર્યો છે.

***'ખિંકાર', પ્લોટ નં. ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

---

## સોળમી ડિસેમ્બર : વિજય દિન

**(અનુસંધાન : પાના નં. – ૫૨ ઉપરથી ચાલુ)**

હોવા છતાં ટાર્ગેટ ચૂકી જતા અને અન્ય નિર્જન સ્થળે બોમ્બ ફેંકીને ભાગી જતા. તેથી આપણને ઓછું નુકસાન થયું હતું'' એ સાચું. સાથે એ પણ હકીકત છે કે પાકિસ્તાની જનતાના ભારતની જનતા સાથે 'લોહીના સંબંધો' છે. યુદ્ધ થાય તો બહાદુરીથી લડવું પડે પણ યુદ્ધ કોઈને પસંદ તો ન જ હોય. અલબત્ત, એ યુદ્ધ પછી આપણા ૫૪ વીર જવાનો ગાયબ થઇ ગયાનો ખટકો કાયમ રહેશે જ. એમની વીરતાને દેશ યાદ રાખશે. એ જવાનોને દેશ ક્યારેય નહીં વિસરે. એમના જેવા વીર જવાનો થકી આ ભવ્ય ઐતિહાસિક વિજય મળ્યો છે. એ સૌને સલામ!

સરકારી પ્રકાશન 'ગુજરાત'માં યુદ્ધના સમયે રાખવાની સાવચેતી અંગે ફોટા સહિત માર્ગદર્શન આપવામાં આવતું. યુદ્ધમાં ઝળહળતો વિજય મળતાં 'કચ્છ મિત્ર'એ ખાસ વધારો પ્રગટ કર્યો હતો. ■

## પ્રાકૃતિક સૃષ્ટિનું જતન કરવું

**(અનુસંધાન : પાના નં. – ૫૬ ઉપરથી ચાલુ)**

પોતાની ફરજ અદા કરી. કારણ પ્રાણવાયુના વધારાનું સંતુલન મનુષ્ય કરી શકે છે.

જળચર, ખેચર અને ભૂચર એમ લખચોરાસી પ્રાણીમાંથી વાનરમાંથી બનેલો માનવ સર્વ પ્રાણીઓમાં કુદરતનું સર્વશ્રેષ્ઠ સર્જન ગણાય છે, તે આપ સર્વ વાચકો સર્વ સ્વીકૃત સિદ્ધાંત સ્વિકાર કરશો એવી આશા સાથે ભાગ-૧ પૂરો થાય છે.

આગામી લેખમાં હૂપ હૂપ બોલતા વાનરમાંથી માનવી પોતાની ભાષા બોલવાનું કેમ શીખ્યા? દૂધની નદી કેમ વહેતી હતી? દીવો કેમ અસ્તિત્વમાં આવ્યો અને તેને પ્રગટાવવાથી અતિશય પુણ્ય મળતું, મનુષ્ય પ્રાણવાયુ અને અંગારવાયુને કેમ સંતુલન કરે છે વગેરે તે જાણીશું...

***(ક્રમશઃ)***

***અમદાવાદ ● ફોન : (૦૭૯) ૨૬૮૫૫૧૧૦***

# સોળમી ડિસેમ્બર : વિજય દિન

## (તેર દિવસમાં ઐતિહાસિક સિદ્ધિ)

જગદીશચંદ્ર છાયા

*ઈ.૧૯૭૧ની ત્રીજી ડિસેમ્બરે પાકિસ્તાને 'ઑપરેશન ચંગેઝખાન' લોન્ચ કરીને, ભુજ સહિત દેશનાં ૧૧ ભારતીય એરફિલ્ડ પર હુમલો કરતાં વળતા જવાબરૂપે ભારતે પાકિસ્તાનના પૂર્વ તેમજ પશ્ચિમ વિસ્તારમાં હુમલો કર્યો હતો. ગણતરીની મિનિટોમાં આપણી વાયુસેનાએ દુશ્મનનાં ચાર વિમાનો તોડી પાડ્યાં હતાં. વડાપ્રધાન ઈન્દિરાજીએ આકાશવાણી દ્વારા યુદ્ધની જાહેરાત કરી હતી. ભારત સરકારે 'પૂર્વ પાકિસ્તાન' (હાલનું બાંગ્લાદેશ)ના લોકોને બચાવવા માટે ભારતીય સેનાને પાકિસ્તાન સામે યુદ્ધ કરવાનો આદેશ આપ્યો. ભારત તરફથી આ યુદ્ધની આગેવાની ફિલ્ડ માર્શલ માણેકશા કરી રહ્યા હતા. એ માનવું અઘરું પડશે પણ હકીકત છે કે બાંગ્લાદેશમાં પ્રવેશતા ભારતીય સૈનિકોનું સ્થાનિક જનતા ઉમળકાભેર સ્વાગત કરતી હતી! ભારતીય સૈનિકોએ પૂરી બહાદુરીપૂર્વક લડીને પાકિસ્તાની સેનાને હરાવી દીધી હતી. ભારતીય સેનાએ પાકિસ્તાનના પંદર હજાર ચો.કિ.મી. જેટલા વિસ્તાર સુધી કબજો કરી લેવામાં અદ્‌ભુત સફળતા મેળવી લીધી હતી. આ યુદ્ધ માત્ર ૧૩ દિવસ ચાલ્યું હતું. આ પછી ૧૬મી ડિસેમ્બર ૧૯૭૧નાં પાકિસ્તાની સેનાના વડા જનરલ એ.એ. ખાન નિયાઝીએ લગભગ ૯૩૦૦૦ સૈનિકો સાથે ભારત સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. સામૂહિક સરેન્ડર થયાની આ ઘટના ઐતિહાસિક અને અભૂતપૂર્વ બની ગઈ છે. એ ભવ્ય જીતની યાદમાં દર વર્ષે ૧૬ ડિસેમ્બરને વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સાથે સમગ્ર દેશ આ યુદ્ધમાં શહીદ થયેલા વીર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપે છે. [પૂર્વ ભૂમિકા]*

વિભાજન પછી પાકિસ્તાનના પૂર્વ ભાગમાં સાંસ્કૃતિક અને રાજકીય ભેદભાવને કારણે તણાવ વધ્યો હતો. પાકિસ્તાને પૂર્વ ભાગમાં નરસંહાર, બળાત્કાર અને માનવાધિકારના ઉલ્લંઘનની તમામ હદો વટાવી દીધી હતી. તેથી તા. ૨૬-૩-૧૯૭૧ના ત્યાં આઝાદીની માંગ ઉઠી હતી પણ પાકિસ્તાને 'ઑપરેશન સર્ચલાઈટ' હેઠળ જનતા પર દમનકારી નીતિ અપનાવી હતી. તા. ૨૩મી નવેમ્બર ૧૯૭૧નાં પાકિસ્તાનના પ્રમુખ યાહ્યાખાને દેશમાં કટોકટી જાહેર કરી હતી. આ સ્થિતિમાં માનવતા દાખવી, ભારતે બાંગ્લાદેશના સ્વતંત્રતા સંગ્રામને સમર્થન આપ્યું હતું જે પાકિસ્તાન સામે યુદ્ધમાં ફેરવાઈ ગયું હતું.

ભારતે માત્ર બાંગ્લાદેશને સૈન્ય સહાય સાથે એક કરોડ જેટલા શરણાર્થીઓને આશ્રય આપ્યો હતો. જેઓ પાકિસ્તાની સેના દ્વારા આચરવામાં આવેલી હિંસામાંથી બચી ગયા હતા. એ પડકાર ઝીલવા માટે યુ.એન. કે વિદેશોમાંથી સહાય ન મળતાં આ કાર્ય ભગીરથ બન્યું હતું. છતાં પાર પાડ્યું હતું. એ માટે પછીથી ખાસ 'રાહત કર' લાદવાની ફરજ પડી હતી, વિશેષમાં એ હેતુ પાંચ પૈસાની રેવન્યુ સ્ટેમ્પ પણ લગાડવી ફરજિયાત હતી. કદાચ, વિજય એટલો ભવ્ય હતો કે કોઈને ટેક્ષનો ભાર નહીં લાગ્યો હોય.

યુદ્ધમાં ઈન્દિરા ગાંધીના સબળ નેતૃત્વમાં ભારતે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાનના બે ટુકડા કરી નાખતાં, વિશ્વનો નકશો બદલી નાખ્યો હતો. આ ઘટના અત્યંત ગૌરવપ્રદ છે.

- **ભુજની સ્મૃતિ :**

એ વખતે અમારું ઘર મહાદેવ નાકા પાસે હતું. એ દિવસોમાં અંધારપટનું પાલન કરવું પડતું. અર્થાત રાત્રે રોડ લાઈટો તો બંધ જ હોય, ઘરમાં પણ લાઈટ બંધ રાખવી પડતી. ઘરમાં ફાનસનો પ્રકાશ પણ રોકવો પડતો. મારી વિદ્યાર્થી અવસ્થા હોઈ, વાંચવું તો પડે જ. એ માટે ફાનસના 'ફોટા' પર કાગળિયા આડા રાખીને ઝાંખા પ્રકાશમાં વાંચતો. ઘરની બારીઓ પરદાથી ઢાંકી દેતા જેથી જરા સરખો પ્રકાશ બહાર ન જાય. આમ સાવ અંધારું હોય તો દુશ્મનનું વિમાન શહેરને જોઈ ન શકે અને બોમ્બમારો ન કરે.

અલબત્ત, એ વખતે ભુજના ઍરપોર્ટનો રન-વે તૂટી જતાં અદમ્ય સાહસ દાખવીને માધાપરની વીરાંગનાઓએ ફક્ત ત્રણ દિવસમાં જ તેની મરમ્મત કરી હતી. આ શૌર્યગાથાને વિશ્વભરમાં ખ્યાતિ મળી હતી.

તા. ૧૦મી ડિસેમ્બરે ભુજમાં અફવાની બજાર ગરમ થઈ હતી ત્યારે કેટલાંક નગરજનો ભુજ બહાર પ્રયાણ કરવા લાગ્યા હતા. ટેક્ષીવાળાને તડાકો થયો હતો. પણ અમે તો 'અઠ્ઠે દ્વારકા', ભુજ છોડ્યું ન હતું અને કશું થયું પણ ન હતું.

"પાકિસ્તાન પાસે અમેરિકન ટેકનોલોજીવાળાં યુદ્ધ વિમાનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૧ ઉપર)

# ટકાઉ વિકાસની આડમાં ગરીબીનો નિભાવ કરતી રાજનીતિઃ પશ્ચિમે નર્મદા પૂર્વ ભારતમાં લેહ લદ્દાખ

ડૉ. નાનક ભટ્ટ

પુરાણ કથામાં હરીશચંદ્રનાં દરબારમાં સેવક ફરીયાદ કરતા કહે છે, “મહારાજ, રાજવૈદ્યે ઉપચાર તરીકે મને બ્રહ્મચર્ય ધારણ કરાવ્યું અને મારી અર્ધાંગીનીના ઉદરમા વૈદ્યરાજે બીજ રોપ્યું છે!!!’ ગરીબોનાં કલ્યાણ માટે સમપોષિત વિકાસ (સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ)નું મહિમાગાન કરતી યુરોપની ગ્રીન લોબીનાં ડેન્માર્ક, નોર્વે, સ્વિડન, બ્રાઝિલ જેવા દેશો ભારત દૂધ ઉત્પાદનની મૂળભૂત જરૂરિયાતમાં સ્વાવલંબી ન બને તે માટે દાવપેચ અખત્યાર કરતા રહી કરોડો ડોલર ખર્ચવાની બેવડી ચાલ માટે જાણીતા છે.

ભારતનાં પશ્ચિમ કિનારે નર્મદા યોજનાનો શિલાન્યાસ તો ૫ એપ્રિલ ૧૯૬૧માં તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂએ કરેલો પરંતુ તે પછી નર્મદા બચાવ નામે મેઘા પાટકર દ્વારા માનવ અધિકાર, પ્રાકૃતિક સમતુલન, આદિવાસીઓનાં વન અધિકાર પ્રકારના પ્રશ્નો આડા કરી ૫૬ વર્ષ સુધી ગુજરાત રાજસ્થાનનાં કૃષિ ઉત્પાદનને પ્રતિવર્ષ ૧૪૦૦ કરોડની તથા પાવર ઉત્પાદનમાં ૧૪૫૦ મેગાવોટની ખોટ પહોંચાડવામાં આવી. લોકસભામાં બહુમતી ધરાવતી કોંગ્રેસ અને ગુજરાત વિધાનસભામાં જનસંઘ પ્રકારે રાજકીય પક્ષોએ પોપ્યુલર પોલિટીકસના સહારે ગુજરાત રાજસ્થાનનાં ગામડાઓને છતે પ્રાકૃતિક સંસાધને ગરીબી વેઠારનાર બનાવ્યા. તે છેક ૨૦૧૭ સપ્ટેમ્બરમાં નર્મદા ડેમનું કાર્ય ૪૫૫ ફૂટની ઉંચાઈએ પૂર્ણ થતાં છેલ્લા ૮ વર્ષમાં જ સરદાર સરોવર બંધ ૬ વખત ઓવરફ્લો થયો અને ઈશ્વરનાં મહામૂલા આશિર્વાદ સ્વરૂપ ૩૨૦ મિલિયન એકર ફૂટ (એમ.એ.એફ.) મીઠું પાણી દરિયાની ખારાશમાં વેડફાતું અટક્યું છે.

યુરોપની ગ્રીન લોબીના ફંડથી ચાલતી નર્મદા બચાવ આંદોલનથી બે ધારી લડતથી લાઈવલીહુડ ઍવોર્ડ (૧૯૯૧) તથા ગોલ્ડન એન્વાયરમેન્ટ પ્રાઈઝ (૧૯૯૨)ના વિજેતા મેઘા પાટકર અને મધ્યપ્રદેશ મહારાષ્ટ્રની તત્કાલીન કોંગ્રેસ સરકારોએ આંતર રાજ્ય હિત સાથે આદિવાસી અધિકારને જોડી દેશની ૧૭ લાખ હેક્ટર જમીનને (૫ દશક સુધી) બિન ઉપજાઉ તો રાખી, તેથી વિશેષ ગુજરાત રાજસ્થાનને પ્રત્યેક ત્રીજા વરસે ભરડો લેતા દુષ્કાળ માટે ૧૬૦૦૦ કરોડ ફાળવતા રહી પોલિટીક્સ ઓફ વોટરટેંક જેવી હલકી રાજનીતિમાં પ્રજાને ગરીબી સાથે જોડી રાખી હતી.

દેશનાં રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ યુરોપની ગ્રીન લોબી માટે જે ગુલામીની માનસિકતા વિસ્તારી નર્મદા યોજનાને અટકાવી, ગરીબ પ્રદેશવાસીઓને વિકાસથી વંચિત રાખ્યા તે જ કામ હવે દેશના પૂર્વ સીમાડે સોનમ વાંગચુક યોજી રહ્યા છે. મૂળે એન.આઈ.ટી. ના મિકેનિકલ ઈજનેર પરંતુ લેહ લદ્દાખમાં ૮૫% વિધાર્થીઓ હાયર સેકન્ડરીની પરીક્ષામાં નાપાસ થતાં જોઈ સામાજિક સમસ્યાઓનાં નિરાકરણ માટે “સ્થાનિક સમાધાન અને વૈશ્વિક ઉમ્મિદની વિચારધારાને લઈ ‘મા કી પાઠશાલા’ નામે આત્મનિર્ભર અને જીવન માટે અનુભવ શિક્ષણનાં પ્રયોગથી જાહેર જીવનમાં પ્રવેશ્યા. ૧૯૮૮માં સ્ટુડન્ટ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરર મુવમેન્ટ ઓફ લડાખ નામે સ્વૈચ્છિક સંસ્થા તૈયાર કરી. ઈન્ડસ વેલીમાં “કરકે શીખો”ની વિચારધારા સાથે લદાખી યુવાનો માટે નિવાસી શાળાઓ તૈયાર કરી ૧૯૯૪માં વિલેજ એજ્યુકેશન કમિટીના માધ્યમથી ૧૦,૦૦૦ શિક્ષકોને લઈ લેહ લદાખનાં સાંસ્કૃતિક પરિવર્તનનાં ઉદ્દેશ માટે ઉર્દુની સાથે લદ્દાખી ભાષામાં શૈક્ષણિક અભ્યાસક્રમ તૈયાર કરી શક્યા.

જમ્મુ કાશમીરનાં ઠંડા-સૂકાં રણની વૈશ્વિક ઓળખના સ્થાને શિક્ષણવિદ સોનમ વાંગચુકે ઓટોનમસ લેહ લદ્દાખનું વિઝન ડોક્યુમેન્ટ વિસ્તારતા શ્રી મનમોહન સરકાર થકી જમ્મુ કાશમીરમાં બોર્ડ અધ્યક્ષ નિયુક્ત થયા. પોતાની સ્વૈચ્છિક સંસ્થા માટે વિદેશી ફંડ એકત્ર કરી શકનાર વગદાર નેતૃત્વ તરીકે પ્રસ્થાપિત થયા. વર્ષ ૨૦૧૩માં આઈસ સ્તુપનો પર્યાવરણ વિચાર જમીન ઉપર ઉતારી લેહની સૂકી ધરતીને હરિયાળી કરવામાં સફળ રહેતા ૨૦૧૬માં રોલેક્સ ઍવોર્ડ, ૨૦૧૮માં રેમન મેગ્સેસ ઍવોર્ડ તથા ઈન્ટરનેશનલ ટેરા ઍવોર્ડથી સન્માનિત થયા.

હિમાલયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ લેહનાં માધ્યમથી શિક્ષણ પર્યાવરણ ક્ષેત્રે પ્રભાવશાળી બદલાવ ઉતારનાર વાંગચુક માટે ઓગસ્ટ ૨૦૧૯માં અનુચ્છેદ ૩૭૦ રદ થતાં સ્વતંત્ર લેહ લદ્દાખમાં પાંખો વિસ્તારવાનો અવસર મળ્યો. ચીન અને પી.ઓ.કે.ની સીમા સાથે જોડાયેલ લેહ પ્રદેશને પૂર્ણ રાજ્ય જાહેર કરવાની માંગણી સાથે સાંસદે સ્વાયત્ત લેહની ઉગ્ર રજૂઆતનાં શ્રીગણેશ કર્યા. દરમિયાન પડોશી દેશ શ્રીલંકા અને બાંગ્લાદેશમાં યુવાનો થકી સત્તા પરિવર્તનની હવા નેપાળમાં ઝેન.ઝી. થકી વિસ્તારતા ૨૩ જાન્યુઆરી ૨૦૨૫એ વાંગચુકે ખાર દુંગલા કલાયમેટ ફાસ્ટ યોજી હજારો પહાડી યુવકો થકી

ઉપવાસ આદરી પ્રવર્તમાન ભારત સરકાર માટે દબાણ વધાર્યું. પાકિસ્તાનની શુભેચ્છા મુલાકાત થકી યુરોપની ગ્રીન લોબી અને ચીનની આર્થિક સહાય વિસ્તારી પરંતુ ભારત સરકાર કે દેશનાં મીડિયાએ ખાસ મહત્ત્વ ન આપ્યું. આથી નર્મદા બચાવે ફેર કુવા આંદોલન દ્વારા આરપારની લડાઈ ખોલી હતી તેમ પૂર્વ ભારતમાં લેહનાં આદિવાસીઓનાં અધિકાર માટે ૨૪ સપ્ટેમ્બરે હિમાલયન બ્રિગેડે આંદોલન છેડ્યું. હિંસક રૂખ વચ્ચે પ્રદેશની જાહેર વ્યવસ્થાઓને સળગાવી દેવામાં આવી. લેહ લદ્દાખને બંધારણની અનુસુચિ ૨૪૪/૨ શિડ્યુલ ૬ અન્વયે સ્વાયત્ત પ્રદેશની માંગ સાથે ઝેન.ઝી જનરેશન હિંસા ઉપર ઉતરતા છેવટે સપ્ટેમ્બર ૨૦૨૫માં રાષ્ટ્રીય સુરક્ષા હેતુ સબબ વાંગચુકને રાજસ્થાનની જોધપુર જેલમાં મૂકવા પડ્યા. જેને સુપ્રીમ કોર્ટે નકાર્યું નથી.

આઝાદીનાં ૭૫ વર્ષ પછી અલગ યુનિયન ટેરેટરી બનેલ લેહ લદ્દાખમાં બોર્ડર સ્ટેઈટ તરીકે ૩૦૦૦ કિલોમીટરનાં પહાડી રોડ તૈયાર કરવા દરખાસ્ત છે. યુરેનિયમ અને થોરીયમનાં પ્રાકૃતિક ખનીજમાંથી સેમિ કંડકટર ચીપ તૈયાર કરવાની દરખાસ્ત છે. ૨૫૦ ગ્લેશિયરથી ઘેરાયેલ લદ્દાખમાં સોલાર અને વિન્ડ એનર્જીનાં ૭ પ્રોજેક્ટ અને ૧૧ હાઈડ્રોપાવરના ફિઝીબિલીટી રીપોર્ટ તૈયાર થઈ ચૂક્યા છે. લેહ ઍરપોર્ટને વૈશ્વિક સ્તરે તૈયાર કરી ટુરિઝમ વિસ્તારવા તથા ૧૩૦૦૦ મેગાવોટ રીન્યુએબલ એનર્જી જનરેશનનું હબ બનવા મંજૂરી મળી છે. નુગરાવેલી અને કારગીલ વેલીમાં સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ માટે ૩૫૦૦ કરોડ પાઈપલાઈનમાં છે.

૧૧ આઈ.ટી.આઈ., ૧ આઈ.આઈ.એમ., ૩ મેડિકલ કોલેજ અને એન્જિનિયરીંગ કોલેજો લેહ લદ્દાખનાં ૩.૫ લાખની વસ્તી ધરાવતા ભારતીય નાગરિકોનાં આધુનિક વિકાસ માટે આયોજન પંચે મંજૂર કરેલ છે. પરંતુ ૯૬% જનજાતિનું પ્રતિનિધિત્વ કરતી ટ્રાઈબલ એડવાઈઝરી કાઉન્સિલની માંગણી છે કે સ્થાનિક સોશિયલ વેલ્યુને સંરક્ષિત કરવામાં આવે. બ્રિગેડના યુવાનો આજે પણ લદ્દાખનાં ગ્લેશિયર બચાવી ૪૦૦૦ વર્ષથી યાક આધારે સમય પસાર કરતી લદ્દાખી સંસ્કૃતિને દુનિયાની ગ્રીન લોબી ત્યાં ને ત્યાં જ રાખવા કહે છે. વન અને આદિવાસીઓનાં પારંપારિક વિકાસને સીમિત રાખવા માગે છે. જે કેટલા અંશે સ્વીકારપાત્ર છે?

પ્રજાકીય વિકાસ કે સામૂહિક રીતે પરિવર્તનનો પ્રવાહ કોઈ એક રાજકીય પક્ષ, દેશ કે વ્યક્તિના દોરીસંચારથી ખેંચાઈ જાય છે ત્યારે પ્રજાકીય હિતને આગળ કરી મૂળભૂત રીતે સત્તાલાલચુ - સ્વાર્થી હિતો જ પોતાની ફ્યુડલ માનસિકતા સાધતા હોય છે. આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ નર્મદા બચાવ આંદોલન અને સરદાર સરોવર બંધ કે પછી લેહ લદ્દાખનાં વિકાસ આડે સોનમ વાંગચુક કે પછી વિભિન્ન રાજકીય પક્ષોનાં હિતોનો ઈતિહાસ દર્શાવ છે કે અંતે લોકશાહીમાં આમ પ્રજા તો કઠપુતળી માફક નાચતી રહેતી જ હોય છે.

---

## ઝેરી કમળો (Hepatitis B)

**(અનુસંધાન : પાના નં. – ૬૧ ઉપરથી ચાલુ)**

- ❖ હીપેટાઈટીસ બી વાઈરસ દ્વારા લીવરના કોષો નાશ પામતા સીરોસીસ ઓફ લીવર (Cirrosis of Liver) નામનો ખતરનાક રોગ ઉત્પન્ન થાય છે.
- ❖ આ વાઈરસ દ્વારા લીવરનું કેન્સર પણ થઈ શકે છે.
- ❖ જે વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ દવાઓ - કીમોથેરાપી, સ્ટીરોઈડ દ્વારા નબળી પડે છે ત્યારે અચાનક વાઈરસનો લોડ વધતાં લીવર ફેઈલ્યોર થઈ શકે છે.

● **આ બધાની શરીર ઉપર થતી આડઅસરો :**

૧. લીવરનું કામ નબળું / નહિંવત / ફેઈલ થતાં કમળો, કમળી, બેભાનની સ્થિતિ આવી શકે છે.

૨. અચાનક લોહીની ઉલટીઓ, પેટમાં પાણી ભરાવું (ASCITES) થઈ શકે છે.

૩. લીવર મોટું થતાં પેટની સોનોગ્રાફી LFT તથા લીવરના પાંચ પ્રકારના ટેસ્ટો દ્વારા લીવરની નુકસાનની જાણ થઈ શકે છે.

● **આ વાઈરસનો પ્રસાર થતો અટકાવવાના પગલાં :**

૧. Hepatitis B Vaccine : આ રસી બે ડોઝમાં એક મહિનાના અંતરમાં આપવામાં આવે છે.

૨. બાળક જન્મતા જ આ રસી આપવામાં આવે છે.

૩. જે વ્યક્તિઓ હીપેટાઈટીસ બી વાઈરસવાળી વ્યક્તિના સંપર્કમાં રહેતી હોય તથા હેલ્થ વર્કર, બ્લડ બેંક, ડાયાલિસિસ સેન્ટરોમાં રહેતા નર્સિંગ સ્ટાફ – વેક્સિન.

૪. જે વ્યક્તિઓ Sex પાર્ટનર બદલતા હોય તેઓ.

૫. બજારમાં તૈયાર મળતી દવાવાળી સોય, નશીલા પદાર્થોનું સેવન કરતી વ્યક્તિઓની સોય.

૬. ટેટુ માર્ક કરતી વ્યક્તિઓ દ્વારા સ્ટરાઈલ સોય વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ.

***<u>ખાસ નોંધ</u> : Hepatitis B Virus is a DNA Virus જે RNA દ્વારા વૃદ્ધિ પામે છે.*** ■

# વિશ્વ બ્રેઇલ દિવસ

ડૉ. મિહિર એમ. વોરા

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૬ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ એક ઠરાવ પસાર કર્યો, જે બાદ વિશ્વમાં ૪ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ પ્રથમ વખત બ્રેઈલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે બાદ દર વર્ષે ૪ જાન્યુઆરીએ બ્રેઈલ લિપિના શોધક લુઇસ બ્રેઇલના જન્મ દિવસને 'વિશ્વ બ્રેઈલ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

વિશ્વ બ્રેઈલ દિવસ દર વર્ષે ૪ જાન્યુઆરીએ મનાવવામાં આવે છે. બ્રેઈલ પદ્ધતિના શોધક લુઈસ બ્રેઈલની જન્મજયંતિની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. સંદેશા વ્યવહારમાં બ્રેઇલનાં મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવા માટે વિશ્વ બ્રેઇલ દિવસ મનાવવામાં આવે છે. બ્રેઈલ પદ્ધતિ અંધ લોકો માટે વરદાન રૂપ છે. બ્રેઈલ પદ્ધતિની મદદથી તેઓ સામાન્ય દૃષ્ટિ ધરાવતા લોકોની જેમ વાંચી શકે છે અને અભ્યાસ પણ કરી શકે છે.

એક અકસ્માતને કારણે નાની ઉંમરે તેમની દૃષ્ટિ ગુમાવ્યા બાદ, લુઈસ બ્રેઈલને પેરિસમાં બ્લાઈન્ડ લોકો માટેની શાળામાં મોકલવામાં આવ્યા હતા જ્યાં તેમણે ચાર્લ્સ બાર્બિયર દ્વારા વિકસિત બિંદુઓનો ઉપયોગ કરીને લેખન પ્રણાલી માટે જીજ્ઞાસા વિકસાવી હતી. લુઈસે ટૂંક સમયમાં લેખન પ્રણાલીમાં સુધારો કરવા માટે કામ કરવાનું શરૂ કર્યું અને લિપિનો વિકાસ કર્યો જે હવે બ્રેઇલ તરીકે ઓળખાય છે. બ્રેઈલ એ સ્પર્શેન્દ્રિય લેખન પ્રણાલી છે. તે ખાસ પ્રકારના ઉભેલા કાગળ પર લખવામાં આવે છે. અગાઉ તેનો કોડ ૧૨ બિંદુઓ પર આધારિત હતો. ૧૨ બિંદુઓને ૬૬ ની હરોળમાં મૂકવામાં આવ્યા હતા. જો કે, તે સમયે તેમાં વિરામચિહ્નો, સંખ્યાઓ અને ગાણિતિક ચિહ્નો હાજર ન હતા. લુઈસ બ્રેલે ૬૪ ને બદલે ૦૬ પોઈન્ટનો ઉપયોગ કરીને ૧૨ અક્ષરો અને ચિહ્નોની શોધ કરીને આમાં વધુ સુધારો કર્યો, જે વિરામચિહ્નો, સંખ્યાઓ, વિસ્તરણ અને સંગીતના સંકેતો લખવા માટે જરૂરી પ્રતીકો પણ પૂરા પાડે છે. બ્રેઈલે સૌપ્રથમ ૧૮૨૯માં બ્રેઈલ લિપિ સિસ્ટમ પ્રકાશિત કરી હતી.

પ્રજ્ઞાચક્ષુઓને સાક્ષર અને સક્ષમ બનાવવામાં બ્રેઈલ લિપિએ ખૂબ મહત્ત્વનો ફાળો ભજવ્યો છે. પરંતુ છેલ્લાં કેટલાક વર્ષોથી વોઈસ આસિસ્ટન્ટ જેવી ટેકનોલોજીના આવવાથી બ્રેઈલ લિપિ વિસરાતી જાય છે.

જ્યારે વોઈસ આસિસ્ટન્ટ જેવી ટેકનોલોજી ન હતી ત્યારે આ પ્રજ્ઞાચક્ષુ બાળકોને શાળાઓમાં બ્રેઈલ લિપિ દ્વારા જ ભણાવવામાં આવે છે. ત્યારબાદ કોલેજમાં અભ્યાસક્રમ લાંબો હોવાથી તેમજ ટેકનોલોજી ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ઓડિયો માધ્યમથી ભણાવવામાં આવે છે. ઓડિયો ટેકનોલોજી ઉપયોગમાં સરળ હોવાથી મોટાભાગના પ્રજ્ઞાચક્ષુઓ ઓડિયો માધ્યમ તરફ વળવા લાગ્યા છે. પરંતુ ઓડિયો માધ્યમમાં વિરામચિન્હો અને વ્યાકરણની ચોકસાઈ બ્રેઈલ લિપિ કરતા ઓછા પ્રમાણમાં હોય છે. જેથી ભાષામાં વિરામચિન્હો અને વ્યાકરણનું મહત્ત્વ જળવાઈ રહે તે માટે આધુનિક યુગમાં પણ બ્રેઈલ લિપિનો ઉપયોગ થાય તે જરૂરી માનવામાં આવે છે.

પ્રજ્ઞાચક્ષુઓ માટે કેટલીક જાહેર જગ્યાએ બ્રેઈલ લિપિમાં સૂચનો પણ લખવામાં આવે છે. હાલમાં લિફ્ટમાં ફ્લોર નંબર દર્શાવતા બટનો પણ બ્રેઈલ લિપિમાં બનાવેલા જોવા મળે છે. તેમજ કેટલીક જગ્યાએ જાહેર શૌચાલયની બહાર મહિલા અને પુરૂષ દર્શાવતા ચિન્હો પણ બ્રેઈલ લિપિમાં લખવામાં આવે છે. ઉપરાંત મોનોપોલી, ઉનો, લુડો અને સાપસીડી જેવી કેટલીક બોર્ડ ગેમ્સ પણ ખાસ બ્રેઈલ લિપિમાં બનાવવામાં આવે છે. સાથે જ કેટલીક જગ્યાએ એટીએમમાં આંકડાઓ બ્રેઈલ લિપિમાં લખેલ હોય છે.

આ ઉપરાંત હવે ટ્રેનની જેમ બસમાં પણ સીટ નંબર બ્રેઈલ લિપિમાં લખવામાં આવે છે જેથી તેમને સરળતા રહે. સાથે જ જો ઐતિહાસિક સ્થળો પર ત્યાંનો ઇતિહાસ બ્રેઈલ લિપિમાં લખવામાં આવે તેમજ ચીજ વસ્તુઓના પેકિંગ પર જરૂરી બાબતો બ્રેઈલ લિપિમાં લખવામાં આવે તો પ્રજ્ઞાચક્ષુ લોકોને ખૂબ મદદ મળી રહે.

લુઈ બ્રેઈલ જ્યારે ૧૬ વર્ષના થયા ત્યારે તેમને વિચાર આવ્યો કે પ્રજ્ઞાચક્ષુઓ માટે વાંચવા કોઈ લિપિ પર કામ કરવામાં આવે અને તેઓ આ વિચાર પર કામ કરવા લાગ્યા. આ દરમિયાન તેમની મુલાકાત ફ્રાંસની સેનાના કેપ્ટન ચાર્લ્સ બાર્બિયર સાથે થઈ. બાર્બિયરે લુઈ બ્રેઈલને 'નાઈટ રાઈટિંગ' અને 'સોનોગ્રાફી' વિશે માહિતી આપી હતી, જેની મદદથી સૈનિક અંધારામાં વાંચતા હતા. આ 'નાઈટ રાઈટિંગ'માં લિપિ કાગળ પર ઉપસેલી હતી, જેમાં ૧૨ બિંદુઓનો ઉપયોગ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૭ ઉપર)

# પ્રાકૃતિક સૃષ્ટિનું જતન કરવું

મહેન્દ્ર લખમશી મોતા
(નલિયા, અમદાવાદ)

*જેણે ફૂંક્યા કુદરતના રહસ્યોના બણગા*
*તેણે રાખ્યા અંધશ્રદ્ધાને અળગા.*

જન્મ છે તો મરણ નિશ્ચિત છે, શ્વાસ છે તો ઉચ્છવાસ નિશ્ચિત છે, દુષ્કાળ છે તો સુકાળ નિશ્ચિત છે – વગેરેનું સર્જન કરનાર કોણ? એક સમય હતો, લાખો પાકની ઉપજ થતી હતી, તે કચ્છના લખપતને ખંડેર કરનાર કોણ? સજીવ સૃષ્ટિને સરળતાથી જીવી શકે તેવા વાતાવરણનું સર્જન કરનાર કોણ? કોના થકી સજીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવી?

ઉપર્યુક્ત બાબતનું સર્જન કરનાર છે "કુદરત." કુદરતના પાંચ તત્ત્વો છે : (૧) સૂર્યદેવ, (૨) ગુરુત્વાકર્ષણ, (૩) પવન દેવ, (૪) વર્ષા રાણી અને (૫) પૃથ્વી. જેના વગર કોઈ પણ સજીવ જીવી શકતો નથી. સજીવ સૃષ્ટિ સરળતાથી જીવી શકે તેના માટે કુદરતે બે પાત્રનું સર્જન કર્યું.

**પ્રથમ પાત્ર :** માછલી પાણીમાં રહી શકે અને તરી શકે છે. પાણીમાં જીવનારા પ્રાણીઓને જળચર કહેવાય. પોપટ આકાશમાં ઉડે છે. આકાશમાં ઉડનાર પક્ષીઓને ખેચર કહેવાય. વાંદરા કૂદકા મારે છે અને દોડી શકે છે. જમીન પર ફરનાર પ્રાણીઓને ભૂચર કહેવાય. જે હલનચલન કરી શકે છે તેઓ શ્વાસોચ્છવાસમાં ઓક્સિજન (પ્રાણવાયુ) લે છે અને ઉચ્છવાસમાં કાર્બન ડાયોક્સાઈડ (અંગારવાયુ) બહાર કાઢે છે. જે હલકો હોવાથી તરત જ ઉપર તરફ જાય છે.

**બીજું પાત્ર :** જે હલનચલન કરી શકતું નથી, ફક્ત સ્થિર રહે તે વૃક્ષો શ્વાસોચ્છવાસમાં અંગારવાયુ લે છે અને ઉચ્છવાસમાં પ્રાણવાયુ બહાર કાઢે છે. જે ભારે હોવાથી તરત જ નીચેની તરફ જાય છે.

★ **સૂર્યદેવ :** સૂર્ય એક સ્થિર તારો છે જે પૃથ્વીથી કરોડો કિ.મી. દૂર રહેલો છે. તેના કિરણોથી પૃથ્વી પર રહેલ સજીવ સૃષ્ટિને પ્રકાશ, ગરમી, ઊર્જા વગેરે શક્તિ પ્રદાન કરે છે.

★ **ગુરુત્વાકર્ષણ :** તેના દ્વારા પૃથ્વી સહિત અનેક ગ્રહો સૂર્યદેવની ફરતે નિરંતર પ્રદક્ષિણા કરે છે. તેથી પૃથ્વી ઉપર દિવસ-રાત, ભરતી-ઓટ, ઋતુઓ વગેરે થાય છે.

★ **પવન દેવ :** પવન પૃથ્વી ઉપર મંદ ગતિથી નિરંતર લહેરાય છે ત્યારે પક્ષીઓ અને વરસાદનાં વાદળા પરિગમન કરે છે. પવન અતિશય તેજ ગતિથી ફૂંકાય છે ત્યારે સજીવ સૃષ્ટિનો વિનાશ થાય છે.

★ **વર્ષા રાણી :** વર્ષા પૃથ્વી પર વરસે છે. તેથી સજીવ સૃષ્ટિની તરસ સંતોષાય છે. વર્ષા અતિશય તેજ ગતિથી વરસે છે ત્યારે સજીવ સૃષ્ટિનો વિનાશ નોતરે છે.

★ **પૃથ્વી :** સૂર્યમાંથી એક નાનકડો ધગધગતો ગોળો છૂટો પડ્યો છે. આ ધગધગતા ગોળા પર જેમ જેમ પ્રાણવાયુ ઓછો થતો ગયો તેમ તેમ ગોળો ઠંડો પડતો ગયો. આ ગોળો એટલે આપણી પૃથ્વી. અહીં પૃથ્વી પર અંગારવાયુ વધી ગયો અને ગરમીથી બાષ્પરૂપી પાણીના સમુદ્રો બન્યા.

પૃથ્વી પર વધી ગયેલા અંગારવાયુ ઘટાડવા માટે પૃથ્વી પર પાણીમાં એકકોષી જીવ ચીકણી 'લીલ' સ્થિર સજીવ સૃષ્ટિનું સર્જન કરે છે. દા.ત. પાણીની ટાંકીમાંથી ખૂબ જ સૂક્ષ્મ પાણી ઝરે છે, ત્યાં સમય જતાં આપોઆપ લીલ / શેવાળ થાય છે. ત્યારબાદ સમય જતાં તેમાંથી કુમળા ઘાસ, પછી બહુકોષી નાના છોડો, તેના પછી મોટા છોડો, છેવટે વૃક્ષોના જંગલોનું સર્જન થાય છે. પરિણામે પૃથ્વી પર પ્રાણવાયુ ખૂબ જ વધી ગયો અને અંગારવાયુ ઘટતો ગયો.

બંને પાત્ર – પ્રાણવાયુ અને અંગારવાયુની સમતુલા જળવાઈ રહે તે માટે કુદરત પૃથ્વી પર પાણીમાં એકકોષી જીવ "અમીબા" હલનચલનવાળા સજીવ સૃષ્ટિનું સર્જન કરે છે. અહીં પણ સમય જતાં તેમાંથી બહુકોષી પ્રાણીના જળચર પ્રાણીઓ પેદા થયા. વનસ્પતિમાંથી ઈયળ, અળસીયું, તીતીઘોડા, મધમાખી, પતંગિયું વગેરે બહુકોષી હવામાં ઉડાણ કરતા ખેચર પ્રાણીઓ, પક્ષીઓ પેદા થયા. વૃક્ષોની તૂટી અને પડી ગયેલી ડાળીના સડી ગયેલા લાકડામાં ઊધઈ, જૂ, કીડી મંકોડા વગેરે જમીન પર ફરનાર ભૂચર પ્રાણીઓમાંથી છેવટે વાંદરાનું સર્જન થાય છે.

બે હિંસક જનાવરો લડે છે ત્યારે બંને જનાવરો પાછલા પગે ઊભા રહીને અને આગળના પગના નખ વડે એકબીજા પર પ્રહાર કરે છે. તે ઉપરાંત ચાર પગે ચાલતા રીંછને બે પગે ઊભો થતા અને ચાલતા જતા, તે જોઈને વાંદરાઓમાંથી ચતુર અને સાહસી વાંદરાને ઊભા થવાની, પછી ચાલવાની અને દોડવાની તેની નકલ કરવાની પ્રેરણા થઈ. તેનો અમલ કરતા તેમના શરીરમાં ફેરફાર થાય છે. આ ફેરફારમાં ચહેરા મોટા અને ચપટા થયા અને મનુષ્યનો આકાર પામે છે. જ્યારે એકકોષીમાંથી બહુકોષી જીવનું સર્જન થાય છે ત્યારે સ્થિર અને હલનચલન ધરાવતા નર અને નારીનું પણ સર્જન થાય છે.

ઝાડ ઉપરથી જમીન પર ગુફામાં રહેવાની, ખોરાક શોધવાની, શરીરનું રક્ષણ કરવાની, શરીરને ચામડાથી ઢાંકવાની વગેરે કાર્યો કરવા મનુષ્યમાં કાળક્રમે બુદ્ધિ વિકસાવવાની કુદરતે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૧ ઉપર)

# હિમાલયના કેટલાક ભાગમાં પણ પાણી મળતું નથી

મનીષ જોષી "મૌન"

## *ફીટ @૫૦+ ટ્રાન્સ હિમાલયનું વુમન એક્સપેડીશન ટીમનો અનુભવ ગ્લોબલ વોર્મિંગની આલબેલ, ચેતવું જરૂરી છે*

પર્વતારોહક શબ્દ સાંભળતા એવરેસ્ટ આરોહણ કરનારી સર્વ પ્રથમ ભારતીય પર્વતારોહક બચેન્દ્રી પાલનું નામ યાદ આવે. જેમણે બી.એ., એમ.એ. બાદ ઉત્તર કાશીની નેહરુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરીંગમાં પર્વતારોહણનો પ્રાથમિક અને એડવાન્સ કોર્સ કર્યો હતો. બાદ એવરેસ્ટ, બ્લાન્ક, કૈલાસ શિખર, કામેટ, અબી ગામીન, ન્યુઝીલેન્ડમાં માઉન્ટ અર્નસ્લો અને માઉન્ટ એગીરસ પર સફળ આરોહણ કર્યું હતું. મુંબઈની હિમાલયન ક્લબ અને દાર્જીલિંગની હિમાલય માઉન્ટેનિયરીંગ ઇન્સ્ટિટ્યૂટનાં આજીવન સભ્ય એવા પાલ જમશેદપુરની ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિમિટેડના સાહસિક કાર્યક્રમોના વિભાગોમાં ડિવિઝનલ મેનેજરનો હોદ્દો ધરાવે છે. તેમની સાથે

ફીટ @૫૦+ટ્રાન્સ હિમાલયનું વુમન એક્સપેડીશન ટીમ પણ હિમાલયના કેટલાક ભાગને સર કરવા માટે સાત માસની યાત્રા કરી હતી. તેમના આ સાહસિક અનુભવોમાં એક વાત ખૂબ જ સ્પષ્ટ થઈ કે હિમાલયના કેટલાક વિસ્તારોમાં ૧૦,૦૦૦ ફીટ ઉપર પાણી મળતું નથી. ત્યારે પ્રશ્ન એ થાય કે જો ગ્લેશિયર પર પાણી ના મળે તો આપણી કેવી દશા થશે?

આ રોચક સાહસ કરનારી વડોદરાની એક મળી ગુજરાતની ત્રણ મહિલાઓના લીડર બચેન્દ્રી પાલ, (૨) ચેતના સાહુ, (૩) બીમલા નેગી, (૪) મેજર કૃષ્ણા દુબે, (૫) સુષ્મા બીસ્સા, (૬) અન્નપૂર્ણા એલ, (૭) પાયો મુર્મુ, (૮) સવિતા ધનપાલ, (૯) શ્યામલ પદ્મનભમ, (૧૦) વસુમતી શ્રીનિવાસન અને (૧૧) ગંગોત્રી સોનેજી (વડોદરા)નો સમાવેશ થાય છે. તેમની સાથે સપોર્ટર ટીમમાં (૧) મોહન રાવત, (૨) કૂક રણદેવ અને (૩) મેડમ ભાનુ મહંતો હતા.

તેઓએ હિમાલયન ટ્રેકિંગની શરૂઆત ભારતનાં જમ્મુ અને કાશ્મીર રાજ્યમાંથી બનેલા કેન્દ્રશાસિત પ્રદેશ લેહ લદ્દાખથી કરી હતી.

લેહ લદ્દાખનું સૌથી મોટું શહેર લેહ છે. લદ્દાખ ઉત્તરમાં કારાકોરમ અને દક્ષિણમાં હિમાલયનાં પર્વતો વચ્ચે આવેલું છે. લદ્દાખનો અર્થ "ઉંચા ઘાટોની ભૂમિ" પણ થાય છે. લદ્દાખ તેનાં પહાડી સૌંદર્ય અને સંસ્કૃતિ માટે જાણીતું છે. ત્યાંથી દક્ષિણ નેપાળ તરફ જતી વખતે હિમાલયની ૧૦,૦૦૦ ફીટની ઊંચાઈ પર ઘણી બધી જગ્યાએ પીવાનું પાણી મળ્યું ન હતું. તેથી પર્વતારોહણના કલાકો બાદ ત્રણ કલાક સુધી પાણી શોધવા માટે જવું પડતું. પછી જમવાનું બનાવવા માટેની વ્યવસ્થા થઈ શકતી.

આ વાત યુવાનોને શરમાવે તેવી સ્ફુર્તિ ધરાવતા વડોદરાના ગંગોત્રી સોનેજીએ મને કહી ત્યારે આશ્ચર્ય થયું.

અને વિચાર આવ્યો આપણી પાસે જેટલું પાણી છે તેને બચાવવાના બદલે વેડફીએ છીએ. એક નજર કરશો તો વૉશ માટે આપણે પાણીનો વેડફાટ કેટલો કરીએ છીએ? બિનજરૂરી પાણી વેડફનારાઓ જે ડાળ પર આપણે બેઠા છીએ તેને કાપનારા વ્યક્તિની ગણતરીમાં આવીએ. કારણ જો બરફના પહાડ પર પણ પાણી ન મળતું હોય તો આપણને કઈ રીતે મળશે? પ્રશ્નનો જવાબ વિકટ ભલે હોય પરંતુ રસ્તા મળે તેમ છે. કુવા, વાવ રીચાર્જ કરાવી, નદીનાળા સ્વચ્છ રાખી, વરસાદી પાણી વોટર હાર્વેસ્ટિંગ માધ્યમે જમીનમાં ઉતારી, પાણીનો મહદ્ અંશે ઓછો ઉપયોગ કરી, ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી, બાથરૂમમાં પાણીનો સદુપયોગ કરીએ.

તો કદાચ આપણે આવનારી પેઢી માટે અમુલા પાણીનો અમૂલ્ય ભંડાર મૂકી જઈ શકીશું.

- **સંવેદના :**

*કુદરતે માત્ર આનંદ આપ્યો છે,*
*દુઃખ એ આપણી શોધ છે.*

*વડોદરા.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*

## ગુજરાતી હાઈકુ

સંસાર ચક્ર
ઘટના સુખ, દુઃખની
જીંદગી મહીં.

માનવી ડરે
ધરતી ધણ ધણે
જીંદગી તણી.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*

# ખારાપાટ વઢિયાર પ્રદેશમાં મીઠી વીરડી : જીજ્ઞાબેન શેઠ

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

*ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।*
*પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્પુરુષઃ ॥*

ગીતાજીના અધ્યાય ૧૩ના શ્લોક-૨૨ અનુસાર, કોઈપણ વ્યક્તિ જ્ઞાન, કર્મ અને ભકિત દ્વારા ઉત્ક્રાંતિ સાધીને મહેશ્વર, મહાન આત્મા બની શકે છે. ગીતાજીની આ વિભાવનાને વઢિયાર વિસ્તારમાં શંખેશ્વર જિ. પાટણ નિવાસી કર્મયોગી જીજ્ઞાબેન શેઠે વાસ્તવમાં સાર્થક કરી છે. તેમણે 'જનમંગલ સેવા ટ્રસ્ટ'ની સ્થાપના કરી ત્યારે પરમાત્માના પ્રતિનિધિ પાર્શ્વનાથ ભગવાને ઉપદ્રષ્ટા, સાક્ષી બનીને આશીર્વાદ આપ્યા. યાત્રા આગળ વધતી ગઈ તેમ ઈશ્વર અનુમંતા તરીકે સંમતિ આપતા ગયા. પછી વણથંભી પ્રવૃત્તિઓના પોષણ માટે ભર્તા તરીકે અનેક દાતાઓના હૃદયમાં સંવેદના, પ્રેરણાની સરવાણી જગાડતા ગયા અને અંતે ધર્મનિષ્ઠ જીજ્ઞાબેન 'મહેશ્વર'નું બિરૂદ ધારણ કરી શકે તેવી ઊંચાઈએ પહોંચ્યા છે. એટલે જ આચાર્ય ભગવંત પૂ. વિજયઅભયદેવસૂરીજી લખે છે કે 'જીજ્ઞાબેને આ ખારાપાટ વિસ્તારમાં વંચિતોની વચ્ચે જઈને સેવા કરવાનો ભેખ ધારણ કર્યો છે.'

લોકસાહિત્યકાર લાભુદાન ગઢવીના શબ્દોમાં "જે ધરતી પર ડો. દ્વારકાદાસ જોષી, બાબુભાઈ શાહ અને મહેશભાઈ ભણસાલી જેવાએ સેવાયજ્ઞની જ્યોત પ્રગટાવી છે તેને જીજ્ઞાબેને અખંડપણે પ્રજવલિત રાખી છે."

- **કલ્યાણીની કર્મગાથા : પ્રકાશન**

*'વીર ધરા વઢિયારે રૂડા શંખેશ્વર સદ્‌ભાગી*
*પાર્શ્વપ્રભુની છાયામાં એક જ્યોત અનુપમ જાગી*

*– હેમરાજ ગઢવી*

જીજ્ઞાબેન ના જીવન અને કવનના તાણાંવાણાં ગૂંથીને યુવા લેખક શૈલેષ પંચાલે શબ્દબદ્ધ કરેલી કથા છે : 'કલ્યાણીની કર્મગાથા' પેઈજ - ૧૬૦, સહયોગ : બ્લેસગ્રુપ, હ્યુસ્ટન, અમેરિકા.

આ પ્રકાશનના આધારે જીજ્ઞાબેન જનમંગલ સેવા ટ્રસ્ટના કાર્યક્રમો પર દૃષ્ટિપાત કરતાં પૂર્વે તેમના હૃદયમાં દૈવી ગુણો કઈ રીતે આરોપિત થતાં ગયા તે તપાસી લઈએ. શંખેશ્વરમાં '૧૦૮ પાર્શ્વનાથ ભકિતવિહાર મહાપ્રસાદ' દેરાસર સમગ્ર ભારત અને વિદેશના જૈન ધર્મના અનુયાયીઓ માટે મહાતીર્થ ગણાય છે. આ પવિત્ર પર્યાવરણમાં તા. ૨૯-૩-૧૯૮૨ના રોજ જીજ્ઞાબેનનો જન્મ થયો. ૧૦ ધોરણ ભણેલા પિતાશ્રી ભરતભાઈ સૌ પ્રથમ શરૂ થયેલી ધર્મશાળા અને ભોજનાલયના મેનેજર, અત્યારે ટ્રસ્ટી. ૪૪ વર્ષ સુધી તેમણે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી. તેમની દીર્ઘદષ્ટિને પરિણામે દાતાઓનો વિશાળવર્ગ તૈયાર થયો. તેમના પત્ની સીમાબેન અન્નપૂર્ણાનો અવતાર. સેવાસંપન્ન માતા અને પિતાના સંસ્કાર, વારસો તેમને પ્રાપ્ત થયો. કિશોરાવસ્થાથી જીજ્ઞાબેનની વૃત્તિ સર્જનાત્મક. ૧૦મા ધોરણમાં વેકેશનમાં બ્યુટી પાર્લરનો કોર્સ સંપન્ન કર્યો. ૧૨મા ધોરણમાં સીવણકામ શીખી ગયા. વિરમગામ આર્ટસ કોલેજમાંથી બી.એસસી., હોમ સાયન્સ અને નાણાંવટી કોલેજ અમદાવાદથી એલએલ.બી.ની પદવી મેળવી. સંગીતકાર દિલીપભાઈ ભોજકના સુપુત્ર ભાસ્કરભાઈ તેમના જીવનસાથી થયા. દરેક કામમાં તેમનો ઉષ્માસભર સહકાર. સાસુમા જયોતિબહેને સીમાબેનના સ્વર્ગવાસ પછી મમ્મીનું સ્થાન ગ્રહણ કર્યું.

- **વિધાયક વિચારમાંથી વિકસિત વટવૃક્ષ : શિક્ષણ દ્વારા સ્વમાનભેર રોજગારી :**

જીજ્ઞાબેન કમ્પ્યુટરના નિષ્ણાત. તેમણે પોતાના વતનના યુવકો, યુવતીઓ માટે નજીવી ફીથી કમ્પ્યુટર શિક્ષણનો ૨૦૦૩માં પ્રારંભ કરેલો. એક દિવસ ગામડાની દરિદ્ર સ્ત્રી પોતાના દિકરાની ફી ભરવા માટે ૧૦-૧૦ રૂપિયાની બે નોટો લઈને આવી હતી. તે સ્ત્રીનો લાચાર અને વ્યથિત ચહેરો જોઈને તુરંત જીજ્ઞાબેને આ તાલીમ કાર્યક્રમ નિઃશુલ્ક કરવાનો નિર્ણય કર્યો. આજે ૨૨ વર્ષમાં દાતાઓની સહાયથી પ્રાપ્ત ૫૧ કમ્પ્યુટરને લીધે ૨૪૦૦૦ દીકરા-દીકરીઓએ સરકાર માન્ય તાલીમ મેળવી છે. જેના પરિણામે હજારો તાલીમાર્થીઓ વિવિધ ખાનગી અને સરકારી નોકરીઓમાં જોડાઈને સ્વમાની જીવન પસાર કરી રહયા છે.

જીજ્ઞાબેનનું મન જાદુઈ છે. જેમાં સતત વિધાયક વિચારોની આવન-જાવન થયા કરે છે. ફળસ્વરૂપ નિરક્ષર બહેનો માટે વિના મૂલ્ય સીવણકામની શરૂઆત કરી. ૧૫૦૦ બહેનો લાભાન્વિત થઈ છે. બ્યુટી પાર્લર તાલીમના પરિણામે અસંખ્ય બહેનો સ્વતંત્ર પાર્લર શરૂ કરવા સક્ષમ બની છે. જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ જી.ડી.એ.ના નર્સિંગ અંગેના અભ્યાસક્રમનો અદાણી ગ્રુપ સાથે અનુબંધ કર્યો છે. આ ગ્રુપે દીકરીઓને દત્તક લેવાની અને કોર્સ પૂરો થયા પછી તુરંત

નોકરી આપી દેવાની. સંસ્કાર બાલવિદ્યાલય દ્વારા અંગ્રેજી માધ્યમની શાળામાં પ્લે-ગ્રુપ થી કે.જી. – ૩ સુધી ૨૭૫ બાળકો નિઃશુલ્ક શિક્ષણ મેળવે છે.

તાજેતરમાં શરૂઆત થઈ છે એનીટાઈમ એજયુકેશનની. અહીં ૧ થી ૧૨ ધોરણના દરેક વિષય માટે ૧૮૦૦૦ ફાઈલો સાથેનું સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ગમે ત્યારે અહીં આવીને આ નવતર પ્રયોગનો લાભ લઈ શકે છે.

- **વંચિતોના ભગવાન :**

જીજ્ઞાબેનના શૈક્ષણિક યજ્ઞની સમાંતરે વિસ્તાર થયો છે અન્નદાનનો. અતિવૃષ્ટિના સમયે વાદી વસાહતમાં ચોમેર પાણી ભરાઈ ગયા હતા ત્યારે ૨૦૦ પરિવારને તેમણે ૧૧ દિવસ સુધી પ્રેમપૂર્વક જમાડયા. કોરોનાકાળમાં સામૂહિક ઉકાળો, ૧૦,૦૦૦ હોમિયોપેથિક ટેબ્લેટની વ્યવસ્થા કરી. ૩ માસ અન્નક્ષેત્રનું આયોજન કર્યું. તેઓ દરરોજ બપોર પછી આસપાસના ગામડાઓમાં જાય છે. અત્યંત નિર્ધન, ગરીબ, અંધકારમય જીવન જીવતા પરિવારોની તપાસ કરે છે. ઈશ ઉપનિષદના શ્લોક પ્રમાણે દરેકમાં ઈશ્વરનો વાસ છે તેમ સમજીને પોતે જાતે રાશનકીટ આપે છે. શિયાળામાં ધાબળાનું વિતરણ કરે છે. સગર્ભા બહેનો માટે પોષણયુક્ત લાડવા તૈયાર કરાવે છે. તહેવારોના દિવસોમાં અપાતી મીઠાઈના પેકેટોએ તેમને 'ભગવાન'ની ઉપમા આપી છે.

- **આનુષંગિક કાર્યો :**

***જનમંગલ સેવા ટ્રસ્ટની અન્ય પ્રવૃત્તિઓ છે...***

૧. બહેનો માટે ગૃહઉદ્યોગ : મહિલાઓ મોતી ભરેલા મોબાઈલ કવર, પર્સ, ખાખરા, સાબુ, હેર ઓઈલ જેવી વસ્તુઓ તૈયાર કરે છે. તેના વેચાણ માટે ગ્રામહાટની વ્યવસ્થા છે.

૨. રણકાંઠાના ગામોમાં બોર બગડી જાય ત્યારે પાણીના ટેન્કર પહોંચાડે છે.

૩. રેશનકાર્ડ, આયુષ્યમાનકાર્ડ, આધારકાર્ડ, જાતિ પ્રમાણપત્ર વગેરે તૈયાર કરાવી આપે છે.

૪. રણપ્રદેશમાં સોલર ફાનસ આપીને અગરિયાઓના ઘરમાં અજવાળાં પાથર્યા છે.

૫. પંખીઓ માટે ચબુતરા, ચકલીના માળા, કૂતરાઓ માટે ચાટ, બિમાર પશુઓને સારવારની સુવિધા દ્વારા તેમણે જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

૬. વિવિધ પ્રકારના રોગો માટે નિદાન-સારવાર શિબિરનું આયોજન કરે છે.

૭. ૫ લાખ વૃક્ષોના વાવેતર, સંવર્ધનનો શિવ સંકલ્પ લીધો છે.

૮. નવોદિત લેખકોને તેમના સાહિત્ય પ્રકાશન માટે સતત પ્રોત્સાહન પૂરું પાડે છે.

- **સમાપન :**

ગીતાજીના ૧૬મા અધ્યાયમાં જે દૈવી સંપત્તિ ધરાવતી વ્યકિતના ગુણો દર્શાવાયા છે, નિર્ભયતા, શુદ્ધતા, દૃઢતા, નમ્રતા, ઋજુતા, તેજ, દાન, દયા અને કરુણા – તે સૌ જીજ્ઞાબેનના જીવનમાં પ્રતિબિંબિત થાય છે. તેથી જ તેઓ થાઈલેન્ડની એક સંસ્થા સહિત ૪૫ પુરસ્કાર ઍવોર્ડથી સન્માનિત થયાં છે. સવારે ૫.૦૦ થી રાતના ૧૦.૦૦ સુધી સતત નિષ્કામભાવે સક્રિય રહી શક્યા છે, તેના મૂળમાં છે ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની અસીમ કૃપા, જૈન આચાર્યો, સાધુ-સંતોના આશીર્વાદ, આત્મા અને પરમાત્માની ભકિત, માતા–પિતા, સાસુ-સસરાનો સંસ્કાર વારસો અને જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ. તેમનો વહાલો દિકરો પાર્શ્વ નોંધે છે "મારા માટે મમ્મી સર્વસ્વ છે. તે જેટલું સમાજ માટે કામ કરે છે તેટલું જ ઘરમાં ધ્યાન આપે છે. વંચિતો માટે જે સમય ફાળવે છે એટલો જ સમય અમારા માટે આપે છે. તે કમ્પ્લીટ છે." એક વ્યકિત જો સમાજ માટે સમર્પિતભાવે પ્રવૃત્ત થાય તો તેના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે કેવા ગુણક પરિણામો પ્રાપ્ત થાય તેનું જીવંત ઉદાહરણ છે જીજ્ઞાબેન.

***વિશેષ માહિતી માટે તેમનો સંપર્ક :***
***મો : ૮૩૨૦૧ ૧૮૬૮૬.***

***ડી-૨૦૪, અભિષેક ઍન્ટિલિયા,***
***સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે, પુનિત નગર,***
***ન્યુ સમા રોડ, વડોદરા – ૩૯૦ ૦૨૪.***
***મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

## ઘર ઘરની વાતો...

**(અનુસંધાન : પાના નં. – ૬૦ ઉપરથી ચાલુ)**

ઘરમાં સ્વર્ગ ઉભું કરવું હોય અને જાતે પણ સુખી થવું હોય તો ઘરના બધા સભ્યોએ ઘરના કામની સાથે સાથે જ બહારનું કામ કરવું જોઈએ. એવી ટેવ પાડવી જ રહી. એટલે કે ઘરકામ, રસોઈકામ અને બહારનો વ્યવસાય-નોકરી બંને સાથે જ કરવા રહ્યા. તો જ પરિવાર અને પરિવારના બધા સભ્યો સુખી બનશે.

ડીવિઝન ઓફ લેબરનો સિદ્ધાંતનો અમલ ઘરથી જ શરૂ કરવો જોઈએ. પ્રયાસ કરી જુઓ અને આ પ્રયોગના ફાયદા અમને અવશ્ય લખી મોકલશો. પરિવારમાં ડીવિઝન ઓફ લેબર ખૂબ જ જરૂરી છે. ■

# ઘર ઘરની વાતો...

ચૌલા કુરૂવા

***આજના સમાજની અને ઘર ઘરની થોડી વાતો કરીએ.. ઘર કોણ ચલાવશે? સ્ત્રી કે પુરૂષ?***

પુરૂષ કમાતો આવ્યો છે એટલે કે ઘરના ખર્ચા અને વહીવટ કરવાની તેની જવાબદારી રહેલી છે. જોકે આજે તો સ્ત્રીઓ પણ કમાય છે અને પુરૂષને ઘરના ખર્ચા સરભર કરવામાં મદદરૂપ થાય છે.

મોટાભાગે ઘરની જવાબદારી એટલે કે ઘરકામની, બાળકોને ઉછેરવાની જવાબદારી સ્ત્રીઓના શિરે છે. મહદઅંશે આમ જોવા મળે છે.

જોકે ઘણા ઘરોમાં આ જવાબદારી પણ પુરૂષો સંપૂર્ણપણે કે થોડી ઘણી અદા કરે છે. ક્યાંક શોખથી, તો ક્યાંક મજબૂરીથી, તો વળી ક્યાંક પ્રેમથી.

સમયે કરવટ લીધી છે, એટલેકે જમાનો બદલાયો છે. હાલ વેસ્ટર્ન કલ્ચરનો વાવડ છે. ન્યુક્લિયર ફેમિલીઓ વધતી જાય છે. સંયુક્ત કુટુંબ પ્રથા લગભગ તૂટી ગઈ છે. કારણ નોકરી ધંધો હોય કે મોટા શહેરમાં કોઈ ને કોઈ કારણે કરવું પડેલું સ્થળાંતર હોય.

પરિવારમાં બનતા બનાવો ઘરના બધા સભ્યોને અસર કરે છે. પરિવારમાં જો કોઈ એકાદ વ્યક્તિ બીમાર પડી જાય તો ઘરના બધા સભ્યોને હેરાન પરેશાન કરી નાખે છે.

આજે સ્ત્રી બહાર કામ કરી રહી છે. કમાવા જાય છે, અભ્યાસ કરે છે, જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરી રહી છે. ગમે તેટલું સ્ત્રી બહાર કામ કરે કે હરે ફરે આખરે ઘરમાં તો તેને કામ કરવું જ પડે છે. ઘરમાં તેની જવાબદારી પતિ અને બાળકોની રહેતી જ હોય છે. અને સ્ત્રીઓ કેટલાક અપવાદો બાદ કરતા ઘરમાં પણ કામ કરે છે અને તેની જવાબદારી નિભાવે છે.

આમ સ્ત્રી અને પુરૂષ બંને બધા કામ કરતા હોય ત્યારે ઘરના કામમાં પણ બંનેએ એકબીજાને મદદરૂપ થવું જ જોઈએ. તે જ રીતે દીકરો અને દીકરી બંને અભ્યાસ કરતા હોય કે નોકરી કરતા હોય તો પણ દીકરા અને દીકરી બંનેએ ઘરકામ કરવું પડે.

હજુ પણ ઘરકામ છોકરીની ઉપર છે અને દીકરો વધારે કરતો નથી અથવા આવડતું નથી. કોઈએ ટેવ પાડી નથી કે તેને ફરજ પણ પાડી નથી.

જો પુરૂષો ઘરકામ કરે અને શીખે તો ફાયદો તેમને જ છે. દીકરો અને દીકરી બંને રસોઈકામ અને ઘરકામ શીખતા હોય ને આવડતું હોય તો માતાને તો મદદરૂપ થાય જ છે પણ સાથે સાથે તેમને પોતાને પણ મદદરૂપ બને છે. તેમજ ભવિષ્યમાં જયારે જરૂર પડે ત્યારે આખા પરિવારને મદદરૂપ બનતા હોય છે.

પુરૂષો માટે કે દીકરાઓ માટે રસોઈ કરવામાં કંઈ જ ખોટું નથી કે નાનમ પણ નથી અને ન જ હોવી જોઈએ.

અમેરિકામાં અને વિદેશોમાં તો પુરૂષો તમામ ઘરકામ અને રસોઈ સુદ્ધાં બનાવે છે અને બાળકોના ઉછેરની જવાબદારી પણ સમભાગે પત્ની સાથે નિભાવે છે.

હવેનો સમય છે કે સ્ત્રી અને પુરૂષ બંનેએ ઘરકામ અને રસોઈકામ શીખી લેવું પડે અને આ તેમના બંને માટે ફરજિયાત કર્તવ્ય છે. જો પુરૂષ પણ સ્ત્રીને ઘરના કામમાં અને રસોઈના કામમાં મદદરૂપ થાય તો ખરેખર ઘરમાં સ્વર્ગ ઉભું થઈ જાય. વળી માતા કે સ્ત્રીની માંદગી હોય કે માતા - પત્ની – સ્ત્રી બહાર ગઈ હોય તો પુરૂષને કે ઘરના કોઈ સભ્યને આનાથી તકલીફ પડતી નથી કારણ તે ઘરકામ અને રસોઈ જાણે છે અને ટેવાયેલા છે.

ટૂંકમાં ઘરકામ કરવું અને શીખવું કે રસોઈ કરવી અને શીખવી તે પુરૂષોના લાભમાં જ છે, પરીવારના હિતમાં પણ છે.

પુરૂષોને જો આ બધું ઘરકામ અને રસોઈ આવડતી હોય તો તે સ્ત્રી વગર ચલાવી શકે છે અને બહાર જમવાની જરૂર નથી પડતી. ઘરકામ અને રસોઈ જાણતા દીકરાઓ અને પુરૂષો ઘરમાં સ્ત્રીની માંદગીમાં પરિવારને ઉપયોગી થાય છે.

જે પરિવારોમાં સ્ત્રી બીમાર હોય તે પરિવારના પુરૂષો અને દીકરાઓ ઘરકામ કરવા અને રસોઈ કરવા ટેવાયેલા હોય તેમ જોવા મળે છે. તેમજ બળકોને ઉછેરતા પણ જોવા મળે છે.

અમેરિકા જતા અને વિદેશ જતા યુવાનો માટે ઘરકામની અને રસોઈની આવડત બહુ મોટા આશીર્વાદ સમાન નીવડે છે તેમજ મદદરૂપ પણ થાય છે. અમેરિકામાં અને વિદેશોમાં પુરૂષોએ આ બધાજ કામો કરવાની ટેવ પાડવી પડે છે.

તો આજથી જ ઘરકામ અને રસોઈકામ કરતા શીખવા માંડો.... એ પરિવારના હિતમાં અને તમારા પોતાના હિતમાં પણ છે.

મોટી ઉંમરે નસીબજોગે એકલા પડી જતા પુરૂષો માટે ઘરકામની અને રસોઈકામની આવડત બહુ મોટી રાહત આપે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૯ ઉપર)**

# ઝેરી કમળો (Hepatitis B)

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

આ લીવરનો ચેપ છે જે હીપેટાઈટીસ B Virus (HBV) દ્વારા થાય છે. તે ટૂંકા સમય માટે હોય છે અને લાંબા સમય માટે પણ લીવરનો ચેપ હોય છે. આ ચેપ કેટલો મોટો છે?

લીવરના ચેપનો રોગ દુનિયામાં એક નંબરનો ચેપ છે. WHO ના રીપોર્ટ પ્રમાણે ૨૫૪ મિલિયન લોકો આ વાઈરસ (Hepatitis B) સાથે જીવી રહ્યા છે. આના કારણે ઉપર જણાવ્યા પ્રમાણે ટૂંકા સમય / લાંબા સમય માટે લીવરનો રોગ થાય છે.

- **હીપેટાઈટીસ-બી ચેપના લક્ષણો :**

(૧) પેટમાં દુઃખાવો, ઉબકા, ઉલટી; (૨) થાક, તાવ, ભૂખ જતી રહેવી; (૩) પીળા રંગનો પેશાબ, પીળા રંગની આંખો; (૪) પીળા રંગની ચામડી જેને કમળો કહેવાય છે.

- **હીપેટાઈટીસ-બી થવાના કારણો :**

હીપેટાઈટીસ-બી વ્યક્તિના શરીરના રસો જેમાં આ વાઈરસ હોય જેમ કે લોહી, માસિક, મોઢાની લાળ, વીર્ય, વજાયનામાંથી ઝરતું પાણી તથા એમ્નિઓટીક પાણી.

- **આ કેવી રીતે થાય?**

(૧) સોય જે વ્યક્તિ હીપેટાઈટીસ-બી વાઈરસથી પીડાતો હોય, (૨) આ વાઈરસ ધરાવતી વ્યક્તિ સાથે શારીરિક સંબંધ, (૩) ઑપરેશનના સાધનો - આ વાઈરસ ધરાવતી વ્યક્તિમાં ઉપયોગ થનાર સાધનો.

- **હીપેટાઈટીસ-બી થવાના કારણો :**

૧. **અસુરક્ષિત શારીરિક સંબંધ :** જેઓ આ વાઈરસ ધરાવે છે તેઓના વીર્ય, લાળ, વજાઈનલ સ્ત્રાવમાં વાઈરસ હોવાની પૂરેપૂરી શક્યતા છે.

૨. **અસુરક્ષિત સોય તથા સીરીન્જ :** આમાં આ વાઈરસનો જથ્થો હોય છે જે તમારા શરીરમાં સીધે સીધો પ્રવેશ કરે છે જેના કારણે.

૩. **હેલ્થ કેર વર્કર :** જેઓ સીધી રીતે મનુષ્યના શરીરના લોહી સાથે સંપર્ક ધરાવે છે.

૪. **અસુરક્ષિત બ્લડ ટ્રાન્ફ્યુઝન :** જે લોહીમાં આ વાઈરસ હોય તે બીજાના શરીરના લોહીમાં, બ્લડ ટ્રાન્ફ્યુઝન દ્વારા આસાનીથી જઈ શકે છે.

૫. **પ્રસૂતા મહિલા - પોતાના નવા બાળકને :** આ મહિલા તેના આવનાર નવા બાળકને પ્રસૂતિ સમયે વાઈરસનું ટ્રાન્સમિશન કરે છે. તે રીતે બ્રેસ્ટ ફિડીંગ પણ આ વાઈરસ ફેલાવવા જવાબદાર છે.

૬. **ઇમરજન્સીમાં કરવામાં આવતા ઓપરેશનો :** અકસ્માત, હૃદયરોગની સારવાર, હાડકા તથા પેટના ઈમરજન્સી ઑપરેશનો – આમાં કોઈ વ્યક્તિ HbSAg +ve હોય તો અસુરક્ષિત સાધનો દ્વારા આ વાઈરસ લોહી દ્વારા બીજાના શરીરમાં પ્રવેશી શકે છે.

૭. **ડાયાલિસિસ સારવાર હીપેટાઈટીસ દ્વારા થતી લીવર ઉપર અસરો :** આ બે પ્રકારની છે : (૧) અચાનક કમળાના ચિન્હો (Acute HBV ચેપ), (૨) ધીમે ધીમે લીવર પર અસરો (Chronic HBV ચેપ).

- **અચાનક કમળાના ચિન્હો :**

❖ આ છ મહિનાની અંદર દેખાવા લાગે છે. જેમાં ખોરાક પ્રત્યે અરૂચિ, ઉબકા, ઉલટી, તાવ, પેટનો દુઃખાવો.

❖ આ ચેપ લોહીની તપાસ – લીવરના ટેસ્ટ (LFT) તથા HbSAg ની તપાસ દ્વારા ખબર પડી શકે છે.

❖ આ ચેપ આપણી રોગ પ્રતિકારક શક્તિ દ્વારા છ મહિનામાં વાઈરસ લોડ ક્લિયર કરી શકે છે.

❖ થોડા મહિનામાં લીવર ઉપરનો સોજો ઉતરી જવાથી કમળો પણ જતો રહે છે ને વ્યક્તિ તંદુરસ્ત જીવન ફરીથી જીવી શકે છે.

- **ધીમે ધીમે લીવર પર થતી અસર (Chronic HBV = ચેપ)**

❖ આ વાઈરસ લોહીમાં છ મહિનાથી વધુ રહે તો શરીરની રોગ પ્રતિકારક શક્તિ ચેપ સામે લડી શકતી નથી.

❖ જુવાન માણસમાં આ વાઈરસ આવી જાય તો તે શરીરમાં વધારે સમય રહે છે – મોટે ભાગે જીવનભર.

❖ આ વાઈરસ જ્યારે Chronic બની જાય ત્યારે કોઈ લક્ષણો, ચિન્હો હોતા નથી પરંતુ ધીમે ધીમે તેના દ્વારા લીવર ઉપર આડઅસરો ઊભી કરે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૪ ઉપર)

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

# ફીટની બીમારી – એપિલેપ્સી : ભાગ-૨

ફીટની બીમારીમાં અચાનક, ઓચિંતો ફીટનો હુમલો આવે છે જેમાં વ્યક્તિ બેશુધ્ધ થઈ જાય છે કે અર્ધજાગૃત અવસ્થામાં આવે છે. થોડા સમય બાદ (મોટા ભાગના દર્દીઓ ૩૦ મિનિટથી ઓછા સમયમાં) વ્યક્તિ શુદ્ધિમાં આવી જાય છે. આ હુમલો અચાનક ગમે ત્યાં થાય છે તથા અચાનક પૂરો થઈ જાય છે – કાંઈપણ કર્યા વગર. આ સમય દરમિયાને વ્યક્તિને શું થયું હતું કાંઈપણ યાદ રહેતું નથી. હુમલા બાદ શુદ્ધિમાં આવ્યા બાદનું તથા હુમલો આવ્યો એ પહેલાનું સામાન્ય રીતે યાદ રહે છે.

ફીટની બીમારીમાં બ્રેઈનના ક્ષતિગ્રસ્ત ન્યુરોનથી પેથોલોજીકલ ઈલેક્ટ્રીકલ સંદેશાઓ અનિયમિત રીતે પેદા થાય છે અને બ્રેઈનના અન્ય ન્યુરોનમાં આ પેથોલોજીકલ સંદેશાઓ પહોંચે છે. બ્રેઈનના જે ભાગમાં પેથોલોજીકલ સંદેશાઓ ઉત્પન્ન થાય છે તથા બ્રેઈનના જે ભાગમાં ફેલાય છે તે પ્રમાણેના લક્ષણો હુમલા વખતે જોવા મળે છે.

વ્યક્તિગત દર્દીમાં ફીટના હુમલાઓમાં એક સરખા લક્ષણો જોવા મળે છે. હુમલાની શરૂઆતથી તે અંત સુધી એકસરખા એ જ પ્રકારના લક્ષણો જોવા મળે છે.

- **ફીટની બીમારીના લક્ષણો :**

ફીટની બીમારીના લક્ષણો નીચે પ્રમાણે જોવા મળે છે :

૧. થોડોક સમય માટે (સામાન્ય રીતે ૩૦ મિનિટથી ઓછો સમય) બેશુદ્ધપણું કે અર્ધચેતના.

૨. સ્નાયુઓમાં ઝટકા, સ્નાયુઓ ઢીલા - લુઝ થઈ જવા.

૩. એકીટસે એક જગ્યાએ મટકું માર્યા વગર જોયા કરવું.

૪. થોડા સમય માટે વ્યક્તિને સમજ ન પડે કે શું થઈ રહ્યું છે. ઓચિંતી વાતચીત બંધ કરી દે, સામેની વ્યક્તિને પ્રતિભાવ, પ્રતિક્રિયા ન આપે.

૫. કોઈપણ કારણ કે ઉત્તેજના સિવાય વિશિષ્ટ ઈન્દ્રિયોમાં સંવેદના થાય (નાક, જીભ, આંખ, કાન, ત્વચા), દુર્ગંધ આવે, સ્વાદ આવે, વિવિધ કલરની લાઈટ દેખાય, અવાજો સંભળાય, હાથ પગ પર જીવજંતુ ચાલતા હોય એવો ભાસ થાય.

૬. હોઠ ફફડાવવા, ખોરાક ન હોવા છતાં ચાવવાની ક્રિયા, હાથ ઘસવા, પગ આગળ પાછળ હલાવવો.

૭. માનસિક લક્ષણો : ડર લાગવો, પેનિક, હાલની પરિસ્થિતિ પહેલા પણ અનુભવી છે એવી સંવેદના થવી.

આ બધામાંથી (૧) બે-ત્રણ કે એક જ લક્ષણ જોવા મળે. મહત્ત્વનું છે કે (૨) એક જ પ્રકારવા લક્ષણો વારંવાર થાય, (૩) લક્ષણો મોટાભાગના કિસ્સાઓમાં ૩૦ મિનિટથી વધારે ન ચાલે, (૪) હુમલાઓ યાદ બિલકુલ ન રહે અથવા કાંઈક થયું હતું પરંતુ શું થયું હતું એ યાદ ન રહે.

- **ફીટના પ્રકાર / વર્ગીકરણ :**

ફીટને લક્ષણો પરથી બે મુખ્ય પ્રકાર / વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

### ૧. ફોકલ ઓનસેટ સીઝર (નાની ફીટ) :

પેથોલોજીકલ ઈલેક્ટ્રીક સંદેશાઓ બ્રેઈનના ક્ષતિગ્રસ્ત ન્યુરોનમાંથી નાના ભાગ પૂરતા મર્યાદિત રહે છે, આગળ વધતા નથી. સંદેશાઓનો બીજા લોબમાં ફેલાવો થતો નથી. વ્યક્તિ બેશુદ્ધ થતો નથી. આના બે ઉપપ્રકાર છે.

### ૧.૧ ફોકલ ઓનસેટ અવેર ફીટ : સિમ્પલ પાર્શિયલ સીઝર

દર્દી આ ફીટમાં જાગૃત અવસ્થામાં રહે છે. એને બધી જ ખબર પડે છે. પહેલા આ ફીટને સિમ્પલ પાર્શિયલ સીઝર કહેતા.

(અ) ઈન્દ્રિયોમાં સંવેદના – ગંધ, સ્વાદ, અવાજ, આંખ તથા ત્વચાના સંવેદનમાં ફેરફારો - દુર્ગંધ આવવી, અલગ સ્વાદ આવે, કલર લાઈટ દેખાયા કરે વગેરે.

(બ) સ્નાયુઓમાં ઝટકા આવે.

(ક) લાગણી / ભાવનાઓમાં સંવેદના - ડર, ભય, પેનિક વગેરે ભાસ થાય.

### ૧.૨ ફોકલ ઓનસેટ ઇમ્પેર્ડ અવેરનેસ ફીટ (કોમ્પ્લેક્સ પાર્શિયલ ફીટ)

આ ફીટમાં દર્દી અર્ધજાગૃત અવસ્થામાં રહે છે. ફીટ દરમિયાન આજુબાજુ શું થાય છે એની સમજ પડતી નથી. આંખો ખુલ્લી હોય છે પરંતુ ધ્યાન નથી હોતું. આપણા સવાલો એને સમજાતા નથી એટલે ઉત્તર પણ દર્દી આપી શકતો નથી.

(અ) એકીટસે મટકું માર્યા વગર જોયા કરવું.

(બ) વારંવાર આંખો ઉઘાડ - બંધ કરવી.

(ક) હોઠ ફફડાવ્યા કરવા.

### ૨. જનરલાઈઝ્ડ ઓનસેટ ફીટ

પેથોલોજીકલ ઈલેક્ટ્રીક સંદેશાઓ બ્રેઈનના નાના ભાગમાં મર્યાદિત ન રહેતા એક લોબમાંથી બીજા લોબમાં પ્રસરે છે. જેના લીધે દર્દી બેશુદ્ધ થાય છે. આ પ્રકારની ફીટના ઉપવિભાગો નીચે પ્રમાણે છે :

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૯ ઉપર)

# લઘુવાર્તા : નિવૃત્તિ

ધીરજલાલ ડી. તન્ના

પોતાના ગામથી સુખદેવભાઈ અને પુત્ર શશી બસમાં બેસી વડોદરા જતા હતા. ગામ પાસે ફાટક બંધ હોઈ બસ રોકાતા સામે નાસ્તાગૃહ જોઈ પિતાએ કહ્યુ, ચાલ બેટા આપણે પહેલા નાસ્તો કરી લઈએ ત્યારબાદ કોઈ રેસ્ટહાઉસ શોધીએ. આમ કહી બસમાંથી ઉતરી સામેનાં નાસ્તાગૃહમાં પ્રવેશ્યા.

બન્નેએ નાસ્તો કરી લીધા બાદ કાઉન્ટર પર પેમેન્ટ ચૂકતે કરવા જતા હિસાબનીશે કહ્યુ, તમારા પૈસા આવી ગયા છે. આ શબ્દોથી સુખદેવભાઈને આશ્ચર્ય થતાં પૂછ્યું, કોણે ચૂકવ્યા? સામે ખુરશી પર બેઠા છે એ ભાઈએ તમારું બીલ ચૂકવી દીધું છે. સુખદેવભાઈ પેલા ભાઈ પાસે ગયા અને પૂછ્યું, તમે અમારા નાસ્તાનાં પૈસા ચૂકવ્યા? તમે કોણ છો? જે અમો અજાણ્યા વ્યકિતના પૈસા વગર ઓળખાણે ચૂકવી દીધા?

ઓળખાણની જરૂરત જ કયાં છે! મેં તો મારી ફરજની રૂએ ચુકવ્યા છે. જવાબ સાંભળી સુખદેવભાઈ બોલ્યા, હું તમને ઓળખતો નથી, આપણે ક્યાંય મળેલ નથી, છતાંય દયા કરી નાસ્તાનાં પૈસા ચૂકવ્યા! આટલી રકમ ચૂકવી શકું એટલો તો હું કેપેબલ છું. અજાણી વ્યકિત સુખદેવભાઈનાં પગમાં પડી બોલ્યો, જુઓ સાહેબ મેં કોઈ દયા નથી ખાધી કે નથી ઉપકાર કર્યો; હું તમારો વિદ્યાર્થી શૈલેષ! સુખદેવભાઈને યાદ નહીં આવતા વિચારમાં પડી ગયા. એટલે શૈલેષ બોલ્યો, સાહેબ, હું શૈલો! આ શબ્દ સાંભળતાં જ સુખદેવભાઈને ભૂતકાળ યાદ આવી ગયો. ઓળખી જતાં બોલ્યા તમે અહિંયા કયાંથી?

સાહેબ, મારે તમને પૂછવાનું છે કે, તમે અહીં? સુખદેવભાઈએ જણાવ્યું, આ મારો પુત્ર શશી. એને વડોદરા મેડિકલ કોલેજમાં પ્રવેશ મળ્યો છે. એને કાલે હાજર થવાનું છે એટલે એને મૂકવા આવેલ છું. પણ હું અહીં આવવાનો હતો એ તમને ખબર હતી?

હું મારી ફેક્ટરીએ જતો હતો. ફાટક બંધ હતું અને તમને જોઈ જતાં ગાડી રોકી તમારી પાછળની ખુરશીએ બેસી ગયો. હવે સાહેબ, પહેલાં આપણે ઘરે જઈએ. ત્યાં બધી બીજી વાતો કરશું; આમ કહી તેમની બેગ ગાડીમાં રાખી તેમને બેસાડી ગાડી પરત ઘર બાજુ લઈ લીધી. રસ્તામાં શૈલેષે સાહેબને વિનંતી કરી કે, સાહેબ તમે મને ‘તમે’ કરીને ના બોલાવો. હું તમારો દીકરો જ છું. ‘તમે’ શબ્દ મને બહુ ભારી લાગે છે અને મને તમારાથી પરાયો કરી દે છે. આમ વાતો કરતા કરતા ઘરે આવ્યા. શૈલેષે પત્નીને સાહેબની ઓળખાણ કરાવી. શૈલેષની પત્ની સુખદેવભાઈને પગે લાગી. એ પણ સંસ્કારી શૈલેષની પત્ની હતી ને!

સુખદેવભાઈ ફ્રેશ થઈ જમવા બેસતા શૈલેષ બોલ્યો, સાહેબ, મેડિકલ કોલેજનાં પ્રિન્સિપાલ નરોના સાહેબ આપણા જાણીતા છે. બીજા દિવસે સુખદેવભાઈ સાથે શૈલેષ પણ કોલેજે ગયો અને બધા સાથે ઓળખાણ અને ભલામણ કરી દીધી, જેથી શશીને કોઈ અજાણ્યું ના લાગે. ઘરે આવી સુખદેવભાઈને શૈલેષે રોકી દીધા.

સાહેબ અને શૈલેષ જુદા પડ્યા બાદની સફર એકબીજાએ શૅર કરી. શૈલેષે એ નોંધ કરી કે, સાહેબ આખી જિંદગી સ્વાભિમાનથી અને પ્રમાણિકતાથી નોકરી કરી નિવૃત્ત થયા છે. દીકરાને ભણાવવાનાં ખર્ચમાં કશી બચત કરેલ નથી. તેમજ સ્વમાનના ભોગે કોઈની તાબેદારી સહન ના કરી શકે એટલે પેન્શન સિવાય આવક નહીં હોવાથી અને શશીનાં ભણવાના ખર્ચને પહોંચી વળવામાં સાહેબને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડશે. એણે મનોમન કંઈક નક્કી કરી લીધું.

બીજા દિવસે સુખદેવભાઈએ જવાની રજા માંગી ત્યારે શૈલેષે કહ્યું; સાહેબ, રવિવાર સુધી રોકાઈ જાવ. આપણી ફેક્ટરીનાં કર્મચારીઓનાં પરિવારનો મિલન સમારોહ અને જમણવાર છે. એમાં તમો હાજર રહેશો તો મને સારું લાગશે. આમ કહી સુખદેવભાઈને રોકી દીધા.

ફેક્ટરીના મધ્યસ્થ હૉલમાં તમામ ૧૫૦ કર્મચારીઓ તેમના પરિવાર સાથે હાજર હતા. હોલ ખીચોખીચ ભરાયેલ હતો. મંચ પર બોસ શૈલેષ, એમનો પરિવાર તેમજ અન્ય બે નવા ચહેરા જોઈ સભા માંહે અરસપરસ કુતૂહલથી ચર્ચા ચાલુ હતી. ત્યાં મંચ પરથી જાહેરાત થઈ કે આપણી ફેક્ટરીના માલિક શ્રી શૈલેષભાઈ આજના આ સમારંભ વિષે પોતાની વાણીનો લાભ આપણને આપે એવી વિનંતી કરું છું.

શૈલેષે પ્રથમ ફેક્ટરીનો અહેવાલ રજૂ કરી હાજર કર્મચારીઓનાં કંપનીની પ્રગતિમાં સહુનાં યોગદાનની પ્રશંસા કરી. વાતને આગળ વધારતા બોલ્યો, કોઈપણ પ્રગતિમાં કર્મચારીઓએ પોતાનામાં ચાર ગુણ વિકસાવવાનાં હોય છે : (૧) કાર્યપ્રણાલીનું જ્ઞાન, (૨) કાર્ય શકિત, (૩) કાર્યનિષ્ઠા અને (૪) કર્તવ્યપથ લાધવાનાં સંસ્કાર.

(૧) કાર્યપ્રણાલીનું જ્ઞાન આપણને શિક્ષણથી મળે છે,

પરંતુ એ અધૂરું હોય છે. એ જાતઅનુભવથી પૂર્ણ થાય છે. કાર્યમાં ઓતપ્રોત રહેવાથી જ્ઞાનમાં વૃધ્ધિ થાય અને નિપુણતા આવતી જાય છે. (૨) કાર્યશકિત મનુષ્યમાં હોય જ છે પણ એનો ઉપયોગ કરી જાણે એ સફળતા મેળવે છે. આનો ઉપયોગ સખત પરિશ્રમ માંગી લે છે. આપણી સામે શ્રમ કરીને આગળ આવેલ વ્યકિતઓનાં ઘણાં ઉદાહરણો છે, જેમ કે, રતન તાતા, ધીરૂભાઈ અંબાણી વગેરે. (૩) કાર્યનિષ્ઠાથી માનવીમાં કાર્યસમર્પણની ભાવના જાગે છે. એ એવું વિચારતો હોય છે કે, મને જે વેતન મળે છે એનાં પ્રમાણમાં હું એનું વળતર આપુ છું કે નહીં? હરહંમેશ આ સમીક્ષા કરનાર વ્યક્તિની પ્રગતિ અવશ્ય થાય છે. આ ત્રણ જ્ઞાન – ભણતર, પાઠશાળા અને ગણતર પાઠશાળામાંથી મેળવી શકીએ છીએ. કોર્સ પૂરો કરો, પરીક્ષા આપો, નોકરી મેળવો. પરંતુ નોકરી મેળવ્યા બાદ યશ અને નામ તો તમારા સંસ્કારથી મળે છે. આ સંસ્કારો તો સાચા ગુરૂએ શીખવેલ નીતિમતા, માનવધર્મ અને કર્તવ્યપથ પર ચાલવાનું તે છે. તે એમ્પ્લોયરમાંથી બોસ બનાવી શકે એવી તાકાત ધરાવે છે. આ તાકાત તમને સદ્‌ગુરૂ સમીપેથી મળે. જેનું તમને એક ઉદાહરણ આપું છું.

એક ગામમાં ધોરણ ૧૨ સુધીની શાળા. વેકેશન બાદ શાળા ખૂલતા પાસ થયેલ વિદ્યાર્થીઓ ઉપલા ધોરણમાં પ્રવેશ મેળવી ગયા. નવા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા હતા. હરએક કલાસમાં ટ્યુશન ફી અને કોશન મની ઉઘરાવાતી હતી. આ શાળામાં એક આદર્શવાદી ગણિત-વિજ્ઞાનનાં શિક્ષક. એમણે આ ફી ઉઘરાવી અને ટેબલનાં ખાનામાં મૂકેલ. છેલ્લો તાસ હોઈ પેલા શિક્ષક આ રકમ સાથે લઈ જવાનું ભૂલી જતાં બીજા દિવસે નિશાળે આવીને પહેલા આ રકમ લેવા માટે ટેબલનું ખાનું ખોલતા આ રકમ ગાયબ હતી. તેમણે આચાર્યને વાત કરી. નિશાળમાં જાહેરાત કરવામાં આવી, પરંતુ કોણે આ રકમ ઉઠાંતરી કરેલ તેનો નિષ્કર્ષ નીકળ્યો નહીં. ઉડતી વાતો આવતી હતી કે ૧૧મા ધોરણનાં એક વિદ્યાર્થીએ આ રકમ ચોરી કરી છે, પરંતુ પેલા શિક્ષકને આ વાત પર વિશ્વાસ બેસતો નહોતો; કારણ એ વિદ્યાર્થી હોશિયાર હતો. આવું નનમ કૃત્ય કરે એ માન્યામાં આવતું નહોતું. એ છોકરો ગરીબ હોઈ લાલચમાં કરેલ હોય આવું બને, આમ સમજી આ છોકરાને એકાંતમાં બોલાવી પોતાની રીતે પૂછપરછ કરી આ વાત પર પૂર્ણવિરામ મૂકી દીધું.

બીજા દિવસે સાહેબ નિશાળે આવી જાહેરાત કરી કે, ફીની રકમ હું ઘરે લઈ ગયેલ અને કબાટમાં મૂકી દીધેલ એ મારા મગજમાંથી નીકળી ગયેલ અને રકમ ગુમ થયાની જાહેરાત કરેલ. પરંતુ આજ સવારે મેં મારો કબાટ ખોલ્યો ત્યારે ત્યાંથી આ રકમ મળી ગયેલ એટલે મારી થયેલ ભૂલની સર્વે પાસે માફી માંગુ છું. આમ કહી સાહેબે નિશાળમાં આ રકમ જમા કરાવી દીધી. સાહેબે પોતાની ભૂલ સ્વીકારી માફી માંગતા આ વાત પર પડદો પડી ગયો. પરંતુ આ વાત પેલા છોકરાને ના જચી. એટલે સાંજના એ છોકરો સાહેબનાં ઘરે ગયો.

આ વાત પેલા છોકરાને કેમ વ્યાજબી ના લાગી! તેનું કારણ શું હતું! એ અનુમાન કોઈ કરી શકો છો? નહીં ને? તો સાંભળો, આ રકમની ચોરી પેલા છોકરાએ જ કરી હતી. એટલે ચોખવટ કરવા સાહેબના ઘરે ગયો અને પોતે કરેલ કૃત્યને સાહેબે પોતાની ભૂલમાં ખપાવી આવું કેમ કર્યું? એ જણાવતા સાહેબ બોલ્યા, જો બેટા, તે ચોરી કરી હતી એ તારી વાત પરથી મને પાકું થઈ ગયેલ. ઈશારા ઈશારામાં તે આ વાત મને જણાવી હતી. પણ આ ચોરી તે શા માટે કરી હતી? જણાવીશ? મોજશોખ માટે કે બીજું કોઈ કારણ? જી સાહેબ, અમે ગરીબ જરૂર છીએ પણ હરામની નીતિ ધરાવતા નથી.

તો પછી તું આટલો હોશિયાર અને તારે ચોરી કરવાનું કારણ શું?

સાહેબ, હું હોશિયાર છું એ વાત સાચી, પરંતુ આપણી નિશાળનાં અન્ય વિદ્યાર્થીઓ બાજુનાં શહેરમાં ટ્યુશન ક્લાસમાં જાય અને અમો આર્થિક રીતે કંગાળ હોઈ હું કલાસ જોઈન્ટ નહોતો કરી શકતો. મારા સપના આઈ.આઈ.ટી.માં જવાનાં હતા એટલે એના એક્સ્ટ્રા વર્ગો ભરવા પૈસાની જરૂરત હોઈ મેં આ ચોરી કરી હતી. પરંતુ સાહેબ, તમે મારા માટે ખોટું બોલી બધાની માફી માંગી એ ચિત્ર મારા મગજમાંથી નીકળતું નથી. સાહેબ, મારા માટે તમારે નીચું જોવાનું? તમારે સત્ય હકીકત કહી દેવાની જરૂર હતી. હું મારી જાતને કયારેય માફ નહીં કરી શકું. મેં ચોરી કરેલ રૂપિયા આ સાથે લઈ આવ્યો છું એ તમે સંભાળી લ્યો.

બેટા, તે બધું બોલી લીધું? તો હવે હું કહું એ સાંભળ. તે ચોરી કરી એ કૃત્ય ખોટું હતું, પરંતુ એની પાછળનો ઈરાદો નેક હતો એ તારી સાથેની તે દિવસની વાતથી મને ખાત્રી થઈ ગઈ હતી. ભણવા માટે તારો આટલો ઉત્સાહ જોઈ મને તારા પર ગર્વ છે. આ પૈસા તું તારી પાસે રાખ. પુસ્તકો લેવામાં તને ઉપયોગમાં આવશે. હવે તારી ચોરીની વાત છુપાવવા પાછળ કારણ હતું; જો આ વાત હું જાહેર કરું તો આખી જિંદગી તારા પર ચોરનું કલંક લાગી જાત. તારા જેવા હોશિયાર છોકરાની જિંદગી બરબાદ થઈ જાત. તારી આખી જિંદગી હજુ પડી છે. તને થયેલ ભૂલનો અહેસાસ એ જ ઘણું છે. તે તારી ભૂલ સ્વીકારી સુધરવાની વાત મને કરી એ મને બહુ ગમી. હવે એ બધું ભૂલી જા અને તારી પ્રગતિનું વિચાર. એમાં મારો તને પૂરો સહકાર હશે. ■

રહી ટ્યુશનની વાત તો હું સાયન્સ ટીચર છું. હું તને ભણાવીશ અને પ્રવિણ બનાવીશ. તારે ટ્યુશનનો એક પણ રૂપિયો ખર્ચવાની જરૂર નથી. આવતીકાલથી તારું ટયુશન ફીમાં હું કરીશ. તું આગળ વધે એ જ મારી શુભેચ્છા છે. આમ કહી એ છોકરાને હિંમત આપી. એ છોકરા માટે દિવસ રાત એક કરતા બન્નેની મહેનત રંગ લાવી. ધોરણ ૧૨માં ૯૯.૨૫ પર્સેન્ટાઈલ તેમજ બોર્ડમાં નંબર તેમજ મેઈન્સમાં રાષ્ટ્રીય કક્ષાએ રેન્કમાં નંબર આવતા એ છોકરાને આઈ.આઈ.ટી. કૉલેજમાં એડમિશન મળી ગયું. ભણવામાં કારકિર્દી સારી હોઈ કેમ્પસમાંથી જ મોટા પેકેજ સાથે ફોરેનની કંપની એમને અમેરિકા લઈ ગઈ.

પરદેશમાં નોકરી કરતી વેળાએ પણ આ છોકરો ગુરૂએ આપેલ સંસ્કાર નહોતો ભૂલ્યો. પોતાનાં જ્ઞાન અને આવડતનો લાભ પોતાનાં દેશને મળે એવી મહેચ્છા ધરાવતો હતો. એ અરસામાં ભારત સરકારે આત્મનિર્ભર અને સ્ટાર્ટઅપ પ્રોગ્રામો બહાર પાડતા નોકરીમાંથી રાજીનામું આપી એ દેશમાં આવતો રહ્યો. આ યોજનાનો લાભ લઈ નવી ફેકટરી ચાલુ કરી. અહીં આવ્યા બાદ ગુરૂને મળવા પોતાનાં ગામે ગયો, પરંતુ ગુરૂ તો ૧૦ વર્ષ પહેલા બદલી થતા બીજે જતાં રહેલ. ત્યાં તપાસ કરતા ત્યાંથી પણ બદલી થઈ ગયેલ હોઈ ભેટો ના થતાં હતાશ થયો. ગુરૂને યાદ કરી નવો બિઝનેસ ૫૦ ઍમ્પ્લોયથી ચાલુ કરેલ એ ગુરૂનાં આશિર્વાદથી તેમાં આજે ૧૫૦ કર્મચારીઓ કામ કરે છે.

બોસની વાત તમામ શ્રોતાગણ મંત્રમુગ્ધ થઈ એકચિતે સાંભળી રહ્યા હતાં. સંમોહિતામાં સર્વે ગરકાવ ગઈ ગયેલ. રોચક વાત પૂર્ણ થતાં એક મિનિટ સન્નાટો છવાયેલ રહ્યો. સંમોહિતામાંથી બહાર આવતા એક કર્મચારી ઉભો થઈ બોલ્યો, સાહેબ, આ અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવનાર ઉદ્યોગપતિની ધગશ અને મહેનતને ધન્ય છે; આપ એમને ઓળખતા હોય તો અમને દર્શન કરાવો તો અમે પણ એમાંથી પ્રેરણા લઈ શકીએ. એ કોણ છે? એમને બોલાવી અમોને માર્ગદર્શન આપે એવી ગોઠવણ કરાવી દો એવી વિનંતી છે. આ વાતને હાજર સભામાંથી એકી સાથે હકારાત્મક સૂર ઉઠ્યા.

શાંત થાવ... શાંત થાવ... હું તમોને એ ઉદ્યોગપતિ અને એ ગુરૂજી બન્નેનાં દર્શન કરાવીશ. જે ઉદ્યોગપતિનાં દર્શન કરવા તમો ઉત્સુક છો એ તો તમારી સન્મુખ જ ઉભેલ શૈલેષ સકસેના છે. આ નામ સાંભળતા જ શ્રોતાગણમાંથી કાન ફાડી નાખે એવા કરતાલથી તાળીઓનો ગડગડાટ ચાલુ થયો. થોડીવાર પછી આ સભામાંથી આવા કર્મઠ ગુરૂનાં દર્શનની માંગ ઊઠી. સભાને શાંત કરતા શૈલેષ બોલ્યો, એમનાં પણ તમોને દર્શન કરાવીશ.

પહેલા તમો એ જણાવો કે, આપણી કંપનીનું નામ શું છે? જવાબ આવ્યો "સુલભ." એટલે શૈલેષ બોલ્યો, આ નામનો શું અર્થ થાય એ ખ્યાલ આપને ના હોય પરંતુ આજે તમને આપણાં આ કારખાનાનાં નામનો હેતુ સમજાવું છું.

'સુ' એટલે સુખદેવભાઈ; 'લ' એટલે લક્ષ્મીકાંતભાઈ અને 'ભ' એટલે ભગદેવ. એ આ કંપનીનાં અસલી માલિક મારા ગુરૂજી સુખદેવભાઈ લક્ષ્મીકાંતભાઈ ભગદેવ જે મારી બાજુમાં બેઠા છે. આમ સાષ્ટાંગ દંડવત કરતા સભામાંથી હર એક વ્યકિત ઊભી થઈ ગુરૂજીને પગે લાગવા લાઈનમાં ઊભી ગયા.

અડધા કલાક બાદ શૈલેષે ફરીથી વાત કરી. અમારા સાહેબનાં પ્રતાપે હું ચોરને બદલે શાહુકાર બનેલ છું, નહિંતર હું આજ કઈ ગર્તામાં ધકેલાઈ ગયો હોત એ મને પણ ખબર નથી. સાહેબ પારસમણિ છે એમના સંસર્ગમાં આવવાથી કથીર પણ કંચન બને છે એનું જીવતું જાગતું ઉદાહરણ હું છું.

હાજર સર્વેએ સાહેબનાં સુરમાં સૂર મેળવ્યો.

તમો સર્વે મારા પરિવારજન સમ છો. સાહેબનાં આદર્શો અને શિક્ષા આપનાં સંતાનોમાં ઉતરે તો કેવું સારું! આ વિચાર સાથે કેટલા સહમત છો? હરએકે પોતાની સહમતિ આપી. એટલે શૈલેષ બોલ્યો, સાહેબનો નોકરીનો કાર્યકાળ પૂર્ણ થયેલ છે. સાહેબનો દીકરો અહીં મેડિકલ કોલેજમાં દાખલ થયેલ છે. સાહેબ અહીં રહી જાય તો તેમનો પુત્ર પણ સાથે રહી શકે અને તમારા બાળકોને સાહેબનાં જ્ઞાન અને સંસ્કારનો લાભ મળી શકે. આ વિચાર તમને કેવો લાગે છે? બદલામાં આપણે તેમની તમામ જોઈતી સુવિધાઓ પૂર્ણ કરશું. આ મારો વિચાર છે. તમોને મારો વિચાર કેમ લાગ્યો?

ઉત્તમ... અતિ ઉત્તમ... હાજર સર્વેએ ઊભા થઈ બન્ને હાથ હલાવી સહમતિ આપી.

આ ચર્ચા સાંભળી સુખદેવભાઈ પોતાની ખુરશીએ ઊભા થઈ બંને હાથ જોડી જવા દેવાની પરવાનગી માગવા લાગ્યા. મારે મારો નિવૃત્તિકાળ શાંતિથી મારા ગામમાં વિતાવવો છે. એટલે તમારી આ માંગણી હું સંતોષી શકું એમ નથી. માફ કરજો.

શૈલેષ બોલ્યો, સાહેબ, શિષ્યએ ગુરૂને દક્ષિણા આપવાની હોય છે. પરંતુ અમો ગુરૂ પાસે દક્ષિણા માંગીએ છીએ કે, અમોને આપનાં નિવૃત્તિકાળનાં સમયની દક્ષિણા આપો તો અમો આપનાં જીવનભર ઋણી રહેશું. આમેય ગુરૂ કદી નિવૃત થતાં નથી. એ જિંદગીનાં છેલ્લા શ્વાસ સુધી જ્ઞાનની આપ-લે વડે બંધાયેલા હોય છે એ શાશ્વત સત્ય છે.

પ્રેમ અને લાગણી ભલભલા ભૂપતિને પણ શરણે લઈ આવે છે અને આમાં પણ એવું જ થયું.

**કેશોદ**

**મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯**

# બારમી સદીના અંત ભાગથી ભારત પરના રાજ્યકર્તાઓ

- ૧૧૯૦ હિંદુ સમ્રાટ પૃથ્વીરાજ

*હિંદુ રાજ અહીંથી પૂરું...*

*આ પછી જે આવ્યા એ બધા લુંટારા હતા*

- ૧૧૯૩ મુહમ્મદ ઘોરી
- ૧૨૦૬ કુતુબુદ્દીન ઐબક
- ૧૨૧૦ અરમ શાહ
- ૧૨૧૧ ઈલતુત્મિશ
- ૧૨૩૬ રૂકનુદ્દીન ફિરોઝ શાહ
- ૧૨૩૬ રઝીયા સુલતાન
- ૧૨૪૦ મુઈઝુદ્દીન બહરામ શાહ
- ૧૨૪૨ અલ્લાઉદ્દીન મસૂદ શાહ
- ૧૨૪૬ નસીરુદ્દીન મેહમૂદ
- ૧૨૬૬ ગિયાસુદ્દીન બાલ્બન
- ૧૨૮૬ કાઈ ખુશરો
- ૧૨૮૭ મુઈઝુદ્દીન કૈકુબાદ
- ૧૨૯૦ શામુદ્દીન કોમર્સ

૧૨૯૦ ગુલામ વંશનો અંત

(રાજ્યકાળ : લગભગ ૯૭ વર્ષ)

### ખિલજી વંશ

- ૧૨૯૦ જલાલુદ્દીન ફિરોઝ ખિલજી
- ૧૨૯૬ અલાઉદ્દીન ખિલજી
- ૧૩૧૬ સહાબુદ્દીન ઓમર શાહ
- ૧૩૧૬ કુતુબુદ્દીન મુબારક શાહ
- ૧૩૨૦ નસીરૂદ્દીન ખુસરો શાહ

૧૩૨૦ ખિલજી વંશનો અંત

(રાજ્યકાળ : લગભગ ૩૦ વર્ષ)

### તુગલક વંશ

- ૧૩૨૦ ગિયાસુદ્દીન તુગલક
- ૧૩૨૫ મુહમ્મદ બિન તુગલક
- ૧૩૫૧ ફિરોઝ શાહ તુગલક
- ૧૩૮૮ ગિયાસુદ્દીન તુગલક
- ૧૩૮૯ અબુ બકર શાહ
- ૧૩૮૯ મુહમ્મદ તુગલક
- ૧૩૯૪ સિકંદર શાહ પ્રથમ
- ૧૩૯૪ નસીરુદ્દીન શાહ દુસરા
- ૧૩૯૫ નસરત શાહ
- ૧૩૯૯ નસીરુદ્દીન મુહમ્મદ શાહ
- ૧૪૧૩ દોલત શાહ

૧૪૧૪ તુગલક વંશનો અંત

(રાજ્યકાળ : લગભગ ૯૪ વર્ષ)

### સૈયદ વંશ

- ૧૪૧૪ ખિઝર ખાન
- ૧૪૨૧ મુઈઝુદ્દીન મુબારક શાહ II
- ૧૪૩૪ મુહમ્મદ શાહ IV
- ૧૪૪૫ અલ્લાઉદ્દીન આલમ શાહ
- ૧૪૫૧ સૈયદ વંશનો અંત

(રાજ્યકાળ : લગભગ ૩૭ વર્ષ)

### લોદી વંશ

- ૧૪૫૧ બહલોલ લોદી
- ૧૪૮૯ સિકંદર લોદી II
- ૧૫૧૭ ઈબ્રાહીમ લોદી

૧૫૨૬ લોદી વંશનો અંત

(રાજ્યકાળ : લગભગ ૭૫ વર્ષ)

### મુઘલ વંશ

- ૧૫૨૬ ઝહરુદ્દીન બાબર
- ૧૫૩૦ હુમાયુ

૧૫૩૯ મુઘલ વંશનો અંત

### સૂરી રાજવંશ

- ૧૫૩૯ શેરશાહ સૂરી
- ૧૫૪૫ ઈસ્લામ શાહ સૂરી
- ૧૫૫૨ મહમુદ શાહ સૂરી
- ૧૫૫૩ ઈબ્રાહીમ સૂરી
- ૧૫૫૪ ફિરુઝ શાહ સૂરી
- ૧૫૫૪ મુબારકખાન સૂરી
- ૧૫૫૫ સિકંદર સૂરી

સૂરી વંશનો અંત.

(શાસન : આશરે ૧૬ વર્ષ)

### મુઘલ વંશ ફરી શરૂ થયો

- ૧૫૫૫ હુમાયુ ફરી સિંહાસન પર
- ૧૫૫૬ જલાલુદ્દીન અકબર
- ૧૬૦૫ જહાંગીર સલીમ
- ૧૬૨૮ શાહજહાં
- ૧૬૫૯ ઔરંગઝેબ
- ૧૭૦૭ શાહ આલમ પ્રથમ
- ૧૭૧૨ જહાદર શાહ
- ૧૭૧૩ ફારુખસિયાર
- ૧૭૧૯ રાયફુદુ રજત
- ૧૭૧૯ રૈફુદ દૌલા
- ૧૭૧૯ નેકુશિયાર
- ૧૭૧૯ મહમુદ શાહ
- ૧૭૪૮ અહમદ શાહ
- ૧૭૫૪ આલમગીર
- ૧૭૫૯ શાહ આલમ
- ૧૮૦૬ અકબર શાહ
- ૧૮૩૭ બહાદુર શાહ ઝફર
- ૧૮૫૭ મુઘલ વંશનો અંત

(શાસનનો સમયગાળો : લગભગ ૩૧૫ વર્ષ)

### બ્રિટીશ રાજ (વાઈસરોય)

- ૧૮૫૮ લોર્ડ કેનિંગ
- ૧૮૬૨ લોર્ડ જેમ્સ બ્રુસ એલ્ગિન
- ૧૮૬૪ લોર્ડ જોન લોરેન્સ
- ૧૮૬૯ લોર્ડ રીચાર્ડ મેયો
- ૧૮૭૨ લોર્ડ નોર્થબુક
- ૧૮૭૬ લોર્ડ એડવર્ડ લેટેનલોર્ડ
- ૧૮૮૦ લોર્ડ જ્યોર્જ રીપન
- ૧૮૮૪ લોર્ડ ડફરીન
- ૧૮૮૮ લોર્ડ હની લેન્સડન
- ૧૮૯૪ લોર્ડ વિક્ટર બ્રુસ એલ્ગિન
- ૧૮૯૯ લોર્ડ જ્યોર્જ કર્ઝન
- ૧૯૦૫ લોર્ડ ટીવી ગિલ્બર્ટ મિન્ટો
- ૧૯૧૦ લોર્ડ ચાર્લ્સ હાર્ડિન્જ
- ૧૯૧૬ લોર્ડ ફ્રેડરીક સેલ્મ્સફોર્ડ
- ૧૯૨૧ લોર્ડ રૂક્સ આઈઝેક રાઈડીંગ
- ૧૯૨૬ લોર્ડ એડવર્ડ ઈરવિન
- ૧૯૩૧ લોર્ડ ફ્રીમેન વેલિંગ્ટન
- ૧૯૩૬ લોર્ડ એલેક્ઝાન્ડર લિનલિથગો
- ૧૯૪૩ લોર્ડ આર્ચીબાલ્ડ વેવેલ
- ૧૯૪૭ લોર્ડ માઉન્ટબેટન

(૯૦ વર્ષના અંગ્રેજી શાસનનો અંત)

### આઝાદ ભારત વડાપ્રધાન

- ૧૯૪૭ જવાહરલાલ નહેરૂ
- ૧૯૬૪ ગુલઝારીલાલ નંદા
- ૧૯૬૪ લાલ બહાદુર શાસ્ત્રી
- ૧૯૬૬ ગુલઝારીલાલ નંદા
- ૧૯૬૬ ઈંદિરા ગાંધી
- ૧૯૭૭ મોરારજી દેસાઈ
- ૧૯૭૯ ચૌધરી ચરણસિંહ
- ૧૯૮૦ ઈંદિરા ગાંધી
- ૧૯૮૪ રાજીવ ગાંધી
- ૧૯૮૯ વિશ્વનાથ પ્રતાપસિંહ
- ૧૯૯૦ ચંદ્રશેખર
- ૧૯૯૧ પી.વી. નરસિંમ્હારાવ
- અટલબિહારી વાજપેયી
- ૧૯૯૬ એચ.ડી. દેવગૌડા
- ૧૯૯૭ આઈ. કે. ગુજરાલ
- ૧૯૯૮ અટલબિહારી વાજપેયી
- ૨૦૦૪ ડૉ. મનમોહન સિંહ
- ૨૦૧૪થી નરેન્દ્ર મોદી

૭૬૪ વર્ષ પછી વિદેશી અને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી. ભારત પર લગભગ ૮૦૦ વર્ષ સુધી મુસ્લિમો દ્વારા શાસન કરવામાં આવ્યું. વર્ષોના સંઘર્ષના પરિણામે આ રાષ્ટ્ર આજે પણ એક રાષ્ટ્ર તરીકે ટકી રહ્યું છે. ■

### કચ્છી હાઈકુ

આંચકા અચે
મન ગભરાજેતો
જીયણ લાય!

ધિલજી ગાલ
કીંતરો યાધ અચે
ઈ કીંક ચેતો!

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૯-૧૧-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ કાર્યક્રમની તસવીરી ઝલક



જન્મ દિવસની કેક કાપતા શ્રી સેવંતીલાલ સંઘવી



જન્મ દિવસની કેક કાપતા શ્રી મહેન્દ્ર શાહ



જન્મ દિવસની ઉજવણી કરતા શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી વસુમતીબેન હરિયા અને શ્રી પ્રવીણભાઈ હરિયા



જન્મ દિવસની કેક કાપતા શ્રી દિનેશભાઈ પ્રેમચંદ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રી વિનોદ કનકલાલ દોશી



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી શોભનાબેન મુકેશ મહેતા



જન્મ દિવસની કેક કાપતા શ્રી હરખચંદ પોલડિયા

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૦-૧૨-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ કાર્યક્રમની તસવીરી ઝલક




તારા સંસ્થાનના પ્રતિનિધિઓ સાથે વયસ્ક સમિતિના સભ્યો



કવિઝ રમાડતા શ્રી મહેન્દ્રભાઈ મહેતા



ક્વિઝના જવાબ આપતા વડીલો



જન્મ દિવસની કેક કાપતા શ્રી મધુકર વસા



જન્મ દિવસની કેક કાપતા શ્રી નીતેન વસા



જન્મ દિવસની કેક કાપતા શ્રી પ્રભુલાલ સંઘવી




જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી હાસ્યલતા દિનેશભાઈ મહેતા



કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલો

Since 1985

INDOTEX PAINTS

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

With Best Compliments From

Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

• શુભેચ્છા સહ •



# પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

## ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.

મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Speed up ur Business



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**